જીએસટીનો અમલ મોટી સિદ્ધિ છે. તેમાંય ખાસ કરીને તેની આવકમાં થઈ રહેલી વૃદ્ધિ બીજી મોટી સિદ્ધિ છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ માટે સરકાર દ્વારા ઊભું કરવામાં આવેલું આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અદભૂત છે. જીએસટીનું પોર્ટલ સલામત છે. પોર્ટલ પરથી ઈ-વે બિલ, ઈ-ઇન્વોઈસ જનરેટ કરવાની કામગીરી અત્યંત સરળ છે. આ ડિપાર્ટમેન્ટની મોટામાં મોટી સફળતા છે. આ આઈ.ટી. નેટવર્કની સંગીનતાને કારણે જ સ્ક્રૂટિની માટે પસંદ કરવામાં આવતા કેસની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. આ બતાવે છે કે ટ્રેડર્સ ડિલર અને પ્રોફેશનલ દ્વારા કરવામાં આવી રહેલા સેલ્ફ એસેસમેન્ટને બહુધા સ્વીકારવામાં આવી રહ્યા છે. ઓટોમેટિક રિફંડ આપવાની સિસ્ટમ એ ભારતની જીએસટી સિસ્ટમની મોટામાં મોટી સફળતા છે. નિકાસકારોને કોઈપણ માનવીય દખલ વિના રીફંડ આપી દેવામાં આવી રહ્યા છે. ટેક્સ ઓથોરિટી આપોઆપ જ રીફંડ આપી દે તેવું કોઈ ક્યારેય વિચારી શકતું નથી. પરંતુ જીએસટીમાં તે શક્ય બન્યું છે. ગુડ્સની નિકાસ કરી હોય અને તમામ નિયમોનું પાલન કર્યું હશે તો તેમને કોઈપણ જાતના અવરોધ વિના આપોઆપ જ રીફંડ મળી જશે.

પરંતુ મેન્યુઅલ રીફંડ આપવાની સિસ્ટમ તેટલી જ નબળી હોવાનું જણાવતા જીએસટી કોન્ક્લેવમાં બોલતા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની ઈન્ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન નયન શેઠે જણાવ્યું હતું કે તેમાં તુમારશાહી અપાર છે. આ સ્થિતિને સુધારવા માટે વધુ અસરકારક અભિગમ અપનાવવો જરૂરી બની ગયો છે. કમિશનર સાહેબ, સીજીએસટીમાં મેન્યુઅલ રીફંડ મેળવવામાં અમે મોટી સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ. રીફંડની બાબતમાં જૂની માનસિકતામાંથી હજી આપણે બહાર આવ્યા નથી. સેન્ટ્રલ જીએસટીના અમદાવાદ અને ગુજરાતના અધિકારીઓ વેપારીઓના જીએસટીના રીફંડ મેળવવામાં ભયંકર તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં સુધારો લાવવો અનિવાર્ય બની ગયો છે. જીએસટીના ટોચના અધિકારીઓએ મેન્યુઅલ રીફંડ પણ ઝડપથી ઈશ્યૂ થઈ જાય તેની તકેદારી રાખવી જરૂરી છે. રીફંડની પ્રક્રિયાનું ટોચના સીજીએસટી અધિકારીઓ મોનિટર કરે તે જરૂરી છે. તેમ નહિ થાય તો ગુજરાતમાં રીફંડની સમસ્યા કાયમી જ રહેશે.

હા, જીએસટીના રજિસ્ટ્રેશનની પણ મોટી સમસ્યા છે. ગુડ્સમાં રજિસ્ટ્રેશન કરાવવા માટેની પાયાની મર્યાદા રૂ. ૪૦



લાખની અને સર્વિસિમાં રૂ. ૨૦ લાખની છે. કલમ ૨૫(૧)માં જોગવાઈ કરવામાં આવેલી છે કે અરજદાર વેપારીનું ટર્નઓવર રૂ. ૪૦ લાખ કે રૂ. ૨૦ લાખની પાયાની મર્યાદાને ઓળંગી જાય એટલે તરત જ વેપારીએ રજિસ્ટ્રેશન માટેની અરજી કરી દેવાની હોય છે. આ અરજી કરવા માટે વેપારીને ૩૦ દિવસનો સમય આપવામાં આવે છે. આ રજિસ્ટ્રેશન કરાવવા માટેની અરજી કરનાર વેપારીઓની સમસ્યા અરજી કર્યા પછી રજિસ્ટ્રેશનની તારીખ નક્કી કરવાની સીજીએસટીના ડિપાર્ટમેન્ટની પદ્ધતિને કારણે ઊભી થાય છે. ઉદાહરણ આપીને વાત કરીએ. ગુડ્સના એક વેપારીનું રૂ. ૪૦ લાખનું ટર્નઓવર પહેલી જાન્યુઆરી ૨૦૨૫ના થઈ જાય છે.




તેથી તેને રજિસ્ટ્રેશન માટેની અરજી કરવાનો ૩૦ દિવસ મળે છે. પરંતુ વેપારીએ ૧૦મી જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે એટલે કે દસ જ દિવસમાં અરજી કરી દીધી છે. ડિપાર્ટમેન્ટને આ અરજીની પ્રક્રિયા કરવા માટે જોઈતો સમય લે છે. આ રજિસ્ટ્રેશન તે વેપારીને ૨૫મી ફેબ્રુઆરીએ આપી દે છે. ડિપાર્ટમેન્ટના વેપારીના જીએસટી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પર ૨૫મી ફેબ્રુઆરીની નાખવામાં આવે છે. આમ દોઢ મહિના પછીની તારીખ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પર નાખવામાં આવે છે. તેને કારણે વેપારીઓએ મોટી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. વચગાળામાં એટલે કે પહેલી જાન્યુઆરીથી ૨૪મી ફેબ્રુઆરી સુધીમાં કરેલા વેપારના વહેવાર પરનો જીએસટી તે વેપારી કઈ રીતે વસૂલી શકશે. તે કઈ રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકશે.સીજીએસટી એક્ટની કલમ ૪૦માં જણાવવામાં આવ્યું છે કે દરેક નોંધાયેલી વ્યક્તિએ જે તારીખે તે નોંધણી નંબર મેળવવા જવાબદાર હોય તે તારીખથી જે તારીખે તેને નોંધણી નંબર આપવામાં આવે તે સમયગાળાના તેના સપ્લાયનાં ટર્નઓવરને નોંધણી નંબર ફાળવ્યાં પછીનાં પ્રથમ પત્રકમાં સમાવી લેવાનો રહેશે. પરંતુ રજિસ્ટ્રેશન ડેટ અને અરજી વચ્ચેનો ગાળો ૪૫થી 55 દિવસનો છે. આમ ટનઓવરની મર્યાદા ઓળંગ્યાના તો ૫૫ દિવસ વીતી ગયા છે. આ ગાળામાં વેપારી જીએસટી કલેક્ટ કરવાની કે તેને માટેની ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવાની સત્તા ધરાવતો નથી. આમ સીજીએસટી એક્ટની જોગવાઈ હેઠળ વેપારીએ રજિસ્ટ્રેશનની અરજી કર્યા તારીખથી રજિસ્ટ્રેશન મળ્યા તારીખ વચ્ચેના ગાળામાં તેનો બિઝનેસ બંધ કરી દેવો પડે છે. આ યોગ્ય નથી. સેલ્સ ટેક્સ અને વેટના અમલીકરણના સમયમાં આ સ્થિતિ નહોતી. વેપારી જે દિવસે થ્રેસહોલ્ડ લિમિટ ક્રોસ કરે તે દિવસથી રજિસ્ટ્રેશન આપતા હતા. આ સિસ્ટમની સમસ્યા છે. પરંતુ સિસ્ટમ કોઈપણ વેપારીને બિઝનેસ કરતો રોકી શકતી નથી. આ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે. કારણ કે સીજીએસટી

**એચએસએન કોડમાં આપેલી ગુડ્સની વ્યાખ્યા અને જીએસટીના કાયદા કે નિયમમાં કરવામાં આવેલી વ્યાખ્યા વિરોધાભાસી હોવાથી અને મેળ ન ખાતી હોવાથી થતાં વિવાદો દૂર કરવા તેમાં સુધારો કરવો જરૂરી**

**મૃત્યુ, માંદગી અને પારિવારિક આફત સહિતના જેન્યુઇન કિસ્સાઓમાં ડિલે કોન્ડોન કરવાની સત્તા આપીને વેપારીઓને અપીલમાં જવાની તક કરી આપવી જરૂરી**

**વેપારી વિલફૂલ ડિફોલ્ટર, ફ્રોડ કરનાર અને હકીકતને છુપાવનાર હોવાનું માની લઈને કલમ 74 લાગુ કરવાના વધી રહેલા કિસ્સાઓને રોકવા પગલાં લેવા જરૂરી**

એક્ટની કલમ 25(3)માં જોગવાઈ કરવામાં આવેલી છે કે વેપારીઓ થ્રેસહોલ્ડ લિમિટ ક્રોસ ન કરી હોય તો પણ તે જીએસટી રજિસ્ટ્રેશન માટે અરજી કરી શકે છે. પરંતુ રજિસ્ટ્રેશન આપવામાં આવે તે તારીખથી જ તેને માન્ય ગણવામાં આવશે તો વેપારી વચ્ચેના ગાળામાં બિઝનેસ કરી શકશે જ નહિ. ડિપાર્ટમેન્ટે આ સમસ્યા ઉકેલવા માટે આંતરખોજ કરવી જરૂરી છે.

આ જ રીતે સીજીએસટી એક્ટની કલમ 74નો કરવામાં આવતો બેફામ ઉપયોગ પણ મોટી સમસ્યા જ છે. સેક્શન 74 અને 73 હેઠળ જીએસટી ભરવાની જવાબદારી નક્કી કરવામાં આવે છે. આ બે સેક્શનમાં થોડો તફાવત છે. વેપારીએ જીએસટીની ચોરી કરવાના બદઈરાદા સાથે બિઝનેસ કર્યો છે કે નહિ. ફ્રોડ, વિલફૂલ મીસસ્ટેટમેન્ટ અને સપ્રેશન ઓફ ફેક્ટ જેવા શબ્દસમુહને કારણે આ બે કલમો અલગ પડે છે. પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં સીજીએસટીના અધિકારીઓ વેપારી સામે કલમ 74 જ લગાડે છે. તેઓ કલમ 74 હેઠળ વેપારીઓને વધુ દંડ કરવાની ફરજ પાડવાની લાલચ સાથે કલમ 74 લગાવી રહ્યા છે. તેમ જ વધુ લાંબા સમયગાળાના વેપારીને હિસાબોની ચકાસણી કરવાની તેમને તક મળતી હોવાથી તેઓ કલમ 74 લગાડી રહ્યા છે. આ કલમ લગાડવાની જરૂર નથી. એક્સાઈઝ અને સર્વિસ ટેક્સના કાયદાના કાળમાં પણ આ રીતે કલમ લગાડવામાં આવતી નહોતી. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના સંખ્યાબંધ ચૂકાદાઓમાં આ અંગે સ્પષ્ટતા કરવામાં આવેલી છે. તેમણે વિલફૂલ મીસસ્ટેટમેન્ટ, ફ્રોડ અને સપ્રેશન ઓફ ફેક્ટ અંગે સ્પષ્ટતા કરેલી જ છે. કલમ 74-એ દાખલ કરવામાં આવેલી છે. તેમાં પણ બે સ્થિતિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ગુડ્સના ક્લાસિફિકેસનની સમસ્યાના કિસ્સામાં પણ ફ્રોડ કે સપ્રેશન ઓફ ફેક્ટ ન હોવા છતાં કલમ 74 લગાડવામાં આવી રહી છે. વેપારીએ 12 ટકા ટેક્સ લીધો છે, ડિપાર્ટમેન્ટ તેના પર 18 ટકા ટેક્સ લાગતો હોવાનું જણાવે છે. તેમાં ફ્રોડ કે સપ્રેસન ઓફ ફેક્ટ ન હોવા છતાં આ પ્રકારના કેસોમાં પણ કલમ 74 લાગુ કરવામાં આવી રહી છે. આ બાબત માટે માર્ગદર્શિકા બહાર પડવી જરૂરી છે.

હું કલમ 107 હેઠળ પ્રથમ અપીલ અને કલમ 112 હેઠળ બીજી અપીલ કરવાની સત્તા પ્રત્યે આપ સહુનું ધ્યાન દોરવા માગું છું. કલમ 107 હેઠળ અપીલ કરવા માટે 90 દિવસનો સમય આપવામાં આવે છે. કલમ 107ની પેટા કલમ 107(4)માં અપીલ અધિકારીને મહત્તમ એક મહિના માટે ડિલે કોન્ડોન કરવાની સત્તા આપે છે. આ જડ વ્યવસ્થાને કારણે ઘણાં અપીલ ફાઈલ કરવાથી

## સેન્ટ્રલ જીએસટીના અમદાવાદ અને ગુજરાતના અધિકારીઓ વેપારીઓના જીએસટીના રીફંડ મેળવવામાં ભયંકર તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે

વંચિત થઈ જાય છે. જેન્યુઈન કારણો હોય તો તેવા કિસ્સાઓમાં ડિલે કોન્ડન કરવાની છૂટ આપવી જોઈએ. ઘણી કોર્ટે આ વાતને ગ્રાહ્ય રાખી છે. મેડિકલ ઇમરજન્સી કે પછી સ્વજનના મૃત્યુને કારણે પણ અપીલ ફાઈલ કરવામાં વિલંબ થઈ જતો હોય છે. કાયદાની જડતાને કારણે સુપ્રીમ કોર્ટ પણ આ મુદ્દે કશું જ કરી શકતી નથી. તેથી કાયદામાં ફેરફાર કરવો જરૂરી છે.

આ સિવાય કોઈ મોટો ઇશ્યૂ હોય તો તે લાયેબિલીટી ઓફ ઇન્ટરમિડિયરીનો છે. દેશની બહારના કસ્ટમરને સર્વિસ આપી હોય તો પણ ઇન્ટરમિડિયરીની લાયેબિલીટી આવે જ છે. આ પ્રકારના કિસ્સાઓમાં કેટલીક મૂંઝવણો ઊભી થઈ રહી છે. વિદેશમાં સેવા-સર્વિસ આપી હોય તેવા કિસ્સાઓમાં જીએસટી ભરવાની આ જવાબદારી આઈજીએસટી હેઠળ કે પછી એસજીએસટી કે સીજીએસટી હેઠળ અદા કરવાની છે તે પણ એક સમસ્યા જ છે. એક દલીલ સેવા આપનાર દેશમાં હોય અને સેવા લેનાર વિદેશમાં હોવાથી આઈજીએસટી હેઠળ તે જીએસટી ભરવાની જવાબદારી આવે છે. બીજી દલીલ એવી કરવામાં આવે છે કે પ્લેસ ઓફ સપ્લાય રાજ્યનો હોવાથી, દેશનો હોવાથી તે જીએસટી એસજીએસટીમાં કે સીજીએસટીમાં જમા કરાવવો પડશે. આ કારણોસર સપ્લાયર મૂંઝાયા કરે છે કે કોને ટેક્સ જમા આપવો. તેનાથી સરકારની આવકમાં કોઈ જ ફરક પડતો નથી. સેવા આપનાર કોઈ અલગ સત્તાવાળાઓ સમક્ષ તે રકમ જમા કરાવી દે તો તેવા સંજોગમાં તે રકમ ફરીથી યોગ્ય સત્તાવાળાઓને જમા આપીને પછી જ રીફંડનો ક્લેઈમ કરી શકે છે. આ અંગે એક સાદી સ્પષ્ટતા સમસ્યાનો ઉકેલ આપી શકે છે.

સીજીએસટી એક્ટની કલમ 20 હેઠળ આઈએસડી-ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર તરીકે રજિસ્ટ્રેશન લેવાનો છે. પહેલી એપ્રિલ 2025થી નવી જોગવાઈ અમલમાં આવી છે. જે વ્યક્તિ ડિસ્ટીંક્ટ વ્યક્તિને ક્રેડિટ આપતી હોય તેણે સર્વિસ આપનાર તરીકે રજિસ્ટ્રેશન લેવું ફરજિયાત કરી દેવાયું છે. સમસ્યા એ છે કે જેણે આઈએસડી રજિસ્ટ્રેશન લેવું હોય તે વ્યક્તિએ ડિપાર્ટમેન્ટ પાસે મોજૂદ છે તે તમામ દસ્તાવેજો ફરીથી રજૂ કરવા પડે છે. જીએસટી રજિસ્ટ્રેશન લેતી વખતે આ દસ્તાવેજો આપેલા છે. છતાં ફરીથી વધુ દસ્તાવેજો માગવામાં આવે છે. ડીલર રજિસ્ટર ન



હોય તેવા સંજોગોમાં બધાં દસ્તાવેજો આપવા જરૂરી છે. પરંતુ જેનું જે તે રાજ્યમાં રજિસ્ટ્રેશન હોય તેને માત્ર અરજી કરવાથી રજિસ્ટ્રેશન મળી જવું જોઈએ. આઈએસડી રજિસ્ટ્રેશન માટેના ફોર્મમાં જીએસટી રજિસ્ટ્રેશન નંબર નાખવાની કોઈ જ કોલમ નથી. તેથી આ ફોર્મમાં રજિસ્ટ્રેશન નંબર નાખવાની વ્યવસ્થા કરી દઈને આઈએસડી રજિસ્ટ્રેશન નંબર તત્કાળ આપી દેવાની સુવિધા મળવી જોઈએ. તેને માટે કોઈ જ પ્રોસિજર કરવી ન પડે તે જોવું જરૂરી છે.

ફેક રજિસ્ટ્રેશનની સમસ્યા પણ બહુ જ મોટી સમસ્યા છે. ડીલર્સ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ દૂષણને દૂર કરવું જરૂરી છે. આ ફેક રજિસ્ટ્રેશન ધરાવનારાઓને નાબૂદ કરવા માટે બે સૂચન છે. નવા રજિસ્ટ્રેશન લેનારાઓની સ્ક્રુટિની એક વર્ષ સુધી બહુ જ ચુસ્ત રાખવી જોઈએ. તેઓ એક બે વર્ષ સુધી કામ કરીને પલાયન થઈ જાય છે. તેને કારણે સાચા ડીલરની હાલત ખરાબ થઈ જાય છે. તેમના રિટર્નની ચકાસણી કરવામાં આવશે તો ખબર પડશે તો તેમના ઈ-વે બિલ પૂરતા હોતા જ નથી. તેઓ ઢગલાબંધ ટ્રાન્ઝેક્શન માત્ર બિલ પર જ દેખાડે છે. તેથી સાચા ડીલરોની હાલત ખરાબ થઈ જાય છે. સારા ડીલરોને તેમની સામે રક્ષણ આપવું જોઈએ. તેને માટે કલમ 149ની જોગવાઈ ચુસ્તપણે લાગુ કરવી જોઈએ. કલમ 149 હેઠળ સાચા ડીલરોને તેમના વરસોના રેકોર્ડને આધારે પ્રોટેક્શન આપી શકે છે. આ કલમ લાગુ કરવાથી ડીલરને કાયદાનું પાલન કરવાની ફરજ પાડશે. તેઓ નવા સપ્લાયર પાસે વહેવાર કરતાં પહેલા જ તેને ખબર પડી જશે કે તે સાચી વ્યક્તિ સાથે ડીલ કરી રહ્યા છે કે નહિ.

ક્લાસિફિકેસનની પણ સમસ્યા છે. એચએસએન કોડમાં ચીજવસ્તુઓનું વર્ણન કરતી વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે. પરંતુ જાહેરનામાંની કેટલીક એન્ટ્રીઓમાં આપવામાં આવેલી વ્યાખ્યા અને એચએસએન કોડ સાથે આપવામાં આવેલી વ્યાખ્યા એકમેકના મેળમાં છે જ નહિ. બંને જગ્યાએ વ્યાખ્યા અલગ અલગ હોવાથી સમસ્યાઓ વકરી રહી છે. તેથી તેનો ઉકેલ લાવવો જરૂરી છે. બીજી એક મોટી સમસ્યા હોય તો જીએસટી એપેલેટ ટ્રીબ્યુનલના અભાવની છે. જીએસટીના અમલીકરણે આઠ વર્ષ પૂરા થવા આવ્યા છે. તેથી એપેલેટ ટ્રિબ્યુનલની રચના થઈ જવી પણ એટલી જ જરૂરી છે.




## થ્રેસ હોલ્ડ લિમિટ પૂરી કર્યા પછી જીએસટી રજિસ્ટ્રેશનની અરજી કર્યા બાદ રજિસ્ટ્રેશન મળ્યાની તારીખ વચ્ચેના વેપાર પરના જીએસટી અને ઇનપુટ ટેક્સ ક્રેડિટને કઇ રીતે એડજસ્ટ કરવા તે કહો

# વન નેશન વન ટેક્સ છે ખરો?

ભારતના સમવાયી માળખામાં જીએસટીનો અમલ કર્યા પછી ફુગાવાની સમસ્યા ન આવી તે મોટી વાત છે. વિશ્વના ઘણાં દેશોમાં જીએસટીના અમલીકરણ પછી ફુગાવાની સમસ્યા આવી હતી, એમ જીએસટી કોન્ક્લેવમાં બોલતા જીસીસીઆઈની ઈનડાયરેક્ટ ટેક્સ કમિટીનાં સભ્ય અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નીતેશ જૈને કહ્યું હતું. પરંતુ વન નેશન વન ટેક્સની આપણે વાત કરી છે. દરેક રાજ્યમાં અલગ અલગ કાયદા પહેલા અમલમાં હતા. પરંતુ જીએસટીના અમલ પછી વન નેશન વન ટેક્સની વાત વધુ સંગીન બની હતી. પરંતુ આજેય ઘણાં રાજ્યમાં રિન્યુએબલ એસેટ્સ એટલે કે સોલાર પર ઈનપુટ ટેક્સ આપવામાં આવતી નથી. આ એક મોટો પડકાર છે. વન નેશન વન ટેક્સની ભાવનાથી વિપરીત છે. સીજીએસટી, આઈજીએસટી અને એસજીએસટી જેવા અલગ અલગ ટેક્સ પણ એક જ થઈ જવા જોઈએ. બીજું, કોઈપણ વેપારીને અવરોધ વિના ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળવી જોઈએ. વેટના સમયની ક્રેડિટ બીજા રાજ્યોમાં નહોતી મળતી તેથી સી કે એચ ફોર્મના માધ્યમથી મેળવવામાં આવતી હતી. હવે જીએસટીમાં આ સમસ્યા નથી તે મોટામાં મોટી સિદ્ધિ છે. છતાંય મોટા પડકારો છે. હોટેલ્સની ઈનપુટ ટેક્સ ક્રેડિટ નથી મળતી. અમદાવાદનો પ્રોફેશનલ મુંબઈ જાય તો તેને હોટલના ખર્ચ પર મળવી જોઈતી આઈટીસી-ઈનપુટ ટેક્સ ક્રેડિટ ગુજરાતમાં મળતી નથી. બિલ્ડરને આઈટીસી મળતી નથી. આઈટીસી મેળવવા માટે ફેક્ટરી હોવી જરૂરી છે. ફેક્ટરી વિના પ્રોડક્શન જ નથી થતું તેમ માનીને આઈટીસી આપવામાં આવતી નથી. તેથી જીએસટીમાં હજી ઘણાં ફેરફારો કરવા જરૂરી છે.

ત્રણ વર્ષ બાદ રિટર્નમાં ફેરફાર ન કરવાની જોગવાઈ હવે અમલમાં આવી રહી છે. ત્રણ વર્ષ પૂરા થયા પછી તમારા રિટર્ન જુલાઈથી લૉક થઈ જશે. તેથી તેમાં ફેરફાર કરવાનો કોઈ જ અવકાશ રહેશે નહિ. આ મુદ્દે પણ કંઈક કરવું જરૂરી છે. ટેક્સ એક્સપર્ટ કે વેપારી માનવ છે તેમનાથી ક્યારેક કોઈક ભૂલ થઈ જ જાય છે. તેથી આ જોગવાઈનો અમલ કરતા પહેલા થોડો વધુ સમય આપવો જરૂરી છે. હવે સેન્ટ્રલાઈઝ રજિસ્ટ્રેશનની સિસ્ટમ પણ આવવી જરૂરી છે. સર્વિસ ટેક્સમાં આ વ્યવસ્થા હતી. જીએસટીની લિટીગેશન બહુ જ વધારે છે. જીએસટીમાં લિટીગેશન પણ હજારો થઈ ચૂકી છે. 8000થી વધુ તો સીજીએસટીના કેસ પેન્ડિંગ છે. એમનેસ્ટી સ્કીમ સારી હતી, છતાં લિટિગીશન ઓછું કરવા માટે પગલાં લેવા જરૂરી છે.

# વ્યક્તિ એક સફળતા અનેકઃ આત્મનિર્ભર ભારતના નિર્માણ તરફ આગેકૂચ કરી

**છેલ્લા 11 વર્ષમાં ભારતમાં નવા 87 એરપોર્ટ શરૂ થયા છે. 2014 પહેલા ભારતમાં 74 એરપોર્ટ હતા. 2025 સુધીમાં ભારતમાં 159 એરપોર્ટ થઈ ગયા છે.**

**ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે ગુજરાતને વિશ્વના નકશા પર ગાજતું અને ગુંજતું કર્યા બાદ સમગ્ર ભારતમાં મૂડીરોકાણ ખેંચી લાવવામાં સફળતા મેળવી**

**મે 2025માં જીએસટીની થયેલી આવક રૂ. 2 લાખ કરોડનો ઓળંગી ગઈ છે તે જ દર્શાવે છે કે રોકડથી થતાં વહેવારો અને કરચોરીનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે.**

કહેવાય છે કે જે દેશમાં ભૂમિ માર્ગ, જળ માર્ગ, રેલ માર્ગ અને હવાઈ માર્ગનો વિકાસ થાય તે દેશનો આર્થિક અને સામાજિક વિકાસનો એક્સપ્રેસ વે ખૂલી જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ હકીકતને સમજી છે. પીછાણી છે. તેથી જ આજે આપણા ભારત દેશમાં રોજના 30 કિલોમીટરથી વધુ નવા રસ્તાઓ બને છે. આજે એક કલાકમાં સવા કિલોમીટરનો નવો રસ્તો બની રહ્યો છે. 2014માં ભારતમાં રોજના 12 કિલોમીટર નવા રસ્તા બનતા હતા. તેથી જ આજે ગુજરાત સહિત દેશના અનેક વિસ્તારોમાં એટલા સરસ રસ્તાઓ છે કે તમે એક વિકસિત દેશમાં ફરી રહ્યા હોવાનો અહેસાસ કરાવે છે. માત્ર રોડ નહિ રેલવેનો પણ જંગી વિકાસ નરેન્દ્ર મોદીના શાસન કાળમાં થયો છે. રેલવે ટ્રેકના વીજળીકરણની સાથેસાથે જ તેમણે સ્ટેશન રિડેવલપમેન્ટનું અને સેમી હાઈસ્પિડ રેલવે કોરિડોર ચાલુ કરવાનું કામ કરી બતાવ્યું છે. ફેબ્રુઆરી 2025 સુધીની વાત કરીએ તો છેલ્લા 11 વર્ષમાં ભારતમાં 45922 કિલોમીટર રેલવે ટ્રેકનું વીજળીકરણ થયેલું છે. 1948થી 2014 સુધીમાં બ્રોડગેજ રેલવે ટ્રેકના વીજળીકરણનું કુલ કામ અંદાજે 21801 કિલોમીટર થયેલું હતું. આમ રેલવે ટ્રેકના વીજળી કરણમાં છેલ્લા 11 વર્ષમાં 100 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. 2025-26ના નાણાંકીય વર્ષના અંત સુધીમાં તેમાં વધુ 801 કિલોમીટરનો વધારો થઈ જવાની અપેક્ષા છે. ગુજરાતમાં સો ટકા બ્રોડગેજ રેલવે ટ્રેકનું વીજળીકરણ થઈ ચૂક્યું છે. 2014માં ગુજરાતના 785 કિલોમીટરના બ્રોડગેજ રેલવે ટ્રેકનું વીજળીકરણ થયેલું હતું. આજે ગુજરાતની સંપૂર્ણ 4027 કિલોમીટરની બ્રોડગેજ રેલવે લાઈનનું વીજળીકરણ થઈ ચૂક્યું છે. આમ નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુજરાતમાં રેલવેના વીજળીકરણમાં એકલા ગુજરાતમાં 3242 કિલોમીટરનો વધારો થયો છે. તદુપરાંત અમદાવાદ, સુરતમાં મેટ્રોરેલ તૈયાર થઈ રહી છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ અમલમાં મૂકાઈ રહ્યો છે. બુલેટ ટ્રેનના પ્રોજેક્ટનું 60 ટકા કામ પૂર્ણ થવા આવ્યું છે. પહેલા કરતાં રેલવે ટ્રેન આજે વધુ સ્વચ્છ, વધુ ઝડપી બની છે. પેસેન્જરને એક સ્થળેથી બીજા સ્થળે વધુ ઝડપથી લઈ જવામાં આવી રહ્યા છે.

છેલ્લા 11 વર્ષમાં ભારતમાં એરપોર્ટની સંખ્યામાં 87નો ઉમેરો થયો છે. 2014 પહેલા ભારતમાં 74 એરપોર્ટ હતા. 2023ના અંત સુધીમાં ભારતમાં 148 એરપોર્ટ થઈ ગયા હતા. 2024ના અંત સુધીમાં એરપોર્ટની સંખ્યા વધીને 157ની થઈ ગઈ છે. તમ જ 2025ના આરંભમાં આ એરપોર્ટની સંખ્યા 159ની થઈ ગઈ છે. મહારાષ્ટ્રના અણરાવતી જેવા નાના શહેરમાં પણ હવે



# અગિયાર વર્ષની બાર મોટી સિદ્ધિઓ



**1** ડિજિટલ ઇન્ડિયા મિશનને સફળ બનાવ્યું.

**2** સ્વચ્છ ભારત અભિયાન હાથ ધરી ભારતની આંતરરાષ્ટ્રીય ઇમેજને નવો ઓપ આપ્યો.

**3** જનધન યોજના હેઠળ 50 કરોડ ગરીબોને બેન્ક એકાઉન્ટ ખોલી આપીને તેમને ઘરના આંગણા સુધીની બેન્કિંગની સુવિધા પૂરી પાડી.

**4** પહેલી જુલાઇ 2017થી સમગ્ર દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ કર્યો

**5** કાશ્મીરમાંથી આર્ટિકલ 370ને નાબૂદ કરી

**6** રેલવે માર્ગ, રોડ માર્ગ અને એરપોર્ટમાં વધારો કરી પ્રગતિના પથ પર ભારતને મજબૂતીથી ચાલતું કર્યું. તેમની ભારતમાલા અને ઉડાન યોજના જાણીતી છે.

**7** પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ આપીને ભારતને ટેક્સટાઇલ, ડિફેન્સના સેક્ટરમાં મેક ઇન ઇન્ડિયાનો પ્રમોટ કર્યું.

**8** પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાખો ગરીબોને પોતાના પાક્કા ઘર કરી આપ્યા. સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ત્રણ કરોડથી વધુ ઘર બનાવી આપ્યા.

**9** જી-20 સમિટનું સફળ આયોજન કરીને બંને પક્ષનું જોડાણ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને ગરિમા અપાવી. વિશ્વ યોગ દિવસ ચાલુ કરાવ્યો.

**10** ભારતમાં સ્ટાર્ટ અપના વિકાસ માટેનો માહોલ નિર્માણ કરી બતાવ્યો.

**11** ભારતમાં કોવિડને કારણએ ઓછામાં ઓછી જાનહાનિ થાય તેવા સફળ પ્રયાસો કરવાની સાથે સાથે દુનિયાના દેશોને કોવિડની રસી પૂરી પાડીને ભારતની ક્ષમતાનો પરિચય કરાવે ભારતને ગૌરવ અપાવ્યું.

**12** ગ્રીન એનર્જી તરફ દેશ અને દુનિયાને વાલવામાં મહત્વનું યોગદાન આપ્યું. વિન્ડ પાવર અને સોલાર પાવરના વપરાશને વેગ આપ્યો. 2070ની સાલ સુધીમાં વાતાવરણમાં શૂન્ય ટકા કાર્બન ડાયોક્સાઇડ ભળે તે માટેનો માહોલ ઊભો કરવાનો પાયો નાખ્યો.

એરપોર્ટ આવી ગયું છે. આજે ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં મળીને ચાર આંતરરાષ્ટ્રીય વિમાન મથકો સક્રિય છે. તદુપરાંત ભાવનગર, ભુજ, જામનગર, કંડલા, પોરબંદર અને ડિશામાં પણ ડોમેસ્ટિક એરપોર્ટ છે. ગુજરાતમાં આજે બે ખાનગી એરપોર્ટ સક્રિય છે. ત્રણ મિલીટરી એરબેઝ પણ ચાલુ જ છે. ધોલેરામાં ડિસેમ્બર 2025 સુધીમાં એરપોર્ટ ચાલુ થઈ જવાની સંભાવના છે. રાજકોટ આંતરરાષ્ટ્રીય વિમાન મથકનું લોકાર્પણ જુલાઈ 2023માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જ કર્યું છે.

ભારત સરકારની ઉડાન સ્કીમને કારણે વિમાનની મુસાફરી કરવી સસ્તી બની ગઈ છે. પહેલાની તુલનાએ વધુ લોકો વિમાનની યાત્રા કરી રહ્યા છે. આ હકીકત દેશની પ્રજાના આર્થિક વિકાસની પણ ચાડી ખાય છે. 2013-14ના વર્ષમાં ભારતના નાગરિકની માથાદીઠ આવક રૂ. 98,405ની હતી તે 2023-24ના અંતે વધીને રૂ. 2,11,725ની થઈ છે. 2024-25માં માથાદીઠ આવક વધીને રૂ. 2,34,859 થઈ ગઈ છે. આમ 11 જ વર્ષમાં માથાદીઠ આવક બમણાં કરતાંય વધી ગઈ છે. ભારતના ઝડપથી વિકસતા રાજ્યની કેટેગરીમાં આવતા ગુજરાતમાં 2012-14ના વર્ષમાં માથાદીઠ આવક રૂ. 1,13,139ની હતી તે 2023-24માં વધીને રૂ. 2,97,722 થઈ ગઈ છે. ગુજરાતમાં માથાદીઠ આવકમાં 163 ટકાનો વધારો જોવા મળ્યો છે. તેની સામે ભારતના નાગરિકની માથાદીઠ આવક રૂ.98,405થી 139 ટકા વધી રૂ. 2,34,859 થઈ છે.

## ભારતને આત્મનિર્ભર બનાવ્યું

છેલ્લા 11 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી રોજગારી નિર્માણ કરવાનું મોટું કામ કર્યું છે. છેલ્લા 11 વર્ષમાં ઈલેક્ટ્રોનિક્સ આઈટેમ્સ, ડિફેન્સ ઈક્વિપમેન્ટ્સ, ફાર્માસ્યૂટિકલ્સ અને મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં ભારતે ખાસ્સુ કાઠું કાઢ્યું છે. વિકાસની આ ગતિ સાથે ભારતના ઉપરોક્ત ચાર સહિત ઘણાં મોરચે આત્મનિર્ભર બનાવવાની સફળ કવાયત કરી બતાવી છે. આજે ભારત વિશ્વનું બીજા ક્રમનું સૌથી વધુ મોબાઈલ ઉત્પાદક રાષ્ટ્ર બની ગયું છે. મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં વિશ્વની કંપનીઓને આકર્ષવા માટે ભારત સરકારે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરીને આ મોરચે મોટી સફળતાં હાંસલ કરી છે. ફાર્માસ્યૂટિકલ્સમાં બલ્ક ડ્રગના ઉત્પાદનમાં ચીન પરની નિર્ભરતાને ખતમ કરી દઈને ફાર્મા ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાની દિશામાં ખાસ્સી કામગીરી છેલ્લા 11 વર્ષમાં થઈ છે.

## સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપ્યું

ડિસેમ્બર 2024ના અંતે ભારતમાં રજિસ્ટર થયેલા સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને એક લાખને આંબી ગઈ છે. આમ સ્ટાર્ટઅપ ચાલુ કરવા માટે યુવાનોની ધગશ વધે તે માટેના પ્રયાસો કર્યા જ છે. સ્ટાર્ટઅપ્સની બાબતમાં ભારત દુનિયાનો ત્રીજા ક્રમનો મોટો દેશ બની ગયો છે.

સ્ટાર્ટ અપ્સ યુવાનોના નવા સાહસો કરવા અને સફળતાની સીડીની ટોચ પર પહોંચવાનો અવકાશ પૂરો પાડે છે. ડિજિટલ પેમેન્ટ પણ ભારતની મોટામાં મોટી સફળતા છે. યુપીઆઈ સિસ્ટમે ભારતમાં ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં મોટું પરિવર્તન લાવી દીધું છે. અમેરિકા અને ચીનમાં સાથે મળીને થતાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનથી વધુ ભારતમાં વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન થાય છે. ભારત નેટના પ્રોજેક્ટને કારણે કનેક્ટિવિટી મળી જતાં ડિજિટલ પેમેન્ટની સંખ્યા ગ્રામીણ વિસ્તાર સુધી પ્રસરી ચૂકી છે.

ભારતના વેપાર ઉદ્યોગને જીએસટીથી જોડી દેવાની કામગીરી પહેલી જુલાઈ 2017થી ચાલુ કરવામાં આવી છે. આમ એક દેશ એક ટેક્સના સિદ્ધાંતને સાકાર કરી બતાવ્યો છે. તેનાથી અર્થતંત્રની ગાડી પાટે ચઢી છે. તેમ જ ટેક્સ ભરનારાઓની સંખ્યા વધી છે. ટેક્સ ચોરી ઘટી છે. મે 2025માં જીએસટીની થયેલી આવક રૂ. 2 લાખ કરોડનો વળોટી ગઈ છે તે જ દર્શાવે છે કે રોકડથી થતાં વહેવારો ઘટી રહ્યા છે. તેથી કરચોરીનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે.



## 50 કરોડ બેન્ક ખાતાં ખોલી ફાઈનાન્શિયલ ઈન્કલુઝન કર્યું

દેશના ગરીબમાં ગરીબ વર્ગના નાગરિકને બેન્કિંગની સુવિધા અપાવવામાં વર્તમાન કેન્દ્ર સરકારે મોટી સફળતા હાંસલ કરી છે. જનધન યોજના હેઠળ 50 કરોડ નવા બેન્ક એકાઉન્ટ ખોલીને દરેક નાગરિકને બેન્કિંગની સુવિધા મળે તે નિશ્ચિત કર્યું છે. ગામડાંના ગરીબ વ્યક્તિ સુધી બેન્કિંગ કોરોસ્પોન્ડન્ટની સુવિધા ઊભી કરીને ઘરના ઉંબરા સુધી બેન્કમાં પૈસા જમા કરાવવાની અને બેન્ક ખાતામાંથી પૈસા ઉપાડવાની સુવિધા કરી આપી છે.

નાના બિઝનેસ સાહસિકોને મુદ્રા લોનના માધ્યમથી રૂ. 23 લાખ કરોડનું ધિરાણ આપ્યું છે. મહિલાઓને પણ ધિરાણ મળતું થાય તેવી વ્યવસ્થા કરી આપી છે. બેન્કમાંથી અબજોની લોન લઈને ન ચૂકવનારા વિલફૂલ ડિફોલ્ટરને પકડીને વસૂલી થઈ શકે તે માટે ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડનો ચુસ્ત અમલ કરાવી રિકવરી વધારવાનું કામ કર્યું છે.

## ઉર્જાના ક્ષેત્રે આગેકૂચ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે દેશના સો ટકા ગામડાંઓમાં વીજળીકરણ પૂરું કરી દેખાડ્યું છે. તેની સાથે જ સોલાર પાવર, વિન્ડપાવર અને જળવિદ્યુતનો મહત્તમ લાભ લઈ શકાય તેવું આયોજન કરીને સૌલાર પાવરના ઉત્પાદનમાં વધારો કરીને પર્યાવરણની જાળવણી કરવામાં એટલે કે હવામાં કાર્બનડાયોક્સાઈડ ઓછો છૂટે તે માટેના સફળ પ્રયાસો કરી દેખાડ્યા છે. સરકારના આ પ્રયાસોને પરિણામે જ સોલાર પાવરના ઉત્પાદનની બાબતમાં ભારત વિશ્વનો ચોથા ક્રમનો મોટો દેશ બની ગયો છે. સોલાર પાવર જનરેશનના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જોડાણની-ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની રચના કરવામાં પણ ભારત સરકારે મહત્વની ભૂમિકા ભજવી છે.

વિશ્વવેપારમાં પણ ભારતે ખાસ્સું કાઠું કાઢ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વાઈબ્રન્ટ ગુજરાતની સમિટ યોજીને ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે ગુજરાતને વિશ્વના નકશા પર ગાજતું અને ગુંજતું કરી દેનાર પ્રધાનમંત્રીએ 2014 પછી સમગ્ર ભારતમાં મૂડીરોકાણ વધુમાં વધુ આવે તે માટેના પ્રયત્નો કરીને સારી સફળતા મેળવી છે. ટેક્નોલોજી, ડિફેન્સ અને છૂટક માર્કેટિંગના સેક્ટરમાં વિદેશમાંથી મોટું મૂડીરોકાણ ભારતમાં ખેંચી લાવવામાં મોટી સફળતા મેળવી છે. ભારતે યુનાઈટેડ આરબ અમિરાત, ઓસ્ટ્રેલિયા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને વિશ્વ વેપાર વધારવાનું મહત્વનું કામ કર્યું છે. હવે બ્રિટન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવાની દિશામાં આગળ વધવાનું શરૂ કરી દીધું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચાલુ કરેલા ટેરિફ વૉરની અસર ભારત પર ન પડે તે માટે અમેરિકા સાથેના વેપાર માટે અલગથી કરારો કરવાની

# 11 વર્ષમાં રાજકીય સિદ્ધિઓ પણ અનેક મેળવી

2021 અને 2019ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે સંપૂર્ણ બહુમતી સાથે કેન્દ્રમાં સરકારની સ્થાપના કરી હતી. તેની સાથે જ ઘણાં રાજ્યમાં ભાજપની સરકાર રચાઈ હતી. રાજ્યસભામાં ભાજપના સભ્યોની સંખ્યા વધી ગઈ હતી. 2024માં ભાજપની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની સરકાર ફરીથી સત્તા પર આવી છે.

2019માં કલમ 370 હટાવીને જમ્મુ અને કાશ્મીરને આપેલો વિશેષ દરજ્જો દૂર કર્યો

સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટ લાવ્યા. આ એક્ટે પાકિસ્તાન, બાંગલાદેશ અને અફઘાનીસ્તાનથી આવેલા શરણાર્થીઓને નાગરિક બનવાની તક પૂરી પાડી.

2019ના સુપ્રીમ કોર્ટને ચૂકાદાને કેન્દ્રમાં રાખીન રામ મંદિરનું નિર્માણ કર્યું. ભાજપ અને આરએસએસએ આપેલા વચનને પૂરું કરતાં જાન્યુઆરી 2024માં રામમંદિરનું લોકાર્પણ કર્યું.

અમેરિકા, જાપાન, ઇઝરાયલ અને ફ્રાન્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી. ક્વાડ, બ્રિક્સ, જી-20નું યજમાનપદ મેળવીને વિશ્વસ્તરે ભારતની નોંધ લેવાની દુનિયાના દેશોને ફરજ પાડી

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધમાં તટસ્થ રહીને ભારતે બંને દેશો સાથેનો વેપાર અને રાજદ્વારી સંબંધો જાળવી રાખ્યા.

વન નેશન વન રેશન કાર્ડના વિચારને સાકાર કરી બતાવ્યો. માઈગ્રન્ટ વર્કર એટલે કે કામ માટે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ભટકતા રહેતા કામદારો જ્યાં જાય ત્યાં તેમને રેશન મળે તે માટે પોર્ટેબલ રેશન કાર્ડ બનાવ્યા.

સ્વચ્છ ભારત અભિયાન ચાલુ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબીને ઉજળી કરી. આઠથી દસ કરોડ ગરીબોને મફતમાં રાંધણગેસનું જોડાણ આપ્યું. પ્રત્યેક ગરીબના જીવનને બહેતર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાખો નવા ઘર બાંધી આપ્યા અને મુદ્રાલોનની સુવિધા કરી આપી મહિલાઓને સશક્ત બનાવી.

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની લોકોના મનમાંની છબિની વાત કરીએ તો દેશને ગૌરવ અપાવે તેવા અને નિર્ણાયક પગલાં લેવાની ક્ષમતા ધરાવતા નેતા તરીકેની છે. પહેલગામમાં પર્યટકોને મારી નાખવાની ઘટનાના પખવાડિયામાં જ પાકિસ્તાનના ત્રાસવાદને સમર્થન અને પ્રોત્સાહન આપતા અડ્ડાઓનો કચ્ચરઘાણ કાઢી નાખીને તેનો મોટો પુરાવો આપ્યો છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ જંગ છેડીને નાબૂદ કરનારા અને વિકાસને વરેલા નેતા તરીકેની ઈમેજ ધરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે યુવાનોમાં, શહેરી વિસ્તારના મધ્યમ વર્ગમાં તથા ઓછી આવક ધરાવતા ગરીબ વર્ગના લોકોમાં પ્રિય નેતા તરીકનું સ્થાન ધરાવે છે. કોરોનાના આક્રમણના સમયમાં ભારત દેશ અને દુનિયાના અનેક દેશોને ઉગારવામાં મદદરૂપ થનાર નેતા તરીકેની ઈમેજ ધરાવે છે.

**અમેરિકા અને ચીનમાં સાથે મળીને થતાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનથી વધુ ભારતમાં વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન થાય છે. ભારત નેટના પ્રોજેક્ટને કારણે કનેક્ટિવિટી મળતાં ગામડાંઓમાં પણ ડિજિટલ પેમેન્ટ વધી રહ્યા છે**

**સ્ટાર્ટ અપની ઇકોસિસ્ટમ ડેવલપ કરતાં ભારતમાં યુવા ઉદ્યોગ સાહસિકોની અને સ્વરોજગારની દિશામાં જનારાઓની સંખ્યા વધી રહી છે**

**સોલાર પાવરના ઉત્પાદનની બાબતમાં ભારત વિશ્વનો ચોથા ક્રમનો મોટો દેશ બની ગયો છે**

કામગીરી આરંભી દીધી છે. આમ દરેક તબક્કે ભારતના હિતનું રખોપું કરવાની અને ભારતની ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ પર જ ફોકસ કર્યું છે.

એશિયાના દેશો સાથે સર્વિસ પૂરી પાડવા માટે 2014ની સાલમાં એફટીએ-ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા. પરિણામે આ દેશો સાથેના વેપારમાં 2017-18 સુધીમા જ અંદાજે 81 અબજ ડૉલરનો વધારો થયો હતો. મુક્ત વેપારના કરારને પરિણામે ભારતે આ દેશોમાંથી 47 અબજ ડૉલરની આયાત અને 34 અબજ ડૉલરની નિકાસ કરી હતી. ભારતે સિંગાપોર સાથે કરેલા કરારનું 2018માં પુનરવલોકન કરવામાં આવ્યુ તેને પરિણામે ટેક્નોલોજી, નાગરિક ઉડ્ડયન અને ફાઈનાન્સના સેક્ટરમાં ભારતમાં બહુ જ મોટે પાયે રોકાણ આવ્યું છે. 2022ની સાલમાં ભારતે યુએઈ સાથે કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ કર્યા હતા. આ જ રીતે ઓસ્ટ્રેલિયા સાથે ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા હતા. તેને પરિણામે એક બીજાના દેશોમાં એક્સપોર્ટ થતી વસ્તુઓ પરની ડ્યૂટીમાં ઘટાડો થયો હતો. તેમની સર્વિસ સ્ટ્રીમ લાઈન થઈ છે અને વિઝાની પ્રક્રિયા સરળ બની ગઈ છે. ભારતને ઓટ્રેલિયામાં મહત્વની ખનીજો મળતી થઈ છે.

2021ના વર્ષમાં ભારતે મોરેશિયસ સાથે સીઈસીપીએ-કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક કોઓપરેશન એન્ડ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ કર્યા હતા. આફ્રિકન દેશ સાથે ભારતે કરેલા આ પહેલા કરાર છે. આ જ રીતે ભારતે યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિયેશન સાથે પણ કરાર કર્યા છે. યુરોપના આ દેશોમાં સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે, આઈસલેન્ડ, લિચ્ટેલસ્ટેઈન સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે. આ કરાર સપ્ટેમ્બર 2025થી અમલમાં આવશે. આ દેશો સાથે 15 અબજ ડૉલરનો વેપાર કરવા વચનથી બંધાયા છે. તેને પરિણામે ભારતના દસ લાખ લોકોને રોજગારી પણ મળશે. છ મે 2025ના દિવસે ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર સહી સિક્કા થઈ ગયા છે. બંને દેશો વચ્ચે 25.5 અબજ પાઉન્ડનો વેપાર થશે. આ કરારને પરિણામે ટેક્સટાઈલ, જેમ્સ, જ્વેલરી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રમાં રોજગારીની નવી તક નિર્માણ થશે. તેમ જ જેમ્સ એન્ડ જ્વેલરીની બ્રિટન ખાતેની એક્સપોર્ટ 9.41 કરોડ ડૉલરથી વધીને 2.5 અબજ ડૉલરને આંબી જવાની ગણતરી મૂકવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે જુદાં જુદાં દેશો સાથે વેપાર માટે કરેલા કરારને પરિણામે ભારતના ટેક્સટાઈલ, ગારમેન્ટ, જેમ્સ એન્ડ જ્વેલરી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ઈન્ફોર્મેશન એનેબલ્ડ સર્વિસિસ અને ઓટોપાર્ટ્સની નિકાસ ખાસ્સી વધી જવાની સંભાવના ઊભી થઈ છે. આ નિકાસ મૂલ્ય અને જથ્થા બંનેની દ્રષ્ટિએ વધી જવાની ગણતરી મૂકવામાં આવેલી છે. બ્રિટન સાથેના કરારને પરિણામે નાના અને મધ્યમ ઉદ્યોગને ખાસ્સો ફાયદો થશે. ટેરિફ ઘટી જતાં ભારતના નિકાસકારોનું નિકાસ મૂલ્ય નીચે આવી જશે. તેની સાથે ગ્રાહકોના હાથમાં તે પ્રોડક્ટ્સ પહોંચે તે વખતની કિંમતમાં પણ ઘટાડો થઈ જશે. આમ બ્રિટનના બજારમાં ભારતના ઉત્પાદનોની સ્પર્ધાત્મકતામાં ખાસ્સો વધારો થઈ જશે. તેમાં સોફ્ટ ડ્રિન્ક્સ, કોસ્મેટિક્સ-સૌંદર્ય પ્રસાધનો અને ચોકલેટ્સ સહિત અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. ભારત સરકારે વેપાર માટે જુદા જુદાં દેશો સાથે કરેલા કરારનો સીધો ફાયદો સર્વિસ પૂરી પાડતી ઈન્ડસ્ટ્રીને પણ થશે. સિંગાપોર અને બ્રિટનમાં સર્વિસની એક્સપોર્ટ વધશે. ઓસ્ટ્રેલિયા સાથેના કરારને પરિણામે બહુ જ મહત્વના ખનીજો ભારતને મળતા થશે. ભારતમાં વિદેશમાંથી આવતા રોકાણમાં વધારો થશે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં મૂડીરોકાણ વધુ આવતું થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ્સમાં મોટું રોકાણ આવશે. ગ્લોબલ વેલ્યુ ચેઈન વધુ સંગીન બનશે. બીજા શબ્દોમાં કહીએ તો આંતરરાષ્ટ્રીય સ્તરે થતાં ચીજવસ્તુઓના ઉત્પાદન અને સર્વિસ પૂરી પાડવાના કામકાજમાં ભારતની હિસ્સેદારી વધી જશે. ભારતના વિશ્વના દેશો સાથેના વેપાર માટેના કરારને પરિણામે અનેક દેશોમાં નિકાસ કરવા માટેના દરવાજા ખૂલ્યા છે કે પછી ખૂલી રહ્યા છે. ગ્રીન એનર્જી અને ઓટોપાર્ટ્સના સતત વિકસી રહેલા ઉદ્યોગો થકી થતી નિકાસ માટે સપ્લાયચેઈન ઊભી થશે.



# ઓપરેશન સિંદૂરઃ ભારતીય સેનાનો વિશ્વભરમાં જય જયકાર, અનેક દેશોનું ભારતને સમર્થન



ભારતના ઈતિહાસમાં 'ઓપરેશન સિંદૂર'નું પ્રકરણ સુવર્ણ અક્ષરે લખાશે તે વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. આ ઓપરેશન થકી ભારતે આંતકવાદના સહારે ભારતમાં અશાંતિ પેદા કરતા પાકિસ્તાનને કમરતોડ ફટકો તો માર્યો જ છે, પણ સાથે સાથે પાકિસ્તાન અને સમગ્ર વિશ્વને એ સંદેશ પણ આપી દીધો છે કે ભારત હવે કોઈ પણ આતંકવાદી પ્રવૃત્તિઓને ચૂપચાપ સાંખી લેશે નહિ. એક-બે આતંકવાદીને મારવાના બદલે ભારતે આતંકવાદીઓને ટ્રેનિંગ આપતા આકાઓના 9 કેમ્પ અને પછી પાકિસ્તાનના એરબેઝ પર સટીક હુમલો કરીને પોતાની પ્રિસિઝન સાથે એટેક કરવાની મિલિટ્રી ક્ષમતાનો પરચો આપી દીધો હતો. પાકિસ્તાનની ગણતરી હતી કે ભારત પીઓકેથી આગળ ક્યારેય હુમલો નહિ કરે. પરંતુ ભારતે પાકિસ્તાનના હૃદય

**ભારતે પોતાની મિલિટ્રી ક્ષમતાનું અદભુત પ્રદર્શન કર્યા બાદ 'ઓપરેશન સિંદૂર' થકી રાજકીય કુનેહનો પણ પરચો આપ્યો**

ગણાતા પંજાબ પ્રાંતમાં હુમલો કરીને પાકિસ્તાનને અચંબામાં મૂકી દીધું હતું. સમગ્ર દેશે ભારત સરકારની આતંકવાદ અને પાકિસ્તાન વિરુદ્ધની આ કામગીરીને વધાવી લીધી હતી. આ ઓપરેશનના સજ્જડ આયોજન અને અમલીકરણ માટે ભારતીય આર્મી પર ચારેકોરથી પ્રશંસાની વર્ષા થઈ હતી. વિશ્વભરના ડિફેન્સ ક્ષેત્રના નિષ્ણાંતો અને જિયોપોલિટિકલ વિશ્લેષકોએ ભારતીય સેનાના પ્રિસિઝન અને આયોજનની પ્રશંસા કરી છે. ઓપરેશન સિંદૂર ઓછામાં ઓછા કોલેટરલ ડેમેજ સાથે આતંકવાદીઓ પરના પ્રભાવશાળી હુમલાનું આદર્શ ઉદાહરણ બનીને ઊભરી આવ્યું છે.

'ઓપરેશન સિંદૂર'થી ભારતે સમગ્ર વિશ્વ સમક્ષ આતંકવાદીઓ સાથેના પાકિસ્તાન સરકારના સબંધોને પણ ઊઘાડા પાડી દીધા છે. ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન બાદ ઓલ-પાર્ટી ડેલિગેશનના સભ્યોની ટીમની રચના કરી હતી. તેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વાક ચાતુર્ય માટે પ્રસિદ્ધ શશિ થરૂર, સીપીઆઈના જનરલ સેક્રેટરી સિતારામ યેચૂરી, જમ્મુ કાશ્મીરના પીઢ નેતા ડો. ફારૂક અબ્દુલ્લા, અસાઉદ્દીન ઓવૈસી સહિતના અનેક અગ્રણી નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ડેલિગેશનનું કામ ભારત અંગે પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા અપપ્રચારને દૂર કરવાનું અને ભારતનો પક્ષ રજૂ કરવાનું હતું. આ કવાયતે ભારતની સરકાર રાજકીય ફાયદા માટે મિલિટ્રીનો દુરુપયોગ કરતી હોવાનો આક્ષેપ લગાવનારા વિવેચકોને પણ જડબાતોડ જવાબ આપ્યો છે. સાથોસાથ ઓલ-પાર્ટી ડેલિગેશને સમગ્ર વિશ્વને એક સંદેશો આપી દીધો છે કે આતંકવાદ સામેની લડાઈમાં ભારતના તમામ રાજકીય પક્ષો, અને આખો દેશ એકજૂટ છે.

આતંકવાદ વિરુદ્ધ ભારતે લીધેલા આ પગલાને અમેરિકા, ફ્રાન્સ, ઈઝરાયલ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોનો ટેકો મળ્યો છે. યુનાઈટેડ નેશન્સના પદાધિકારીઓએ પણ પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા હિચકારા હુમલાની ટીકા કરી હતી. આ ઓપરેશનમાં પાકિસ્તાનનો સફાયો કરવાની ક્ષમતા ધરાવતા ભારતે દર્શાવેલા સંયમ અને શિસ્તની પણ ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## ભારતના પાડોશી દેશોનો પ્રતિસાદ

પાકિસ્તાને તેના નાગરિકો પર હુમલો થયો હોવાનું જણાવીને ભારતની ઈમેજ વૈશ્વિક ફલક પર ખરાબ કરવાના પૂરેપૂરા પ્રયત્ન કર્યા હતા. ભારતે કુનેહપૂર્વક પાકિસ્તાનના દરેક જૂઠાણાનો પુરાવા સાથે જવાબ આપતા પાકિસ્તાન ભોંઠું પડી ગયું હતું. સાથોસાથ પાકિસ્તાનની સરકારના મસૂદ અઝહર સહિતના આતંકીઓ સાથેના સબંધો પણ ઊઘાડા પડી ગયા હતા. ભારતના કટ્ટર હરીફ ચીને આ મામલે પાકિસ્તાનને ટેકો આપ્યો હતો. આમ છતાં, તેણે ભારતે પાકિસ્તાન પર કરેલા હુમલાની નિંદા કરવાનું ટાળ્યું હતું. આ ઉપરાંત બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકાએ સીધા વિવાદમાં ઝંપલાવવાને બદલે આડકતરી રીતે ભારતના પગલાને યોગ્ય ગણાવ્યા હતા.

## વૈશ્વિક સ્તરે ભારતના પદ-પ્રતિષ્ઠામાં વધારો

ઓપરેશન સિંદૂરને કારણે વૈશ્વિક ફલક પર ભારતના પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ છે. અત્યાર સુધી ઈમેજ ધરાવતા ભારતની ઈમેજ હવે આતંકવાદ સામે લડત આપનારા દેશ તરીકે મજબૂત બની છે. વિશ્વના દરેક દેશોને ભારતની મિલિટરી અને રાજકીય તાકાતનો પરચો મળી ગયો છે. ભારત સરકારે બનાવેલી ટીમે આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સ અને ગ્લોબલ મીડિયા સમક્ષ ભારતનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો છે. આ ટીમમાં સરકારે ચીવટતાથી રક્ષા મંત્રાલય, નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ સેક્રેટરિયેટ (NSCS), પ્રધાનમંત્રી કાર્યાલય, પ્રચાર-પ્રસાર મંત્રાલયના અધિકારીઓની નિમણૂંક કરી છે. આ ડેલિગેશને વિશ્વ સમક્ષ ભારતની સ્વહિતની રક્ષા કરવાના અધિકારના પરિપેક્ષ્યમાં ઓપરેશન સિંદૂરની કામગીરીને રજૂ કરી આપી છે. આ સાથે જ પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવતા જૂઠાણાઓનો તેમણે પર્દાફાશ કર્યો છે. તેનો ભારતને સૌથી મોટો ફાયદો એ થયો છે કે વિશ્વના કોઈ મોટા દેશે ભારતની ટીકા નથી કરી, અલબત્ત દેશને ટેકો આપ્યો છે. ઘણા દેશોએ ભારતની જેમ જ આતંકવાદ વિરુદ્ધ સ્ટ્રેટજી અપનાવવાની તૈયારી દર્શાવી છે. બીજું, કોઈ પણ જાતના પુરાવા વિના પાકિસ્તાને પોકળ દાવા કરતા હવે તે વૈશ્વિક ફલક પર હાંસીપાત્ર બન્યું છે, અને સાવ એકલું પડી ગયું છે. ભવિષ્યમાં તેનો ફાયદો ભારતને અવશ્ય મળશે.

## લ્યો કરો વાત, પિનકોડને અલવિદા કહી દો

# તમારી પોતાની DG PIN બનાવી દો, એડ્રેસ શોધવા કોઈને પૂછવું પણ નહિ પડે

તમારુ ઘર ક્યાં છે, એડ્રેસ મળતું જ નથી જેવી ફરિયાદ સાથે હવે તમને કોઈનોય ફોન આવશે નહિ. આ કમાલ છે ડીજી પિનની. હા, ભારત સરકારના પોસ્ટલ ડિપાર્ટમેન્ટે હવે ડીજી પિન વિકસાવી છે. તેમાં દરેક વ્યક્તિ પોતાના ઘર અને ઓફિસનો અલગ ડીજીપિન જનરેટ કરી શકશે. આ ડીજીપિનને કારણે ઘર અને ઓફિસનું એક્ઝેટ લોકેશન જોઈ શકાશે. એડ્રેસ શોધવા માટે કોઈને પણ પૂછવાની જરૂર ઊભી થશે નહિ. એકવાર તમે તમારો ડીજી પિન ડેવલપ કરી લેશો તો પછી પોસ્ટલ એડ્રેસમાં તમારે પિનકોડ લખવાની જફા પણ કરવી પડશે નહિ. આ ડીજી પિનના 10 અક્ષરના આલ્ફાન્યુમરિક કોડની મદદથી તમારા ઘરનું એકદમ ચોક્કસ લોકેશન જાણી શકાશે. કોઈને પણ પૂછવાની જરૂર રહેશે નહિ.

ભારત સરકારના પોસ્ટ ડિપાર્ટમેન્ટે ડી.જી. પિન ડેવલપ કરી છે. તેની પાછળનો મૂળભૂત હેતુ તમારી કોઈપણ વસ્તુની ડિલીવરી એકદમ સરળતાથી થઈ જાય તે જોવાનો છે. એડ્રેસ શોધવા માટે કોઈને પૂછવાની કે એક જગ્યાએથી બીજ જગ્યાએ જવાની તકલીફથી છુટકારો મળશે. ડી.જી. પિન દસ અક્ષર અને આંકડાંનો મિક્સ કોડ છે. આ કોડ પ્રોપર્ટીનું અત્યંત ચોકસાઈપૂર્ણ લોકેશન બતાવે છે. અત્યાર સુધી ચાલી રહેલી પિનકોડ સિસ્ટમમાં બહુ જ મોટા એરિયામાં આવેલી મિલકતોમાંથી તમારી મિલકત કઈ છે તે શોધી કાઢવાની જફા કરવી પડતી હતી. ડી.જી. પિનથી તમારા ઘર કે ઓફિસનો એક્ઝટ લોકેશન જાણી શકાય છે.

ડી.જી.પિન જનરેટ કરવા માટે સરકારની વેબસાઈટ પર જઈને તેના પર તમારા ઘરનું કે ઓફિસનું લૉકેશન શોધી કાઢીને તમે પોતે જ તમામો યુનિક કોડ જનરેટ કરી શકશો. યુનિક કોડ જનરેટ થઈ ગયા પછી દૂરસુદૂરના કે ગામડાંના અંતરિયાળ વિસ્તારમાં પણ એડ્રેસવાળું ઘર શોધવામાં તકલીફ પડશે નહિ.




**ડી.જી. પિનની રાષ્ટ્રીય સ્તરની જિયોકોડેડ એડ્રેસ સિસ્ટમ કોઈને પણ પૂછ્યા વિના વાસ્તવિક લોકેશનની દસથી પંદર ફૂટ દૂર સુધીના અંતરે તમને પહોંચાડી શકશે.**

ઓનલાઈન શોપિંગ કરનારા, લોજિસ્ટિકની એટલે કે માલની હેરફેર કરવાની સેવા પૂરી પાડનારાઓ અને કોઈ ઈમરજન્સીમાં કોઈને ફોન કર્યો હોય તો 108 જેવી સુવિધા આપનારાઓને ઘર કે ઓફિસ કે જે તે લોકેશન શોધી કાઢવામાં જરાય તકલીફ પડશે નહિ. એડ્રેસ પર ડિલીવરી કરવામાં અત્યારે જે ભૂલ થાય છે તે ભૂલ થવાની સંપૂર્ણપણે અટકી જવાની સંભાવના છે. એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા પ્લેટફોર્મ પરથી ખરીદી કરનાર ડી.જી.પિન આપી દે તો તેમણે મંગાવેલા પ્રોડક્ટ્સની ડિલીવરી બીજે થવાની સંભાવના નહિવત થઈ જશે. ડિલીવરી આપવાની કામગીરી ઝડપી બની જશે. ડી.જી. પિન રાષ્ટ્રીય સ્તરની જિયો(ભોગોલિક વિસ્તારના કોડ)કોડેડ એડ્રેસ સિસ્ટમ છે. ડી.જી. પિન વાસ્તવિક લોકેશનની એકદમ નજીક એટલે કે દસથી પંદર ફૂટ સુધીના અંતરે તમને પહોંચાડી શકશે. અક્ષાંશ અને રેખાંશને આધારે ડી.જી.પિન લોકેશન ફિક્સ કરતી હોવાથી એડ્રેસ શોધવામાં તકલીફ પડતી નથી. વર્તમાન પિનકોડ સિસ્ટમમાં વિસ્તાર, ગલી અને ઘર નંબરને આધારે એડ્રેસ શોધવું પડે છે. ગૂગલ મેપ કરતાંય વધુ ચોકસાઈથી ડી.જી.પિન લોકેશન સુધી લઈ જાય છે. ગામડાં કે જંગલ વિસ્તારના કે સમુદ્રની વચ્ચે આવેલા એડ્રેસનું લૉકેશન પણ શોધી શકે છે. ડી.જી. પિનનો ઉપયોગ કરનારનું ટપાલ માટેની સરનામું બદલાઈ જશે નહિ. હા, ડી.જી. પિન જનરેટ કરી દીધા પછી એડ્રેસને વધુ સ્પેસિફિક બનાવવું પડશે નહિ. પિન કોડ તમને વિસ્તારમાં, શેરી સુધી લઈ જઈ શકે છે. પરંતુ ડી.જી.પિન તમારા ઘર કે ઓફિસથી 12થી 15 ફૂટના અંતર સુધી ટપાલીને કે ડિલીવરી મેનને લઈ જઈ શકે છે. ટ્રાન્સપોર્ટના બિઝનેસ સાથે સંકળાયેલા લોકો માટે ડી.જી.પિન વધુ અનુકૂળ બને તેવી સંભાવના છે.

## તમે તમારો ડી.જી. પિન કેવી રીતે જનરેટ કરશો

હવે દરેક ઘર માલિક કે ઓફિસ માલિક પોતાની ડી.જી. કોડ ઓનલાઈન જનરેટ કરી શકશે. ડી.જી. કોડ કે ડી.જી. પિન એ ડિજિટલ પોસ્ટલ ઈન્ડેક્સ નંબર છે. સરકારે તેને માટે વેબસાઈટ ચાલુ કરી છે. આ વેબસાઈટ પર જઈને દરેક વ્યક્તિ પોતાનો ડીજી કોડ જનરેટ કરી શકશે. તેને માટે દરેક વ્યક્તિએ ડી.જી. પિન પોર્ટલ https://dac.indiapost.gov.in/mydigipin પર જઈને 10 અક્ષર ને આંકડાંના કોમ્બિનેશનવાળો ડી.જી.પિન જનરેટ કરવાનો રહેશે. ડી.જી. પિન જનરેટ કરનારનું જિયોલોકેશન આધારિત એક્ઝેટ એડ્રેસ જાણીને એકદમ ચોકસાઈ સાથે તે ઘરે પહોંચીને ટપાલની કે ઓનલાઈન મંગાવેલી વસ્તુઓની ડિલીવરી આપી શકા છે. ડી.જી. પિન માટે ટપાલ ખાતાએ https://digipin.cept.gov.in ડી.જી. પિન જનરેટ કરવાની સુવિધા આપી છે. બંને પ્લેટફોર્મ ભારત સરકારના પોસ્ટલ વિભાગે ડેવલપ કરેલા છે. આઈઆઈટી હૈદરાબાદ અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર હેઠળ કામ કરતાં નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટરના સહયોગથી આ ડી.જી. પોર્ટલ વિકસાવવામાં આવેલા છે.



# 34 એન્ટિબાયોટિક્સ પરના પ્રતિબંધને કારણે ફાર્મા કંપનીઓના બિઝનેસમાં રૂ. 1000 કરોડનો ઘટાડો થવાનો અંદાજ

ભારત સરકારે મે મહિનાના અંત ભાગમાં ગાય, ભેંસ અને ઘેટાંબકરાં તથા મરઘાં-બતકાંની સારવાર માટે વપરાતી 34 એન્ટિમાઈક્રોબિયલ-એન્ટિબાયોટિક્સ દવાઓના વપરાશ પર પ્રતિબંધ મૂકી દીધો છે. કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે આ અંગેનું નોટિફિકેશન બહાર પાડી દીધું છે. ડ્રગ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડે પણ પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી છે. માછલીનો ઉછેર કરનારાઓ પણ આ દવાઓનો બેફામ ઉપયોગ કરતાં હોવાનું જોવા મળે છે. તેની સીધી અસર ગુજરાત અને ભારતના ફાર્મા ઉદ્યોગના બિઝનેસ પર પડી શકે છે. કેન્દ્ર સરકારે 34 એન્ટિબાયોટિક્સનો પશુઓ માટે ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો તેની સીધી અસર ગુજરાત અને ભારતના ફાર્મા ઉદ્યોગનો બિઝનેસ ઘટી જવાની શક્યતા છે. એન્ટિબાયોટિક્સ પરના પ્રતિબંધની ગુજરાતની અંદાજે 400 કંપનીઓના બિઝનેસ પર અસર પડશે. 400 કંપનીઓની 2000 જેટલી દવાઓના વેચાણમાં ઘટાડો થતાં એકલા ગુજરાતના ફાર્મા ઉદ્યોગને અંદાજે રૂ. 1000 કરોડનું નુકસાન વેઠવું પડશે.

રાષ્ટ્રીયસ્તરે તેની પડનારી અસરની વાત કરવામાં આવે તો 2023-24ના વર્ષમાં રાષ્ટ્રીયસ્તરે



ડૉ. વિરંચી શાહ
રાષ્ટ્રીય પ્રવક્તા IDMA

એન્ટિબાયોટિક્સનો વપરાશ અંદાજે 23.5 અબજ અમેરિકી ડૉલરનો હતો. તેની નિકાસ અંદાજે 36. 5 અબજ ડૉલરની હતી. એન્ટિબાયોટિક્સના કુલ બિઝનેસની તુલનાએ પશુઓ માટે વપરાતી એન્ટિમાઈક્રોબિયલ-એન્ટિબાયોટિક્સને વેપાર બહુ જ નાનો છે. તેમ છતાં ટૂંકા ગાળામાં તેના બિઝનેસ પર અસર પડતા કંપનીઓની આવકમાં ઘટાડો જોવા મળશે. જોકે લાંબા ગાળામાં કંપનીઓ માન્ય કરેલા સમતોલ ડ્રગ ફોર્મ્યુલેશન તરીફ વળી

**એન્ટિબાયોટિક્સનો બેફામ ઉપયોગ કરવાથી પશુઓના શરીરના બેક્ટેરિયામાં દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી જાય તો તેની સારવાર કરવી કઠિન બને અને પશુઓના શરીરમાંથી માનવ શરીરમાં તે બેક્ટેરિયા ઘૂસી જાય તો માનવને સાજા કરવા મુશ્કેલ બની શકે છે**

## એન્ટિબાયોટિક્સનો વિચાર પૂર્ણ ઉપયોગ જરૂરી

**ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરિંગ એસોસિયેશનના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. વિરંચી શાહનું કહેવું છે કે એન્ટિબાયોટિક્સ પર પ્રતિબંધ મૂકીને આ દવાઓ માનવ સમાજ માટે અનામત કરી દેવામાં આવી છે. એન્ટી માઈક્રોબિયર રેઝિસ્ટન્સ એ એક અંત્યંત ગંભીર સમસ્યા છે. તેમાંય ચેપી રોગચાળાઓની ઘટનાઓ વધી રહી છે તેવા સંજોગોમાં આ બાબત અત્યંત ગંભીર છે. માત્ર એટલું જ કહેવાનું છે કે એન્ટિબાયોટિક્સનો સમ્યક કે સમતોલ અથવા તો વિચારપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે.**



જવાની હોવાથી તેની અસર ઓછી થઈ જશે તેમ ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે. અત્યારે 34 એન્ટિબાયોટિક્સ પર મૂકવામાં આવેલો પ્રતિબંધને કારણે ફાર્મા કંપનીઓ માન્યતા ધરાવતા ડ્રગ કોમ્બિનેસનની જ દવાઓ બનાવવા પર ફોક્સ કરશે. તેમ જ તેનું જ માર્કેટિંગ કરશે. સરકારે નિર્ધારિત કરેલા સ્ટાન્ડર્ડના માળખામાં રહીને દવા બનાવવા માટે ફાર્મા કંપનીઓએ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ફોક્સ કરીને વૈકલ્પિક દવાઓ તૈયાર કરવી પડશે. આ રીતે કંપનીઓ પશુઓ માટેના એન્ટિબાયોટિક્સના બજારને ટકાવી રાખવાની કોશિશ કરે તેવી સંભાવના છે.

વાસ્તવમાં પશુઓના શરીરમાંથી મળતા દૂધ, માંસ, ઈંડાનો ઉપયોગ તો માનવો પણ કરે છે. તેની સીધી અસર માનવોના આરોગ્ય પર પણ પડે જ છે. માનવની ટૂંકા ગાળામાં વધુ લાભ મેળવવાની માનસિકતાને પરિણામે સામાન્ય બાબત સમસ્યારૂપ બની જતી હવાનું જોવા મળે છે. ચોંત્રીસ એન્ટિમાઈક્રોબિય-એન્ટિબાયોટિક્સ દવાઓ પર પ્રતિબંધ મૂકવાના કારણો જોઈએ તો સૌ પહેલા તો આ દવાનો જરૂર કરતાં વધુ ઉપયોગ કરવામાં આવતો હતો. પરિણામે જાનવરના શરીરમાંના બેક્ટેરિયામાં આ દવાઓનો પ્રતિકાર કરવાની ક્ષમતા આપોઆપ જ આવી જતી હોવાનું જોવા મળી રહ્યું છે. બીજું, એન્ટિબાયોટિક્સ દવાઓનો સતત અને જરૂર કરતાં વધુ પડતો ઉપયોગ કરવાને પરિણામે તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા પશુઓના શરીરમાંના બેક્ટેરિયામાં આવી જાય છે. એકવાર તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા બેક્ટેરિયામાં આવી જાય તે પછી જે તે રોગની સારવાર કરવા માટે તે દવાનો ઉપયોગ કરવામાં આવે તો તેના કોઈ જ પરિણામ મળતા નથી. પરિણામે પશુઓને જીવ ગુમાવવાની નોબત આવે છે. ત્રીજું, પશુઓના શરીરમાંના અને દવાઓનો પ્રતિકાર કરવાની ક્ષમતા કેળવી ચૂકેલા બેક્ટેરિયા પ્રાણીઓના શરીરમાંથી માનવ શરીરમાં પણ પ્રવેશતા જ હોય છે. પ્રાણીઓના દૂધ, ઈંડાં અને માંસનો ખાવા માટે ઉપયોગ કરવામાં આવતો હોવાથી માનવ શરીરમાં તે આસાનીથી પ્રવેશી જાય છે. આ બેક્ટેરિયાનો ચેપ લાગી જાય તો માનવને સારવાર આપવી પણ કઠિન બની જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે દવાઓ માનવ શરીરની બીમારી દૂર કરવાની અક્ષમ-અસમર્થ બની જાય છે.

આ ચોંત્રીસમાંથી ઘણી એન્ટિબાયોટિક્સ માનવની સારવાર માટેની દવા તરીકે પણ વપરાય છે. તેની અસરકારકતા જાળવી રાખવા માટે પણ આ એન્ટિમાઈક્રોબિયલ-એન્ટિબાયોટિક્સનો ઉપયોગ ઘટાડી દેવો જરૂરી હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારપૂર્વક જણાવ્યું છે. પશુઓના શરીરમાંથી મળતા દૂધ, માંસ અને ઈંડાના માધ્યમથી આ દવાઓની સીધી અસર માનવ શરીરના પાચનતંત્રમાંનો બેક્ટેરિયા પર પડે છે. પાચન શક્તિને ઘટાડી શકે છે. તેમ જ રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી થાય છે. હવે તેના પર પ્રતિબંધ આવી ગયો હોવાથી પશુપાલનની પદ્ધતિમાં સુધારો થશે. પશુઓનું આરોગ્ય સુધરશે, તેમને પોષણ મળશે. પશુઓને રસી આપીને તેમની તન્દુરસ્તીમાં સુધારો કરી શકાશે. તેમ જ પશુઓને રોગ થવાની શક્યતાઓ સીમિત થઈ જશે. આ દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તેને પરિણામે પશુપાલનની વ્યવસ્થા વધુ ટકાઉ અને ફાયદાકારક બનશે. આ દવાઓ પર પ્રતિબંધ મૂકવાને પરિણામે પશુઓના શરીરમાંથી નીકળતા દૂધ, માંસ વગેરે માનવ આહારમાં લેવાય અને તેને પરિણામે માનવ શરીરમાં દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા કેળવી ચૂકેલા બેક્ટેરિયા ઘૂસી જાય તો તેની ખરાબ અસર પડી શકે છે. આમ આ દવાઓ પર પ્રતિબંધ મૂકવાને પરિણામે જાનવરોમાંથી માનવ શરીરમાં રોગ ઘૂસવાની શક્યતાઓ ઓછી થવા માંડશે.

ચોંત્રીસ દવાઓ પર પ્રતિબંધ મૂકવાને પરિણામે પશુઓના શરીરમાંથી નીકળતું દૂધ, માંસ અને ઈંડામાં તેના પ્રતિકાર કરી શકે તેવા બેક્ટેરિયાઓ આવતા ઓછા થશે. તેથી તેની નિકાસ કરવાનો માર્ગ પણ ખૂલશે. પશ્ચિમના દેશો આ બધી બાબતો પર ખાસ્સું ધ્યાન આપે છે. યુરોપિયન સંઘના દેશોએ આ દવાઓ પર 19 વર્ષ પહેલા જ પ્રતિબંધ મૂકી દીધો છે. ડેન્માર્ક, સ્વીડન, નામિબિયા, અમેરિકાઓ પણ તેના પર પ્રતિબંધ મૂકી દીધો છે. પરિણામે ફૂડ સેફ્ટીમાં એટલે કે પ્રાણીજન્ય આહાર લેવાથી માનવ આરોગ્ય સામે જોખમ ઊભું થવાની સંભાવના થોડી ઓછી થઈ છે. ભારતમાં આ દવાઓના વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી ભારતમાંથી નિકાસ કરવામાં આવતા દૂધ, માંસ અને ઈંડાનો આહાર તરીકે ઉપયોગ કરવાથી માનવ તન્દુરસ્તી પર અવળી અસર પડવાની શક્યતા ઘટી જશે અને તેની નિકાસ વધતા નિકાસની આવક વધશે. તેની સીધી અસર હેઠળ પશુપાલકોની આવક પણ વધી જ શકે છે. બીજી તરફ આ દવાઓ પર પ્રતિબંધ મૂકીને પોતાના દેશના લોકોના આરોગ્યની, પોતાના દેશના પશુઓના આરોગ્યની દરકાર પણ સરકાર દ્વારા કરવામાં આવી છે.

ગાયમાં જોવા મળતા માસ્ટિટિસના રોગમાં

# પશુઓને અપાતી અને પ્રતિબંધિત એન્ટિબાયોટિક્સ

પ્રતિબંધિત દવાઓમાં એન્ટિવાયરલ તરીકે વપરાતી સેફટોબાયપ્રોલ, યુરિડોપેનિસિલિન, સેફટારોલાઈન, સાઈડરોફોરે, સેફાલોસ્પોરિન, કાર્બાપેનેન્સ, પેનેમ્સ, માનોબેક્ટમ્સ, ગ્લાયકોપેપ્ટાઈડ્સ, લિપોપ્ટાઈડ્સ, ઓક્સાઝોલિડિનોનેસ, ફિડાક્સોમાઈસિન, પ્લાઝોમાઈસિન, એરાવસાઈક્લાઈન અને ઓમાડેસાઈક્લાઈનનો સમાવેશ થાય છે. તદુપરાંત એમાન્ટાડાઈન, બાલક્સાવીર, માબોક્સિલ, ફાવીપિરાવીર, ગાલિડેસિવીર, લેક્ટીમાડોમાઈસિન, લાનિનામિવીર, મેથાસાઝોને, મોલનુપિરાવીર, ઓસેલ્ટામિવીર, રિબાવીરીન, નિટાઝોક્શાનાઈડ પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

**1**

કોલિસ્ટિનનો ઉપયોગ પશુઓને લાગતા ચેપની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે. પશુઓનો વિકાસ વધે તે માટે પણ આ દવા વપરાતી આવી છે. પશુની માંદગી દૂર કરવા માટે અન્ય કોઈ વિકલ્પ જ ન હોય ત્યારે આ દવાનો ઉપયોગ કરવાનો હોવા છતાં તેનો નાની નાની બીમારીઓમાં પણ થતો હતો.

**2**

ક્લોરમફેનિકોલનો ઉપયોગ માછલીઓને અને મરઘાં-બતકાંને બેક્ટેરિયાના ચેપથી દૂર રાખીને તેમની તન્દુરસ્તી સુધારવા માટે ઉપયોગમાં લેવામાં આવતી હતી. તેના બેક્ટેરિયા માનવ શરીરમાં પ્રવેશે તો માનવને એનિમિયાની ગંભીર બીમારી થવાની શક્યતા રહેલી છે.

**3**

નાઈટ્રોફુરાન્સના ઘટકો ધરાવરી ફુરાલટાડોન, ફુરાઝોલિડોન, ફુરીફુરામાઈડ, નાઈફુરાટેલ, નાઈફુરોક્ઝિમ, નાઈફુરપ્રાઝાઈન, નાઈટ્રોફુરાનટોઈન, નાઈટ્રોફુરાઝોન નામની દવાઓનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માછલી અને મરઘાં-બતકાંના ઉછેર સાથે સંકળાયેલા લોકો ઉપરોક્ત તમામ એન્ટિબાયોટિક્સનો ઉપયોગ બેફામ કરતાં હોવાનું જોવા મળ્યું છે. આ દવાના ઘટકોમાંથી કેટલાક ઘટકો કેન્સરની બીમારી લાવે તેવા છે. તેના અવશેષો ફૂડ પ્રોડક્ટ્સના માધ્યમથી માનવ શરીરમાં પ્રવેશી જાય તો માનવ આરોગ્ય સામે બહુ જ મોટું જોખમ ઊભું થઈ જવાની સંભાવના રહેલી છે.

**4**

નાઈટ્રોમિડાઝોલ, ડિમિટ્રીડાઝોલ, મેટ્રોનિડાઝોલ, રોનિડાઝોલ, આઈપ્રોનિડાઝોલનો ઉપયોગ પશુઓના શરીરમાંના પ્રોટોઝોઅલના ચેપની સારવાર માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બ્રિટનની પાર્લિયામેન્ટ કમિટીના અહેવાલ અનુસાર આ દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા પશુઓના શરીરમાંના બેક્ટેરિયા કેળવી લે અને માનવ શરીરમાં તે પ્રવેશી જાય તો માનવને કેન્સર થવાનો ખતરો રહેલો છે.

**5**

ગ્લાયકોપેપ્ટાઈડ્સ પણ આ જ કક્ષામાં આવતી એક દવા છે. બેક્ટેરિયાના ગંભીર ચેપની સારવાર કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પશુઓના શરીરના ચેપને દૂર કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે અને પશુઓના શરીરના પ્રતિકાર ક્ષમતા કેળવી ચૂકેલા બેક્ટેરિયા માનવ શરીરમાં પ્રવેશી જાય તો તેની સારવાર કરવી કઠિન બની શકે તેમ હોવાથી આ દવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**6**

કાર્બાડિક્સનો પણ પશુઓની સારવાર માટે બેફામ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેનાથી માનવને કેન્સર થવાની સંભાવના હોવાનું જાણવા મળ્યુ છે. તેથી ભારત ઉપરાંત ઘણાં દેશોએ તેના ઉપયોગ પર પ્રતિબંધ લગાવ્યો છે.

**7**

સ્ટ્રેપ્ટોમાઈસિન અને ડાઈહાઈડ્રોસ્ટ્રેપ્ટોમાઈસિનનો બેક્ટેરિયાના ચેપની સારવાર માટે પશુઓમાં થતો હોવાથી તેના બેક્ટેરિયા માનવ શરીરમાં ટ્રાન્સમિટ થાય તો તેની સારવાર કરવી મુશ્કેલ બની શકે છે. માનવ કીડનીને ખરાબ કરી નાખે તેવી નોબત આવી શકે છે.

**8**

સલ્ફામેથોક્સાઝોલ પશુઓને લાગતા ચેપની સારવાર માટે વપરાય છે. તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા પશુઓના શરીરમાંના બેક્ટેરિયામાં આવી જાય અને તે બેક્ટેરિયા માનવ શરીરમાં દૂધ કે અન્ય આહારના માધ્યમથી પ્રવેશી જાય તો તેને પરિણામે માનવ શરીરમાં એલર્જિક રિએક્શન આવવાની શક્યતા વધી જાય છે.

**9**

એમોક્સિસિલિન, સેફાલેક્સિન, જેન્ટામાઈસિન, પેનિસિલિન જી, બેન્ઝાઈલપેનિસિલિન, સફલામેથાઝાઈન, સલ્ફામેથોક્સાઈન, એરિથ્રોમાઈસિન, સ્પાઈરામાઈસિન, થિયામેફેનાઈકોલ, ટિમિકોસિન, ટ્રિમેથોપ્રિમ, ટાયોલોસિન, ડોક્સાઈક્લિન, એન્રોફ્લોક્સાસિનનો પશુઓમાં ઉપયોગ વધવાથી સમય જતાં તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા પશુઓના શરીરમાંના બેક્ટેરિયામાં આવી જાય તો તેની ભવિષ્યમાં માનવ આરોગ્ય પર ગંભીર અસર થઈ શકે છે. તેથી ફૂડ સેફટી પણ જોખમમાં મૂકાઈ શકે છે. વિશ્વના અન્ય દેશોની હરોળમાં રહેવા માટે પણ આ પગલું લેવું જરૂરી બન્યું છે. જાહેર આરોગ્યના હિતમાં પણ આ પગલું લેવું જરૂરી બન્યું છે. આમ ભારત સરકારે માનવ આરોગ્ય અને જાહેરજનતાના આરોગ્યની જાળવણી કરવા માટે એક મહત્વનું પગલું લીધુ છે.





## માનવ આરોગ્ય માટે જોખમી બનવાની સંભાવના જણાતા ગાય, ભેંસ અને ઘેટાં-બકરાંને અપાતી 34 એન્ટિબાયોટિક્સ દવાઓ પર ભારત સરકારે પ્રતિબંધ મૂક્યો

**ભારતે એન્ટિબાયોટિક્સના પશુઓ માટે ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો તે પહેલા યુરોપિયન સંઘના દેશો અને અમેરિકાએ પણ પ્રતિબંધ લગાવી દીધો છે.**

એન્ટિમાઈક્રોબિયલ દવાઓનો ખાસ્સો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં ગાયના આંચળ પર સોજો આવી જાય છે. દૂધનો સ્રાવ આપતી ગ્રંથીઓ પર માસ્ટિટિસની અસર થાય છે. આ અસહ્ય પીડાકારક રોગ છે. ગાય અને ભેંસમાં આ સમસ્યા નોર્મલ જોવા મળે છે. આ રોગ સામે ગાયને રક્ષણ આપવા માટે બેટાલેક્ટમ, સેફાલોસ્પોરિન-સેફ્ટિઓફર, એમિનોગ્લિયકોસાઈડ્સ-સ્ટ્રેપ્ટોમાઈસિન, મેક્રોલાઈડ્સ-એરિથ્રોમાઈસિન, ટેટ્રાસાઈક્લિન, ફલુરોક્વિનોલોન્સ-એન્રોફલોક્સાસિન જેવી એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવામાં આવે છે. માસ્ટિટિસ ઉપરાંત મેટ્રીટિસ, લેમનેસ, અને શ્વસનતંત્રના ચેપની સારવાર કરવા માટે પણ આ દવાઓનો ઉપયોગ થાય છે. આ દવાઓનો આડેધડ ઉપયોગ કરવાને પરિણામે એક કરતાં વધુ દવાઓની અસરનો પ્રતિકાર કરવાની ક્ષમતા પશુઓના શરીરમાં ડેવલપ થઈ જાય છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો સ્ટ્રેફિલોકોક્સ ઓરેઅસની ભારતના મથુરાના વિસ્તારમાં થતાં ઉપયોગની અસરની મેળવેલી વિગતો પ્રમાણે સ્ટેફિલોકોક્સ ઓરિયસના 19.64 ટકા કિસ્સાઓમાં સબક્લિનિક્સ માસ્ટિટિસના કેસોમાં મેથિસિલિન નામની દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા બેક્ટેરિયામાં આવી ગઈ હતી. આ જ રીતે ઉત્તર પ્રદેશમાં માસ્ટિટિની બીમારીનો ભોગ બનેલી ભેંસના શરીરમાંથી અલગ કરવામાં આવેલા ઈ-કોલીઝ બેક્ટેરિયામાં અનેક પ્રકારની એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા ડેવલપ થઈ જવા આવી હતી. જોકે આ જ બેક્ટેરિયા ટેટ્રાસાઈક્લિન, જેન્ટામાઈસિન, એન્રોફલોક્સાસિન અને સ્ટ્રેપ્ટોપેનિસિલિનની દવાનો પ્રતિકાર કરવાની ક્ષમતા ધરાવતા નહોતા. તેની અસર હેઠળ ખતમ થઈ જતા હતા. આ રીતે એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી જાય તે પછી રોગની સારવાર કરવી મુશ્કેલ બની જાય છે. તેથી પશુઓ લાંબા સમય સુધી માંદા જ રહે છે. તેમની સારવાર કરવાનો ખર્ચ વધી જાય છે. તેમ જ તેની અસર હેઠળ આવેલા પશુઓને સામુહિક રીતે મારી નાખવાની નોબત આવી શકે છે.

દૂધાળા ઢોરના દૂધમાં એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી જાય તો તે માનવ આરોગ્ય સામે પણ જોખમ ખડું કરે છે. એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા ધરાવતા બેક્ટેરિયા માનવ શરીરમાં પ્રવેશી જાય તો માનવ માંદો પડે તો તેની સારવાર કરવી મુશ્કેલ બની જાય છે. આ બીમારી મોટા રોગચાળાનું સ્વરૂપ પણ ગ્રહણ કરી શકે છે. તેથી જ 34 દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કેરળ સરકારે એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા ધરાવતા બેક્ટેરિયાનો પ્રસાર ન થાય તે માટે પહેલા પગલાં લીધા છે. તેને માટે પશુપાલનની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પશુઓને રાખવાની જગ્યા વધુ સ્વચ્છ બને તેવા પ્રયાસો કર્યા છે. તેમને વધુ પોષક આહાર મળે અને તેમને નિયમિત રસી આપવામાં આવે તેની કાળજી રાખવામાં આવી રહી છે. આ રીતે પશુઓને એન્ટિબાયોટિક્સ આપવાની જરૂર જ ન પડે તેવો માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે.

# રેમિટન્સ ટેક્સની રામાયણ: ગુજરાત-ભારતમાં આવતો નાણાંનો તોતિંગ પ્રવાહ ઘટી જશે



અમેરિકાની સંસદે વન બિગ બ્યુટીફિલ બિલ પસાર કરી દીધું છે. આ બિલ પસાર થઈ જતાં અમેરિકા જઈ વસેલા ભારતીયોએ તેમના સ્વજનોને ગુજરાતમાં કે પછી ભારતમાં પૈસા મોકલવા હશે તો તેના પર 3.5 ટકા રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. પહેલી જાન્યુઆરી 2026થી નવો રેમિટન્સ ટેક્સ અમલમાં આવી જશે. અમેરિકાની સેનેટે ખરડાને હજી મંજૂર કરી દીધો છે. તેના પર સહી થઈ જાય એટલે તે કાયદાના સ્વરૂપમાં અમલમાં આવી જશે. અમેરિકાનું નાગરિકત્વ ન ધરાવતી વ્યક્તિઓએ, એચ-1બી વિઝા પર અમેરિકા ગયેલા પ્રોફેશનલ્સ, એલ-1 વિઝા ધારકો, એફ-1 વિઝા પર ગયેલા વિદ્યાર્થીઓ કામ કરીને આવક કરતાં હશે તેમણે રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. તદુપરાંત ગ્રીન કાર્ડ હોલ્ડર્સે પણ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. હા, અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા લોકોએ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે નહિ. પરંતુ તેમણે સરકારે પાત્ર ગણેલા રેમિટન્સ પ્રોવાઈડરના માધ્યમથી તે નાણાં મોકલવાના રહેશે. રેમિટન્સ પ્રોવાઈડર તેમના નાગરિકત્વની ખરાઈ કરીને પછી જ પૈસા મોકલશે. આ મોડસ ઓપરેન્ડીને અનુસરનારા અમેરિકી નાગરિકોને જ 3.5 ટકા ટેક્સ વિના રેમિટન્સ મોકલવાની છૂટ મળશે.

અમેરિકાના પ્રતિનિધિ ગૃહે વન બિગ બ્યુટીફુલ બિલ પસાર કરી દીધું છે. અત્યારે સેનેટમાં તે અંગે વિચારણા થઈ રહી છે. આ બિલ પર સેનેટમાં જૂનના અંતમાં કે પછી જુલાઈના પહેલા પખવાડિયામાં મતદાન થવાની સંભાવના છે. સેનેટની મંજૂરી મળી જશે તો રેમિટન્સ તરીકે મોકલવામાં આવનારા નાણાં પર ટેક્સની વસૂલી કરવાની જવાબદારી રેમિટન્સ સર્વિસ પ્રોવાઈડરને માથે નાખવામાં આવે છે. રેમિટન્સ તરીકે નાણાં મોકલનાર અમેરિકન નાગરિક છે કે નહિ તેની ખરાઈ પણ સર્વિસ પ્રોવાઈડર કરશે. રેમિટન્સ મોકલનાર પાસેથી ટેક્સ કલેક્ટ કરીને દર ત્રણ મહિને અમેરિકી સરકારની ટ્રેઝરીમાં તે જમા કારવી દેવાની રહેશે.



અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારની રેમિટન્સ ટેક્સની નીતિની ભારતના અને ગુજરાતના અસંખ્ય પરિવારો પર મોટી અસર પડશે. તેમાંય ખાસ કરીને અમેરિકામાં ભણવા માટે ગયેલા વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ તરીકે વિઝા લઈને અમેરિકા જઈને આવક કરનારાઓ પર તેની મોટી અસર આવશે. ગુજરાતમાં તો પટેલ સમુદાય સહિતના સંખ્યાબંધ જાતિ અને જ્ઞાતિના પરિવારો અમેરિકા જઈ વસેલા તેમના સ્વજન થકી મળતી આવક પર જ નભે છે. તેમણે તેમના સ્વજનને અમેરિકા મોકલવા માટે તેમની સંપૂર્ણ બચતને ખર્ચી નાખેલી છે. હવે તેમના સ્વજનો અમેરિકાથી તેમને માસિક ખર્ચ નિભાવ માટે નાણાં મોકલી રહ્યા છે. આ પરિવારો અમેરિકાથી તેમના સ્વજનો દ્વારા મોકલવામાં આવતી રકમ પર જ નભી રહ્યા છે. રેમિટન્સ આવવાનું બંધ થઈ જાય તો તેવા સંજોગોમાં પરિવારના નવા કે બીજા સભ્યનો પરદેશ અભ્યાસ માટે મોકલવા અને નોકરી કરવા માટે મોકલવા ખર્ચાળ બની જવાની સંભાવના છે. કારણ કે એક ભાઈ સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા જાય તેનો સંપૂર્ણ ખર્ચ માતાપિતા



**હવે રેમિટન્સ ટેક્સ બચાવવા માટે ઓછા સલામત વિકલ્પો એટલે કે હવાલનો કે ક્રિપ્ટોના માધ્યમથી નાણાં મોકલવાનો માર્ગ અપનાવે તેવી સંભાવના: તેનું નિયમન કરવું અમેરિકી સરકાર માટે વધુ મુશ્કેલ બની શકે**

# રેમિટન્સ ટેક્સને કારણે અમેરિકાથી ભારત રૂ. 83000 મોકલનાર પર રૂ. 2900નો ખર્ચ કરવો પડે તેવી શક્યતા

ઊઠાવે છે. ત્યારબાદ અમેરિકા ગયેલો ભાઈ કે બહેન બીજા ભાઈ કે બહેનને અમેરિકા બોલાવવા માટે પાસા મોકલતા હોય છે. આ પૈસા મોકલવા માટે તેમણે અવનવા રસ્તાઓ અપનાવવા પડશે.

હવે સવાલ એ થાય છે કે ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રેમિટન્સ ટેક્સ શા માટે લાગુ કર્યો. અમેરિકામાંથી દર વર્ષે સેંકડો અબજ ડૉલર અન્ય દેશોમાં મોકલવામાં આવી રહ્યા છે. આ નાણાં ખરેખર ક્યા જાય છે તેનું પગેરું મેળવવું ખુદ અમેરિકાની સરકાર માટે મુશ્કેલ બની ચૂક્યું છે. તેથી રેમિટન્સ ટેક્સ લાગુ કરીને નાણાં ક્યા જઈ રહ્યા છે તેનું પગેરું મેળવવાનો હેતુ છે. રેમિટન્સ ટેક્સની થનારી આવકનો ઉપયોગ સરકારે કાર્યક્રમોનો અમલ કરવા માટે તેમ જ માળખાકીય સુવિધા ઊભી કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. ત્રીજું, ઈમિગ્રેશનને અંકુશમાં રાખવા માટે જોઈતું ભંડોળ પણ તેના માધ્યમથી મળી રહેશે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે ઘૂસી આવનારાઓને રોકવા માટે પણ આ ભંડોળનો ઉપયોગ કરવામાં આવશે. અમેરિકાની મેક્સિકોને ટચ કરતી બોર્ડર પરથી મોટી સંખ્યામાં લોકો ગેરકાયદે ઘૂસી જતાં હોવાનું જગજાહેર છે. 2016થી 2020ના ગાળામાં ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો અને લેટિન અમેરિકા મોકલવામાં આવતા નાણાં

પર રેમિટન્સ ટેક્સ લેવાનું આયોજન કર્યું હતું. ગેરકાયદે અમેરિકામાં ઘૂસેલા લોકો પણ જંગી પ્રમાણમાં નાણાં પરદેશ મોકલતા હોવાનું ધ્યાનમાં આવતા ઉપરોક્ત આયોજન કર્યું હતું. રેમિટન્સ ટેક્સ લાદવાને પરિણામે ગેરકાયદે અમેરિકામાં ઘૂસનારાઓને હ તો ત્સા હ



કરશે. રેમિટન્સ ટેક્સ લાદવાથી અમેરિકાની સરકાર અમેરિકામાંથી બહાર જતાં નાણાંના પ્રવાહને વધુ સારી રીતે નિયંત્રિત કરી શકશે. બિનહિસાબી નાણાંને હિસાબી નાણાંમાં રૂપાંતરિત કરવામાં એટલે કે મની લોન્ડરિંગ અટકાવવામાં પણ તેનાથી મદદ મળશે. તદુપરાંત અમેરિકાથી બહાર મોકલવામાં આવતા નાણાં ટેરરીઝમને પ્રોત્સાહન આપવા માટે પણ વપરાતા હોવાનું જોવા મળે છે. ત્રાસવાદને પ્રોત્સાહન આપવા માટે અમેરિકામાંથી નાણાં બહાર ન જાય તે જોવાનો ઉદ્દેશ પણ રેમિટન્સ ટેક્સ લાગુ કરવા પાછળનો છે.

અમેરિકામાંથી થતી નિકાસ કરતાં આયાત વધી જાય તો વેપારી અસમતુલા નિર્માણ થાય છે. આ અસમતુલાને દૂર કરવા માટે પણ રેમિટન્સ ટેક્સ મદદરૂપ બનશે. કેટલાક લોકો એવી દલીલ કરી રહ્યા છે કે અમેરિકામાંથી બહાર મોકલવામાં આવતી મૂડીને કારમે ટ્રેડ-વેપાર અને કરન્સી-હૂંડિયામણ વચ્ચેની અસમતુલા દૂર કરવામાં મદદરૂપ બને છે. તેમાંય જે દેશો સાથેના વેપારમાં અસમતુલા છે તેને સમતોલ કરવામાં મૂડીનો અમેરિકા બહારનો પ્રવાહ સમતોલ બનાવવામાં મદદ કરે છે.

ભારતમાંથી અમેરિકા ભણવા ગયેલા વિદ્યાર્થીઓ પોતાના પરિવારના સભ્યોને નિભાવ માટે અમેરિકાથી ભારત નાણાં મોકલે છે. ભારતમાંથી અમેરિકા પ્રોફેસનલ તરીકે ગયેલા લોકો પણ પોતાના વતનમાં નાણાં મોકલે જ છે. આ નાણાં પરિવારના નિભાવ ખર્ચ માટે, પરિવારે તેને અમેરિકા મોકલવા માટે લીધેલા એજ્યુકેશન લોન પરત ચૂકવવા માટે, તેમ જ ભારતમાં તે નાણાંનું રોકાણ કરીને વધુ સારુ વ્યાજ કે વળતર મેળવવા માટે નાણાં મોકલવામાં આવી રહ્યા છે. આ

પરિવારોને રેમિટન્સ ટેક્સ આવતા મોટો ફટકો પડશે. વિશ્વના અન્ય દેશોની તુલનાએ ભારતમાં સૌથી વધુ નાણાં મોકલવામાં આવતા હોવાનું જોવા મળ છે. એક અંદાજ મુજબ 2023-24ના વર્ષ દરમિયાન ભારતમાં અમેરિકામાંથી ભારતમાં અંદાજે 125 અબજ ડૉલર મોકલવામાં આવ્યા હતા. તેમાંથી અંદાજે 33 અબજ ડૉલર ગુજરાતમાં મોકલવામાં આવ્યા હોવાનું કહેવાય છે. ગુજરાત ઉપરાંત કેરળ, આન્ધ્રપ્રદેશ, પંજાબ અને મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં અમેરિકાથી નાણાં આવી રહ્યા છે. હતા. અમેરિકા ભણવા ગયેલા વિદ્યાર્થીઓ તથા પ્રોફેશનલ્સના ભારત સ્થિત પરિવારો પર તેની મોટી અસર પડશે. તેમના સંતાનોએ ભારત પૈસા મોકલવા માટે હવે 5થી 10 ટકા વધુ નાણા ખર્ચવા પડશે. તેનો પાકો અંદાજ તો પહેલી જાન્યુઆરી 2026 પછી આવશે. જોકે કેટલો ખર્ચ આવશે તે અંગે કાચો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

અમેરિકાના વિઝાધારક, બિનનિવાસી ભારતીયએ હવે અમેરિકાથી ભારત નાણાં મોકલવા હશે તો રૂ. 83000 મોકલનારે રૂ. 2900 રેમિટન્સ ટેક્સ તરીકે ચૂકવવા પડશે. અમેરિકાની સરકારે વન બિગ બ્યુટીફૂલ બિલના માધ્મયથી કરેલી જોગવાઈ કાયદાનું સ્વરૂપ ધારણ કરી લેશે તે પછી અમેરિકાથી ભારત નાણાં મોકલનારને માથે 3.5 ટકાના ટેક્સનો આ બોજ આવશે.

અમેરિકા જઈ વસેલા ગુજરાતીઓ ભારત પરત આવવાનું થાય અને તેમના ગુજરાત સ્થિત સ્વજનોને આર્થિક સ્થિતિ સુધારવા માટે સતત અમેરિકાથી નાણાં ભારત મોકલી રહ્યા છે. પરિણામે અમેરિકા જઈ વસેલા ભારતીયોની ચિંતા આ નવા ખરડાને કારણે વધી ગઈ છે. સ્ટુડન્ટ વિઝા પર ગયેલા અને માબાપની જિંદગી ભરની કમાણી ખર્ચાવી નાખનારા વિદ્યાર્થીઓ તેમના માબાપના નિભાવ માટે પણ ભારત કે ગુજરાત નાણાં મોકલે છે. આમ તેમને માટે પરિવારને નિભાવવા માટેના ખર્ચ પર વધારાનો બોજો આવશે. અમેરિકા જનારા ઘણાં માટે આ નાણાંની ટ્રાન્સફર તેમના પરિવારના સભ્ય માટેની લાઈફલાઈન છે.

તેમના પર રેમિટન્સ ટેક્સની મોટી અસર પડશે.

આમ રેમિટન્સ ટેક્સને કારણે આ પ્રવાહમાં ઘટાડો થઈ જવાની સંભાવના છે. પરિણામે ગુજરાત અને ભારતના ઘણાં પરિવારોની આવક ઘટી જશે. રેમિટન્સ ટેક્સની અસર હેઠળ સંખ્યાબંધ પરિવારો માટે ઘર ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બની જશે. તેમની રોજબરોજની જરૂરિયાત

પૂરી કરવી પણ મુશ્કેલ બની જશે. માસિક ખર્ચને પહોંચી વળવો પણ ઘણાં માટે મુશ્કેલ બની જશે. તેમ જ વિદેશથી આવતા નાણાંના પ્રવાહ પર જ ચાલતા નાના નાના ધંધાઓ પર પણ તેની મોટી અસર પડશે.

અમેરિકી સરકારના આ ટેક્સની સીધી અસર વિકાસશીલ દેશોના ફોરેક્સ રિઝર્વ પર પણ પડશે. આ દેશોમાં ભારત, મેક્સિકો, ફિલીપિન્સ અને નાઈજિરિયા જેવા દેશોનો સમાવેશ થાય છે. આ દેશોમાં વિદેશમા ગયેલા નાગરિકોના માધ્યમથી મોટી રકમ આવી રહી છે. આ સંજોગોમાં વિદેશથી નાણાં મોકલનારાઓએ નાના નાના ટુકડાઓમાં નાણાં મોકલવાને બદલે એક સામટી મોટી રકમ મોકલી દેવાના વિકલ્પનો આશરો લેવો પડશે. એક જ ઝાટકે મોટી રકમ મોકલી દેવાથી ખર્ચ ઓછો આવશે. ડિજિટલ વૉલેટ કે પછી પીયર-ટુ-પીયર પ્લેટફોર્મનો ઉપયોગ કરવાના વિકલ્પ પણ તેમની પાસે છે. ટ્રાન્ઝેક્શન ઓછા થશે તો તેને માટે લાગતા અન્ય ખર્ચમાં ઘટાડો થશે.

જોકે રેમિટન્સ ટેક્સને કારણે ડબલ ટેક્સેશન એવોઇડન્સ એગ્રીમેન્ટની જોગવાઈઓ પણ ભંગ થાય તેવી શક્યતાઓ અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. આ ટેક્સને કારણે નોન ડિસ્ક્રિમેટરી એટલ કે ભેદભાવ ન કરતી કલમનો ભંગ થાય છે કે નહિ તેની ચર્ચા પણ છેડાઈ છે. કેટલાક એક્સપર્ટ એવી દલીલ કરે છે કે તેમાં માત્ર આવકવેરાની જોગવાઈનો જ સમાવેશ થાય છે. તેમાં ટ્રાન્ઝેક્શન ચાર્જનો સમાવેશ થતો નથી.

રેમિટન્સ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હોવાથી હવાલાના માધ્યમથી કે પછી ક્રિપ્ટો કરન્સીના સ્વરૂપમાં નાણાં અમેરિકામાંથી બહાર મોકલવામાં આવે તેવી શક્યતા વધી જશે. તેમ જ વિદેશથી અમેરિકા કામ કરવા માટે જનારાઓ હતોત્સાહ થતાં અમેરિકા જનારા પ્રોફેશનલ્સની સંખ્યામાં ઘટાડો થઈ જશે. અમેરિકાની બહારથી આવેલા પ્રોફેશનલ્સને કારણે જ અમેરિકાનો અત્યારને વિકાસ શક્ય બન્યો હોવાનું પણ મોટી સંખ્યામાં લોકો માને છે. તદુપરાંત રેમિટન્સ ટેક્સને કારણે બે દેશ વચ્ચે થયેલા કરારનો કે પછી ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ નોર્મ્સ-ધારાધોરણોનો ભંગ થશે એમ પણ ઘણા લોકો માને જ છે. જોકે રેમિટન્સ ટેક્સ જૂન 2025ની સ્થિતિએ એક દરખાસ્ત જ છે. તેણે કાયદાનું સ્વરૂપ ધારણ કર્યું નથી.

અમેરિકા સરકારે લાદવા ધારેલા રેમિટન્સ ટેક્સને કારણે અમેરિકામાં વસતા 45 લાખ ભારતીયોની હાલત ખરાબ થશે. તેમાંથી 32 લાખ તો મૂળભારતના જ નિવાસીઓ છે. તેઓ નિયમિત ભારતમાં નાણાં મોકલીને ભારતમાં જુદી જુદી અસ્ક્યામતોમાં રોકાણ કરાવે છે. અમદાવાદ અને ગુજરાતના બાંધકામ ઉદ્યોગ પર પણ તેની અસર આવી શકે છે. કારણ કે બિલ્ડર્સ-ડેવલપર્સ દ્વારા ડેવલપ કરવામાં આવતી નવી પ્રોપર્ટીમાં અમેરિકાવાસી ભારતીયોનો ખાસ્સું રોકાણ જોવા મળે છે. અમેરિકાની સરકાર પોતાના ખર્ચ પર કાપ મૂકવાનું આવકવેરાના દરમાં ઘટાડો કરવાનું પણ વિચારી રહી છે. તેથી જ રેમિટન્સ ટેક્સ લાદવાનું આયોજન કવરામાં આવ્યું છે .

**ટેક્સનો બોજો વધી જતાં ગુજરાત અને ભારતના સંખ્યાબંધ લોકોને એજ્યુકેશન લોન ચૂકવવી વધુ આકરી પડશે.**

બેન્કમાંથી ટ્રાન્સફર આપતી વખતે જ રેમિટન્સ ટેક્સ કાપી લેવામાં આવશે. એનઆરઈ કે એનઆરઓ એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરતી વખતે પણ તે કાપી લેવામાં આવશે. રેમિટન્સ ટેક્સની રકમ રિફંડમાં મજરે આપવામાં આવશે અથવા તો સેટ ઓફ કરી આપવામાં આવશે તેવું માનવામાં આવે છે. જોકે તે અંગે હજી જોઈએ તેટલી સ્પષ્ટતા કરવામાં આવી નથી. અમેરિકાની સરકાર વેરામાં કાપ મૂકવા જઈ રહી છે તેને પરિણામે વેરાની આવકમાં પડનારી ઘટને સરભર કરવા માટે રેમિટન્સ ટેક્સ વસૂલવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

વિશ્વના ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો માટે રેમિટન્સ બહુ મોટી આવકનો સ્રોત છેલ્લા ઘણાં વરસોથી બની રહ્યો છે. તેથી રેમિટન્સના માધ્યમથી આવક મેળવતા દેશોમાં થતાં સીધા વિદેશી રોકાણની આવક કરતાં રેમિટન્સની આવક વધારે થતી હોવાનું પણ જોવા મળ્યું છે. 2024ના વર્ષમાં આ દેશોમા રેમિટન્સ તરીકે મોકલવામાં આવેલા નાણાંનું પ્રમાણે 685 અબજ અમેરિકી ડૉલરનું રહ્યું છે. છેલ્લા 25 વર્ષની સરખામણીમાં 2024માં ભારતમાં જ 129.4 અબજ ડૉલર રેમિટન્સ પેટે આવ્યા છે. ઉત્તર અમેરિકા અને અખાતના દેશોમાંથી આ રેમિટન્સ ભારતમાં આવ્યું છે. રેમિટન્સ એ લક્ઝરી નથી. અમેરિકામાં જઈ વસેલાઓના ભારતમાં વસતા પરિવારોના જીવન નિભાવ માટે જરૂરી છે. તેમના પર લાદેલો આ ટેક્સ તેમને કરેલા દંડ સમાન છે. રેમિટન્સ ટેક્સ ઉપરાંત નાણાં મોકલનારે દરેક ટ્રાન્ઝેક્શન દીઠ 15 ડૉલર પણ ચૂકવવા પડશે. અમેરિકામાંથી ભારત નાણાં મોકલનારાઓને માથે વરસે દહાડે અંદાજે 1.6 અબજ ડૉલર એટલે કે 160 કરોડ ડૉલરનો રેમિટન્સ ટેક્સનો બોજો આવવાની સંભાવના છે. તેથી અમેરિકા ભણવા જતાં વિદ્યાર્થીઓ હવે અમેરિકાને બદલે બીજા કોઈ દેશમાં ભણવા જવાનું વધુ પસંદ કરતાં થાય તેવી સંભાવના છે. ભારત કે ગુજરાતમાંથી અમેરિકા ભણવા જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાની શક્યતાને પણ નકારી શકાતી નથી. આ શક્ય ન હોય તો રેમિટન્સ ટેક્સ બચાવવા માટે ઓછા સલામત વિકલ્પો એટલે કે હવાલનો માર્ગ અપનાવે તેવી સંભાવનાને પણ નકારી શકાતી નથી. તેનું નિયમન કરવું અમેરિકી સરકાર માટે વધુ મુશ્કેલ બની શકે છે.

રેમિટન્સ ટેક્સને કારણે અમેરિકાથી ભારતમાં અને ગુજરાતમાં આવતા મૂડી પ્રવાહ ખોરવાશ. તેથી ભારતના ફોરેક્સ રિઝર્વ પર તેની અસર પડી શકે છે. તેમ જ ભારતની આર્થિક સ્થિરતા પર પમ અસર પડશે. નાણાંનો પ્રવાહ અટકતા ભારતમાં રહેતા પરિવારોની ખરીદશક્તિમાં ઘટાડો થશે. તેથી આર્થિક વિકાસનો વેગ પણ મંદ પડી જશે.



# રિટર્ન ફાઈલ કરનારાના હાઈ-વેલ્યુ ટ્રાન્ઝેક્શન પર આવકવેરા ખાતું નજર રાખશે

**આ**વકવેરા ખાતું હવે નવા ફાઈલ થનારા આવકવેરાના રિટર્નમાં હાઈવેલ્યુ ટ્રાન્ઝેક્શન કરીને ન દેખાડનારાઓ પર ખાસ નજર રાખશે. તેમ જ ટીડીએસ-ટેક્સ ડિડક્શન એટ સોર્સ-કરકપાત કરીને નાણાં જમા ન કરાવનારાઓ પર પણ વિશેષ નજર રાખશે. આવકવેરાની ચોરી રોકવા માટે આ વરસે આ બે બાબતો પણ ફોકસ રાખીને રિટર્નની ચકાસણી કરવા પર વિશેષ ફોકસ કરવામાં આવશે. મોટી રકમનો ખર્ચ કરનારાઓ તેમની વાસ્તવિક આવક છુપાવતા હોવાનું જોવા મળે છે. તેને માટે આવકવેરા ખાતું ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરશે. બેન્કમાં મોટી રકમના ટ્રાન્ઝેક્શન થયા હોય અને ન દર્શાવવામાં આવ્યા હોય તો તે પકડી પાડવા માટે ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરવામાં આવશે. તેને માટે એડવાન્સ ડેટા એનાલિટિક્સની સિસ્ટમને અપનાવવામાં આવી રહી છે.

ઊંચા મૂલ્યની પ્રોપર્ટીના સોદા કરવા અને મોટી રકમની ડિપોઝિટ મૂકવા જેવી બાબતોનો હાઈ વેલ્યુ ટ્રાન્ઝેક્શનમાં સમાવેશ થાયછે. તેમ જ ક્રેડિટ કાર્ડથી ઊંચી રકમના પેમેન્ટ્સ કરનારાઓના રિટર્ન પર પણ નજર રાખવામાં આવશે. મોટી રકમના આર્થિક વહેવારો જે તે ખાતાઓમાં થયા હોય તે ખાતાઓની વિગતો 31મી મે સુધી મોકલી આપવા બેન્કો અને નાણાં સંસ્થા બંધાયેલી છે. તેમાં 50 લાખથી વધુ રકમની થાપણો જમા કરાવવામાં આવી હોય કે પછી 30 લાખથી ઉપરની રકમની મિલકતની ખરીદી હોય તેને લગતી માહિતીનો સમાવેશ થાય છે.

મોટી રકમનો ખર્ચ કરતાં હોવા છતાં આવકવેરાના રિટર્નમાં નાની રકમ જ દર્શાવતા કરદાતાઓને ઓળખી કાઢવાનો પ્રયાસ આવક વેરા ખાતા દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેમ જ નાણાં સંસ્થાઓ સાથેની લિન્કને કારણે મળતી માહિતીનો મહત્તમ ઉપયોગ કરશે. તેમનો મહત્તમ સહયોગ પણ લેવામાં આવશે.




આવકવેરા ખાતું તેને માટે બેન્કો, પોસ્ટ ઓફિસ, સહકારી સંસ્થાઓ, ફિનટેક કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ્સ દરેક પાસે માહિતી મંગાવીને જે ખાતાઓમાં નોંધપાત્ર એક્ટિવિટી થઈ હોય તેવા ખાતાઓ પર નજર રાખીને વિગતો એકત્રિત કરશે. આ દરેક સંસ્થાઓ પણ આવકવેરા ખાતાને વાર્ષિક અહેવાલ આપવા બંધાયેલા છે. દરેક સંસ્થા વરસને અંતા સિગ્નિફિકન્ટ ફાઈનાન્શિયલ એક્ટિવિટી એટલે કે નોંધ પાત્ર નાણાંકીય લેવડ દેવડ થઈ હોય તેવા ખાતાઓની વિગતો મોકલી પણ આપે જ છે.

મોટી રકમના રોકડથી કરવામાં આવતા વહેવારોમાં આવકવેરા ખાતાએ ટીડીએસ-કરકપાતની સિસ્ટમ દાખલ કરી છે. ખાતેદાર તેના એકાઉન્ટમાંથી રૂ. 1 કરોડથી વધુ રકમનો રોકડેથી ઉપાડ કરે તો તેમને માટે બે ટકા ટીડીએસ જમા કરાવવો ફરજિયાત છે. આવકવેરાનું રિટર્ન ફાઈલ ન કરનારાઓ કે પછી જાણી બૂઝીને આવકવેરાના કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ માટે ટીડીએસની રકમ વધીને 5 ટકા સુધી જઈ શકે છે. રૂ. 20 લાખથી વધુ રકમનો રોકડથી ઉપાડ કરનારા કેટલાક કરદાતાઓના કિસ્સામાં પણ 2 ટકા ટીડીએસ કરવાનો નિયમ છે.

**બેન્કના કરન્ટ એકાઉન્ટમાંથી વરસે રૂ. 1 કરોડનો રોકડ ઉપાડ કરનારાના રિટર્નની પણ બારીકાઈ પૂર્વક ચકાસણી કરવામાં આવશે.**




**વિદેશ પ્રવાસ કરવા માટે રૂ. 2 લાખથી વધુનો ખર્ચ કરનાર પર પણ આવકવેરા ખાતું નજર રાખશે**

## હાઈ વેલ્યુ ટ્રાન્ઝેક્શન કોને ગણશે

મોટી રકમની થાપણો બેન્કમાં મૂકવામાં આવી હોય તો તેને હાઈવેલ્યુ ટ્રાન્ઝેક્શન ગણવામાં આવશે. કરન્ટ એકાઉન્ટમાંથી વર્ષ દરમિયાન રૂ. 50 લાખથી વધુ રકમનો રોકડથી ઉપાડ કર્યો હોય તો તેના હાઈવેલ્યુ ટ્રાન્ઝેક્શન ગણીને તેનો ખુલાસો માગવામાં આવશે. આ જ રીતે રૂ. 30 લાખથી ઉપરની કે તેનાથીય બહુ મોટી રકમની મિલકતની ખરીદી કે વેચાણ કર્યું હોય તેવા કિસ્સાઓમાં પણ ચકાસણી કરવામાં આવશે. તેમ જ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને વર્ષ દરમિયાન રૂ. 10 લાખથી વધુ રકમનું પેમેન્ટ કરવામાં આવ્યું હોય તો તેની પણ ચકાસણી કરવામાં આવશે. આમ આવકવેરા ખાતું કરદાતાઓની દરેક સારી નરસી બાબતો પણ નજર રાખી રહ્યું છે. આ વહેવારો રોકડેથી ન કરવામાં આવ્યો હોય તો તેવા સંજોગોમાં પણ આવકવેરા ખાતું તેના પર નજર રાખીને બેઠું છે. વિદેશી હૂંડિયામણમાં કરવામાં આવેલા વહેવારોને પણ ધ્યાનમાં લેવામાં આવશે. મ્યુચ્યુઅલ ફંડ કે બોન્ડમાં કરેલા મોટા રોકાણને પરિણામે જે ઇન્વેસ્ટરના વહેવારો રૂ. 10 લાખથી વધી જાય તે ઇન્વેસ્ટર્સ પર પણ નજર રાખવામાં આવશે. આ પગલાં લઈને આવકવેરા ખાતું નવા ઘણાં કરદાતાઓની કરચોરી પકડી પાડવામાં સફળ થશે. આ હકીકતથી ચેતી જઈને સંખ્યાબંધ કરદાતાઓ તેમના રિટર્ન ફાઈલ કરવામાં ગરબડ કરવાનું ટાળી દેશે. વિદેશ પ્રવાસ કરવા માટે રૂ. 2 લાખથી વધુનો ખર્ચ કરનાર પર પણ આવકવેરા ખાતું નજર રાખશે. વાર્ષિક આવક રૂ. 2.5 લાખથી ઓછી હોવા છતાં કરદાતાના ખાતામાં રૂ. 50 લાખના વહેવારો થયા હશે તો પણ તેમના રિટર્નને બારીકાઈ પૂર્વક ચકાસવામાં આવશે. જે કરદાતાઓ વરસ દહાડે ઇલેક્ટ્રિસિટી બિલ પેટે રૂ. 1 લાખથી વધુ ચૂકવ્યા હોય તેમના રિટર્નની પણ બારીકાઈ પૂર્વક ચકાસણી કરવામાં આવશે.

WADHWANI FOUNDATION
Entrepreneurship

# Want your core **Business Team** to be at the top of their **game?**



The journey begins by enrolling your Managers for the

## Wadhwani SMB Academy Program

Wadhwani SMB Academy is designed to mould your senior management team into a tight-knit unit that is able to drive business success through precise teamwork. The program not only helps them hone their skills, but also enables them to develop a growth-oriented mindset, turning them into a capable, future-ready, leadership team.

## Program Highlights:

- Focused Skill Development
- Develop Growth Oriented Mindset
- 24/7 AI-Powered Support
- Actionable Learning
- Curated Digital Library
- Networking & Community

### Complimentary Program:

Offered at no cost to participants. All you need to invest is time and effort!

Schedule:
3 hours/week
Over 12 weeks

Nominate relevant members for specific learning modules

To sign up, SCAN

# પાંચ વર્ષની નોકરી પૂરી ન થાય તે પહેલા પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ કરશો તો 30 ટકા સુધી ટેક્સ ભરવો પડશે

નોકરીમાં લાગ્યાને પાંચ વર્ષ પૂરા થયા પહેલા જ પ્રોવિડન્ટ ફંડની રકમનો ઉપાડ કરવામાં આવે તો તેના પર તમારા ટેક્સ સ્લેબ પ્રમાણે 30 ટકા સુધીનો ઈન્કમટેક્સ લાગુ પડી શકે છે. નોકરીને પાંચ વર્ષ પૂરા થાય તેના પહેલા જ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ કરવામાં આવે તો તેવા સંજોગોમાં કંપનીના માલિકે પ્રોવિડન્ટ ફંડમાં તેના હિસ્સા પેટે જમા કરાવેલી રકમ અને તેના પર મળેલા વ્યાજની રકમને પગાર જ ગણી લઈને તેના પર કરદાતાના ટેક્સ સ્લેબ પ્રમાણે ટેક્સ લાગુ કરવામાં આવે છે.

**પાંચ વર્ષ પહેલા ઉપાડ કરવામાં આવે તો પ્રોવિડન્ટ ફંડમાં માલિકે જમા કરાવેલી રકમ અને તેના પરનું વ્યાજ વેરાને પાત્ર બની જાય છે.**

જોકે આ ગાળામાં કર્મચારીના પગારમાંથી કપાયેલી રકમ અને તેના પર મળેલા વ્યાજને વેરાને પાત્ર ગણવામાં આવશે નહિ. જોકે તેના પર આવકવેરા ધારાની કલમ 80 સી હેઠળ નોકરિયાતે ટેક્સ ડિડક્શન લીધું હોય તો તે પણ રકમ વેરાને પાત્ર બની જાય છે. કલમ 80 સી હેઠળ પ્રોવિડન્ટ ફંડની રકમ બાદ લીધી હોય તો તે રકમનો તમારા પગારની રકમમાં ઉમેરો થઈ જાય છે. તેમ જ કર્મચારીના પગારની રકમમાંથી પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલી રકમ અને તેના પર મળતા વ્યાજની રકમને પણ વેરાને પાત્ર ગણી લેવામાં આવે છે. આવકવેરા ધારા હેઠળ આ આવકને અન્ય સ્રોતમાંથી થયેલી આવક ગણીને તેના પર આવકવેરો લગાડવામાં આવે છે.

તદુપરાંત નોકરિયાત તેના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા પડેલી રકમમાંથી રૂ. 50,000થી વધુ રકમનો ઉપાડ કરે તો તેના પર 10 ટકાના દરે ટેક્સ ડિડક્શન એટ સોર્સ-ટીડીએસ કરી લેવામાં આવે છે. અલબત્ત નોકરિયાતે લગ્ન, શિક્ષણ, ઘરની ખરીદી કે પછી મેડિકલ ઈમરજન્સી માટે પ્રોવિડન્ટ ફંડની રકમનો ઉપાડ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ માટેના નિયમો મુજબ કર્યો હશે તો તેના પર કોઈ જ ટેક્સ લાગુ પડતો નથી. તેમ જ કલમ 80 સી હેઠળ લેવામાં આવેલા લાભ પણ ઉપર જણાવેલા સંજોગોમાં કરવામાં આવેલા ઉપાડમાં પાછા ખેંચી લેવામાં આવતા નથી.

મેડિકલ ઈમરજન્સી આવી હોય તો તેવા સંજોગોમાં કર્મચારી એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાં જમા પડેલી રકમમાંથી કેટલીક રકમનો ઉપાડ કરી શકે છે. હા, આ ઉપાડ માટે પણ ચોક્કસ નિયમો કરવામાં આવેલા છે. ઘરની ખરીદી કે પછી હોમ લોનની પુનઃ ચૂકવણી માટે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાંથી નાણાંનો ઉપાડ કરવામાં આવે તો પણ તેના પરે આવકવેરાનો બોજો આવતો નથી. તેને માટે પ્રોવિડન્ટ ફંડની સંપૂર્ણ રકમ નહિ, પરંતુ આંશિક રકમનો ઉપાડ કરવા દેવામાં આવે છે. નોકરિયાત વ્યક્તિ પોતાના કે પછી પોતાના સંતાનોના ઉચ્ચ શિક્ષણના ખર્ચ કરવા માટે પણ પ્રોવિડન્ટ ફંડની રકમમાંથી ઉપાડ કરે તો તેના પર વેરાનો બોજ આવતો નથી. આ જ રીતે લગ્ન કરવા માટેના ખર્ચ માટે પણ પ્રોવિડન્ટ ફંડમાંથી ઉપાડવામાં આવતી રકમ પર કોઈ જ આવકવેરો લાગતો નથી.

પ્રોવિડન્ટ ફંડની રકમ રોકવામાં આવે ત્યારથી માંડીને ઉપાડ કરવા સુધી ટેક્સ ફ્રી હોવાનું સહુ જ માને છે, પરંતુ પારિવારિક જરૂરિયાતને નામે પ્રોવિડન્ટ ફંડ અધવચ્ચેથી જ ઉપાડનારાઓને માથે 30 ટકા આવકવેરાની જવાબદારી આવી શકે છે. ભારતના નોકરિયાતો દર વર્ષે પ્રોવિડન્ટ ફંડમાંથી અંદાજે રૂ. 1 લાખ કરોડનો ઉપાડ કરી રહ્યા છે. સામાન્ય રીતે માન્યતા એવી છે કે પ્રોવિડન્ટ ફંડમાં રોકાણ કરવામાં આવે ત્યારે તેના પર ટેક્સ માફી મળે છે. તેનું વ્યાજ ખાતાંમાં જમા થાય ત્યારે તે વ્યાજ પર કોઈ ટેક્સ લાગુ પડતો નથી. તેમ જ તેનો ઉપાડ કરવામાં આવે ત્યારે પણ તેના પર ટેક્સ લાગુ પડતો નથી.

નિયમ પ્રમાણે પ્રોવિડન્ટ ફંડમાં એટલે કે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાં જમા કરાવવામાં આવેલી રકમ સામાન્ય રીતે 58 કે 60 વર્ષે આવતી નિવૃત્તિ ટાણે જ ઉપાડવાની હોય છે. તેમ જ વ્યક્તિ બેરોજગાર થઈ જાય તેવે તબક્કે પ્રોવિડન્ટ ફંડની રકમનો ઉપાડ કરી શકાય છે.

**આવકવેરા ધારાની કલમ 80 સી હેઠળ તમે પ્રોવિડન્ટ ફંડમાં જમા કરાવેલી રકમ બાદ લીધી હશે તો તેને પણ વેરાને પાત્ર ગણી લેવામાં આવશે**

આ જ રીતે કોઈ નોકરિયાત બે મહિનાથી વધુ ગાળા માટે બેરોજગાર હોય તો તે તેના પ્રોવિડન્ટ ફંડમાં જમા પડેલી સંપૂર્ણ રકમનો ઉપાડ કરી શકે છે. આ જ રીતે નોકરિયાતને કે તેના પરિવારના સભ્યને મેડિકલ ઈમરજન્સી આવે, તેણે ઘર ખરીદવાનું હોય કે પછી તેના સંતાનોનાં ઉચ્ચ શિક્ષણ માટે નાણાંની જરૂર હોય ત્યારે પ્રોવિડન્ટ ફંડમાંથી નાણાંનો ઉપાડ કરી શકાય છે. આ ઉપાડ ચોક્કસ મર્યાદામાં કરી શકાય છે. તેમ જ આ ઉપાડ પર વેરાની જવાબદારી આવી શકે છે. અન્યથા આવકવેરા ધારાની કલમ 80 સી, કલમ 80 સીસીડી હેઠળ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાં જમા થતી રકમ કે તેના પ મળતું વ્યાજ ટેક્સ ફ્રી છે.



# ટૅરિફ વૉર ભારત માટે લઈને આવ્યું છે નિકાસના ફલકને વિસ્તારવાની તક

ટૅરિફ વૉર છેડીને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના બજારમાં મોટી ઊથલપાથલ મચાવી દીધી છે. ટૅરિફ વૉરને કારણે સમગ્ર વિશ્વના વેપારમાં મોટા બદલાવ આવી રહ્યા છે. અનિશ્ચિતતાનો આ માહોલ ભારતને ફટકો મારશે કે પછી ભારતને માટે મોટી તક ઊભી કરી આપશે તે અંગે તર્કવિતર્ક ચાલી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટૅરિફ વૉરને પરિણામે ઊભી થયેલી અનિશ્ચિતતાના માહોલમાં જે દેશો પાસે પોતાનાં જ મોટાં બજાર છે તે દેશો પરિસ્થિતિનો વધુ મક્કમતાથી સામનો કરી શકશે. હા, ભારત પાસે પણ પોતાના દેશમાં જ બહુ મોટું બજાર છે. જોકે ભારત સ્થાનિક સ્તરના કદાવર બજારને જોરે ટૅરિફ વૉરને પરિણામે ઊભી થયેલી આપત્તિનો આસાનીથી સામનો કરી શકશે કે કેમ તે અંગે અત્યારે સચોટ તારણ પર આવવું કઠિન તો છે જ છે, પરંતુ તેને પરિણામે ભારતને તકલીફ ઓછી પડશે તેવાં તારણો રજૂ કરવામાં આવી રહ્યાં છે. આમેય ટૅરિફ વૉર શરૂ થાય અને બે દેશો એકબીજા પર આયાત ડ્યૂટી લગાડવાનું શરૂ કરી દે ત્યારે કોઈ પણ દેશ વેપાર માટે બીજા ભાગીદાર દેશની તલાશ ચાલુ કરી જ દે છે.



## ટૅરિફ વૉરથી ઊભી થયેલી અનિશ્ચિતતામાં ભારતે કયા દેશમાં કઈ વસ્તુઓની નિકાસ પર ફોકસ કરવું જોઈએ

ભારતના ઉત્પાદકો ડેવલપ થઈ ગયેલા દેશોમાં ઊંચા મૂલ્યની સેવાઓ, ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ, ટેક્નૉલૉજી, ગ્રીન એનર્જીની ટેક્નૉલૉજીની નિકાસ કરી શકે છે તેમ જ વિકસી રહેલા દેશોના બજારમાં ભારત ગ્રાહકોને પરવડે તેવા ભાવનાં ઉત્પાદનો, માળખાકીય સુવિધા તૈયાર કરવા માટે જરૂરી ઉત્પાદનો, વાહનો, આહારની સામગ્રીઓ તથા પાયાની સેવાઓને લગતાં ઉત્પાદનોની નિકાસ કરી શકે છે. વિશ્વના દેશો વચ્ચેના વેપારમાં સૌથી વધુ ઝડપથી વિકસી રહેલા સેક્ટરમાં ફાર્માસ્યુટિકલ્સ, આઈટી સર્વિસિસ, ઈલેક્ટ્રૉનિક્સ, ટેક્સટાઈલ અને જેમ્સ ઍન્ડ જ્વેલરીનો સમાવેશ થાય છે. યુનાઈટેડ આરબ અમિરાત સાથે ભારતે કૉમ્પ્રિહેન્સિવ ઈકૉનૉમિક પાર્ટનરશિપ ઍગ્રીમેન્ટ-સેપા કરી લીધા છે. જ્યારે જાપાન તેની સપ્લાય ચેઈન બદલવા માગે છે અને ભારતના સપ્લાયર પર તેને સૌથી વધુ વિશ્વાસ હોવાના નિર્દેશો મળી રહ્યા છે. જર્મનીમાં ભારતમાંથી થતા કુલ મર્ચન્ડાઈઝ એક્સપોર્ટમાંથી 2.27 ટકા એક્સપોર્ટ થાય છે. વિયેટનામમાં ભારતના એક્સપોર્ટર્સ માટે સારામાં સારી તક છે. આફ્રિકાના દેશોમાં પરવડે તેવા ભાવથી મળતી અને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સની ડિમાન્ડ ખાસ્સી હોવાથી આ પ્રોડક્ટ્સની નિકાસ કરવાની ભારત માટે સારામાં સારી તક છે. ભારત અને કૅનેડા વેપારના મોરચે સહકાર-સહયોગ વધારવા માટે ચર્ચાવિચારણા કરી જ રહ્યાં છે. ભારતમાંથી થતા મર્ચન્ડાઈઝ એક્સપોર્ટમાંથી 2.55 ટકા એક્સપોર્ટ બાંગલાદેશમાં થાય છે. વિશ્વના બજારમાં ભારતની આઈટી સર્વિસની એક્સપોર્ટ બમણી થઈ ચૂકી છે. અમેરિકા, બ્રિટન, નેધરલૅન્ડ, યુનાઈટેડ આરબ અમિરાત, ઈટાલીમાં ભારતની ઈલેક્ટ્રૉનિક આઈટમ્સની નિકાસ વધી રહી છે. આ દરેક ક્ષેત્રમાં વધારાની તક નિર્માણ થવા માંડશે.

અમેરિકામાં ભારતે ફાર્માસ્યુટિકલ્સ-જેનરિક દવાઓ, વૅક્સિન-રસીઓ, ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજીમાં ક્લાઉડ અને સાઈબર સિક્યૉરિટી તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સેક્ટર પર ભારતે ફોકસ કરવું જોઈએ તેમ જ સોના અને હીરાના દાગીનાની નિકાસ પર ફોકસ કરવું જોઈએ. અમેરિકામાં ટેક્સટાઈલ અને ઍપરલની નિકાસ પર પણ ફોકસ કરવાથી ઍડવાન્ટેજ મળી શકશે. આ જ રીતે અમેરિકામાં ઑટોપાર્ટ્સ તથા મશીનરીની નિકાસ પર ફોકસ કરવું લાભદાયી સાબિત થશે.



બ્રિટનમાં ભારતે જેનરિક ડ્રગ્સ એટલે કે ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ ઉપરાંત ફાઈનાન્શિયલ અને લીગલ સર્વિસીસ આઉટસોર્સિંગ, ઍપરલ અને ઑર્ગેનિક કૉટનમાંથી બનાવવામાં આવતાં વસ્ત્રો, મરીમસાલા અને પ્રોસેસ્ડ ફૂડ, જેમ્સ ઍન્ડ જ્વેલરીની નિકાસ પર ફોકસ કરવું જોઈએ. ભારત અને બ્રિટન વચ્ચેના ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ ઍડવાન્સ સ્ટેજમાં પહોંચી ચૂક્યા છે. ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટને ગમે ત્યારે આખરી ઓપ આપી દઈને તેના અમલનું આયોજન થઈ જ શકે છે.



ઑસ્ટ્રેલિયામાં ટેક્સટાઈલ અને રેડીમેડ ગારમેન્ટની નિકાસ પર ફોકસ કરવું જોઈએ. દવાઓ અને મેડિકલ ઈક્વિપમેન્ટની નિકાસ પર ફોકસ કરવું જોઈએ. ચા, મસાલા અને ડાંગર જેવી કૃષિઉપજોની નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઉત્ખનન-માઈનિંગ માટેનાં ઉપકરણો અને ટેક્નૉલૉજી સર્વિસના કામકાજ પર ફોકસ કરવું જોઈએ. તદુપરાંત રિન્યુએબલ એનર્જીના પૂરજાઓ સપ્લાય કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.



યુનાઈટેડ આરબ અમિરાત સાથેના વેપારની વાત કરીએ તો ભારતે જેમ્સ ઍન્ડ જ્વેલરી, ઈલેક્ટ્રૉનિક ગુડ્સ, ટેક્સટાઈલ ઍપરલ, મરીમસાલા, પૅકેજ ફૂડ અને અનાજ જેવી ફૂડ પ્રોડક્ટ્સની નિકાસ કરવા પર ફોકસ કરવું જોઈએ. યુનાઈટેડ આરબ અમિરાતમાં બાંધકામઉદ્યોગ કૂદકે ને ભૂસકે વધી રહ્યો હોવાથી ભારતે બિલ્ડિંગ મટીરિયલના સપ્લાય પર પણ ફોકસ કરવું જોઈએ.



ટેરિફ વૉરને પરિણામે ઊભી થયેલી અનિશ્ચિતતાના ગાળામાં ભારતે જાપાન સાથેના વેપારમાં ઑટોમોબાઈલના પૂરજાઓ, મશીનરી અને પ્રિસિઝન ટૂલ્સ, ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઑફ થિન્ગ જેવી આઈટી સર્વિસ તથા સોલર પાવર પેદા કરવા માટેની રિન્યુએબલ એનર્જીનાં ઉપકરણોની નિકાસ કરવા પર ભારતે ફોકસ કરવું જોઈએ.

જર્મનીમાં ઑટોમોબાઈલના પૂરજાઓ, કેમિકલ અને સ્પેશિયાલિટી કેમિકલ્સ, ઈલેક્ટ્રિકલ મશીનરી, રિન્યુએબલ એનર્જીની ટેક્નૉલૉજી તથા તેનાં સાધનો અને આઈટી કન્સલ્ટિંગ સર્વિસની નિકાસ કરવા પર ભારતે ફોકસ કરવું જોઈએ.





કેનેડામાં પણ ભારત જેનરિક દવાઓ, ચોખા, મસાલા અને કઠોળ જેવાં ઉત્પાદનો, ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજી સર્વિસિસની પ્રોડક્ટ્સ, સોલર અને વિન્ડ એનર્જીથી વીજળી પેદા કરવા માટેનાં ક્લીન એનર્જીનાં ઉપકરણો અને એન્જિનિયરિંગ ગુડ્સની નિકાસ પર ફોકસ કરી શકે છે.



વિયેટનામમાં કૉટન ટેક્સટાઈલ માટે જોઈતાં યાર્ન કે કપાસની નિકાસ પર, ઑર્ગેનિક કેમિકલ્સની નિકાસ પર, પ્લાસ્ટિક અને રબરની નિકાસ પર, મશીનરીના પૂરજાઓની નિકાસ પર, જેનરિક દવાઓની નિકાસ પર ફોકસ કરી શકાય છે.

ઈજિપ્ત, કેનિયા, દક્ષિણ આફ્રિકા અને નાઈજીરિયા જેવા દેશોમાં સસ્તા દામની જેનરિક દવાઓ, ટુ-વ્હીલર્સ, ઑટોમોબાઈલ્સ, પ્રોસેસ્ડ ફૂડની આઈટમ્સ, માળખાકીય સુવિધા ઊભી કરવા માટે જરૂરી સિમેન્ટ અને સ્ટીલની નિકાસ, શિક્ષણને લગતી અને આઈટી સર્વિસિસને લગતી પ્રોડક્ટ્સની નિકાસ કરી શકશે.





બાંગલાદેશ વસ્ત્રો બનાવવાનું હબ હોવાથી બાંગલાદેશમાં યાર્ન, કૉટન-કપાસ, ઓછી કિંમતનાં ટુ-વ્હીલર્સના પાર્ટ્સ સહિતની ઑટોમોબાઈલ્સ પ્રોડક્ટ્સ તથા ટેક્સટાઈલ અને કન્સ્ટ્રક્શન મશીનરીની નિકાસ પર ફોકસ કરી શકે છે. ખાદ્ય તેલ, અનાજ, ઔદ્યોગિક વપરાશ માટેનાં રસાયણોની નિકાસ વધારવા પર ફોકસ કરી શકે છે.

એક, ભારતનું બજાર મોટું હોવાથી વિશ્વસ્તરના રોકાણકારોએ ભારતમાં મૂડીનું રોકાણ કરવા પર નજર ઠેરવી છે. એપ્રિલથી જૂન, 2024ના ત્રિમાસિક ગાળામાં ભારતમાં 22.5 અબજ ડૉલરનું રોકાણ આવ્યું હતું. તેમાં 2023-24ના એપ્રિલ-જૂનના ગાળાની તુલનાએ 26.4 ટકાનો તગડો વધારો થયો છે. 2024-25ના પહેલા છ માસને અંતે આ વધારો 26 ટકાનો રહ્યો હતો. મૅન્યુફૅક્ચરિંગ, ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ટેલિકૉમ્યુનિકેશન-સંદેશવહનના ક્ષેત્રમાં ખાસ્સા પ્રમાણમાં વિદેશી રોકાણ આવ્યું છે. આર્થિક બાબતોના સરકારી વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડાઓ પ્રમાણે સમગ્રતયા 2024-25ના આખા વર્ષમાં ભારતમાં 42.1 અબજ ડૉલરનું રોકાણ આવ્યું છે. જોકે છેલ્લા ત્રિમાસિક ગાળાના રોકાણના આંકડાઓ હજી ઉપલબ્ધ નથી. છતાંય તેમાં સારો વધારો થયો હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.

ભારતમાં સીધું વિદેશી રોકાણ કરનારા દેશોમાં મોરેશિયસ, સિંગાપોર, અમેરિકા, નેધરલૅન્ડ, જાપાન અને બ્રિટનનો મોટો ફાળો છે. બીજી તરફ ભારત સરકારે પણ સીધા વિદેશી રોકાણને આકર્ષવામાં કોઈ જ કસર છોડી નથી. ભારત સરકારે દેશમાં બિઝનેસ કરવાના માહોલમાં સુધારો કર્યો છે તેમ જ પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ પણ આપી જ છે. પરિણામે સ્થાનિક ઉત્પાદકોને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે.

ટૅરિફ વૉરની સાથે ઊભી થયેલી અનિશ્ચિતતાના માહોલમાં શૅરબજારથી માંડીને તમામ બજારમાં વધારો અને ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લાં આઠથી દસ અઠવાડિયાંમાં આ વધઘટ ખાસ્સી મોટી જોવા મળી રહી છે. ભારતના શૅરબજારના સેન્સેક્સમાં થયેલી તડાફડીને કારણે ઇન્વેસ્ટર્સને રૂ. 20 લાખ કરોડથી વધુનું ધોવાણ થઈ ગયા બાદ ફરીથી બજાર બાઉન્સ બૅક થતાં રૂ. 20 લાખ કરોડથી વધુનો ગેઇન-લાભ ઇન્વેસ્ટર્સને મળ્યો છે. આ ચાલ અમેરિકાનાં શૅરબજારોમાં પણ જોવા મળી રહી છે. 20થી 24મી એપ્રિલ 2025ના ગાળામાં અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કના વડા જેરોમ પોવેલને હોદ્દા પરથી ડોનાલ્ડ ટ્રમ્પ દૂર કરી દેશે તેવી વાતો વહેતી થઈ જતાં ડાઉજોન્સના ઇન્ડેક્સમાં 3.26 ટકાનું જબરદસ્ત ગાબડું પડ્યું હતું. બીજી તરફ વૉલ સ્ટ્રીટમાં થતી ઊથલપાથલને આધારે જ વધઘટ બતાવતાં મુંબઈ શૅરબજારમાં 20થી 24 એપ્રિલના ગાળમાં સેન્સેક્સમાં 1.09 ટકાનો એટલે કે 865 પૉઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. ત્યાર બાદ પણ તેમાં 169.75 પૉઇન્ટનો સુધારો જોવા મળ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પણ છેલ્લા ત્રણેક મહિનાઓમાં ભારતીય બજારોમાં 15,000 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આમ તેમના રોકાણ કરવાની પૅટર્નમાં સાવધાનીભર્યો અભિગમ પણ જોવા મળી રહ્યો છે. તેમને આશા છે કે વર્તમાન વૈશ્વિક માહોલમાં પણ ભારતીય બજારો સુધારા કે વધારાતરફી ચાલ બતાવી શકે છે.

# બ્રિટન સાથે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટનો ઝડપી અમલ કરવાનો પ્રયાસ

ભારતના વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલ દ્વિપક્ષી વેપાર માટે બ્રિટનના વેપારમંત્રી જોનાથન રેનોલ્ડ્સને મળ્યા હતા અને દ્વિપક્ષી વેપાર વધારવા માટે ચર્ચાવિચારણા કરી હતી. 27મી એપ્રિલના કરવામાં આવેલી આ મંત્રણામાં ભારત-બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ કરવાને મુદ્દે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. લંડનમાં આ મીટિંગ યોજવામાં આવી હતી. બંને દેશના વડા વચ્ચે અર્થપૂર્ણ મંત્રણા યોજાઈ હતી. ભારત-બ્રિટન વચ્ચેના આર્થિક સંબંધોને વધુ સઘન બનાવવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. ટૅરિફ વૉરના સમયમાં ભારતના ઉત્પાદકો-મૅન્યુફૅક્ચરર્સને અન્ય બજાર મળી રહે તેવાં પણ ગણિતો છે. બંને દેશો આ મુદ્દે ચર્ચા કરવા માટે આઠ મહિના બાદ ફરી મળ્યા છે. બ્રિટન સરકારે પણ ટૅરિફમાં અને તેમાંય ખાસ કરીને સ્કોચ વ્હિસ્કી, ઈલેક્ટ્રિક કાર, ઘેટાંના માંસ, ચૉકલેટ્સ અને ફાઇનાન્શિયલ સર્વિસ પરના ટૅરિફમાં ઘટાડો કરવાની માગણી કરી છે. બીજી તરફ ભારત બ્રિટનના પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચવાની મહેચ્છા ધરાવે છે. અમેરિકાના લેબર માર્કેટમાંથી વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ ભારતના બજારમાં આવે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે તેમ જ મહત્ત્વની વસ્તુઓની ડ્યૂટી ફ્રી આયાત ભારતમાં થાય તેવી પણ ગણતરી છે.

**ભારત નાના નાના દેશો સાથેના વેપારમાં વધારો કરીને ટૅરિફ વૉરને કારણે સંભવતઃ ઘટનારી નિકાસને જાળવી રાખી શકશે.**

**મૅન્યુફૅક્ચરિંગ, ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ટેલિકૉમ્યુનિકેશન-સંદેશવહનના સહિતના ક્ષેત્રમાં વિદેશી રોકાણ આવ્યું છે. સરકારી આંકડાઓ પ્રમાણે સમગ્રતયા 2024-25માં ભારતમાં 42.1 અબજ ડૉલરનું રોકાણ આવ્યું છે.**



## સ્થાનિક પ્રજાની ડિમાન્ડ મૅન્યુફૅક્ચરર્સને ટકાવશે

ટૅરિફ વૉરમાં પણ ભારત પોતાના દેશના સ્થાનિક બજારની ડિમાન્ડને જોરે ટકી જશે તેવા આશાવાદ પાછળનું મૂળ કારણ એ છે કે ભારતની 140 કરોડ પ્રજાનો વપરાશ. ચીજવસ્તુઓનો જબરદસ્ત વપરાશ ભારતમાં થઈ રહ્યો છે, તેથી મૅન્યુફૅક્ચરર્સને તેમના માર્કેટ મળી શકે તેમ જ છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટૅરિફ વૉરને પરિણામે અને અમેરિકાના ઉત્પાદન એકમોને રક્ષણ આપવાની ડોનાલ્ડ ટ્રમ્ફની નીતિઓને પરિણામે નિર્માણ થનારી પરિસ્થિતિને ભારતના ઉત્પાદકોને કે મૅન્યુફૅક્ચરર્સને હતાશ કરશે નહિ. ભારતનું બજાર આ આઘાતને આસાનીથી સહન કરી લેશે તેવું સરળ અને સહજ અનુમાન કરી શકાય તેમ છે. એશિયાના દેશોમાં 1999ની સાલમાં નિર્માણ થયેલી નાણાકીય કટોકટીના સમયમાં ભારત મજબૂત સ્થાનિક બજારને જોરે જ વિષમ સ્થિતિમાં પણ સફળતાથી ટકી શક્યું હતું તેમ જ ભારતના રૂઢિચુસ્ત નાણાકીય ક્ષેત્રને કારણે ભારત આર્થિક કટોકટીમાંથી બહાર નીકળી શક્યું હતું. રૂઢિચુસ્ત નાણાકીય અભિગમમાં મૂડીને બચાવવાનું અને જોખમને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેનો અર્થ એ થયો કે ઓછું વળતર મળે તો તે પણ ચલાવી લઈને વધુ આક્રમક રોકાણ કરવા તરફ ન વળવાની ભારતીયોની માનસિકતા તેમને મદદરૂપ બની રહી હતી. તેમાંય ખાસ કરીને નિવૃત્તિને આરે આવેલા કે નિવૃત્ત થઈ ચૂકેલા રોકાણકારો આક્રમક રોકાણનીતિને અનુસરતા નથી. બીજું અન્ય દેશના નાગરિકોની તુલનાએ ભારતીયોની બચત કરવાની માનસિકતા વધુ મજબૂત છે. આ બચતના વ્યાજ કે કૅપિટલ ગેઈનના માધ્યમથી તેઓ દર મહિને નિશ્ચિત આવક કરી લેતા હોવાનું જોવા મળે છે. ભારતીય નાગરિકો ટૅરિફ વૉરને કારણે નિર્માણ થયેલી સ્થિતિને પણ આર્થિક ઉદારીકરણના વ્યૂહમાં પલટી નાખીને પોતાના દેશને મુસીબતમાંથી ઉગારી શકશે. 1991ની સાલમાં પ્રધાનમંત્રી પી. વી. નરસિંહા રાવ અને નાણામંત્રી મનમોહન સિંહે કરેલા ચમત્કારિક પરિવર્તન જેવું કે તેનાથીય સંગીન પરિવર્તન વર્તમાન કેન્દ્ર સરકાર લાવવાને સમર્થ છે.

છેલ્લાં દસ વર્ષથી અનેક દેશમાંથી વિદેશી રોકાણ અમેરિકા તરફ ફંટાતું આવ્યું છે. વિદેશી રોકાણની અમેરિકાના દેશમાંની આ ભરતી હવે બીજા દેશ તરફ એટલે કે ભારત તરફ વળી શકે છે. વિશ્વભરના



**ભારતનું બજાર મોટું હોવાથી વિશ્વસ્તરના રોકાણકારોએ ભારતમાં મૂડીનું રોકાણ કરવા પર નજર ઠેરવી છે. એપ્રિલથી જૂન 2024ના ત્રિમાસિક ગાળામાં ભારતમાં 22.5 અબજ ડૉલરનું રોકાણ આવ્યું હતું. તેમાં 2023-24ના એપ્રિલ-જૂનના ગાળાની તુલનાએ 26.4 ટકાનો તગડો વધારો થયો છે.**

રોકાણકારોને અત્યારે વિકાસની શક્યતા ધરાવતા, રોકાણને સલામત રાખીને તેમાં વૃદ્ધિ કરી આપે તેવા તથા સ્થિર આવક કરી આપે તેવા રોકાણના વિકલ્પની તલાશ છે. ભારત આ વિકલ્પ પૂરો પાડી શકે તેમ છે. તેમાંય ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ અને ડિજિટલ સર્વિસના સેક્ટરમાં ઉપરોક્ત અપેક્ષા સંતોષે તેવી અનેક તક જોવા મળી રહી છે. માત્ર ભારત જ નહિ, એશિયાના દેશોની કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ બનાવતી કંપનીઓમાં વર્તમાન વિશ્વવેપારના માહોલમાં પણ રોકાણ કરીને સારી આવક કરવાની તક જોવા મળી રહી છે. આ રોકાણ મોટા ઈન્વેસ્ટર્સને સલામત જણાઈ રહ્યા છે.

'ફાઈનાન્શિયલ ટાઈમ્સ'ના કટારલેખક રુચિર શર્માએ પણ વિદેશી રોકાણકારોના ઉપરોક્ત મૂડને તેમના લખાણમાં પ્રતિબિંબિત કર્યો છે. સામાન્ય માન્યતા એવી છે કે આખલાની લડાઈમાં ઝાડનો ખો, પરંતુ અમેરિકાએ છેડેલા ટૅરિફ વૉરમાં માત્ર નાના દેશોને નુકસાન જ થશે તેવી માન્યતા સો ટકા સાચી નથી. સુપર પાવર વચ્ચેના આ સંઘર્ષને ઘણા નાના દેશો એક તકમાં પલટી શકે છે. સ્થાનિક અર્થતંત્રને અસર કરતી બાબતોમાં ફેરફાર કરીને આ પરિવર્તન લાવી શકે છે. નાના નાના દેશો એકબીજા સાથેના વેપારમાં વધારો કરીને ટૅરિફ વૉરથી નિર્માણ થયેલી સ્થિતિમાંથી સરળતાથી બહાર આવી શકે છે.

ટૅરિફ વૉરની છેલ્લી પરિસ્થિતિને જોવામાં આવે તો ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રેડવૉરને હળવું કરી દેવાનો કોઈ જ નિર્દેશ હજી સુધી આપ્યો નથી તેમ જ હવે પછી પણ અવિચારી કે બેફામ નિર્ણય લેવાનું ડોનાલ્ડ ટ્રમ્પ બંધ કરશે તેવા કોઈ જ સંકેતો આપ્યા નથી. છતાં અમેરિકા વૈશ્વિક વેપારનું નવું માળખું તૈયાર કરવા મક્કમ છે. જોકે આ લડાઈને 90 દિવસ સુધી મુલતવી રાખવા હાર્વર્ડના બે અર્થશાસ્ત્રીઓ ડોનાલ્ડ ટ્રમ્પને સમજાવવામાં સફળ થયા છે. તેથી થોડી રાહત થઈ છે. છતાંય ટૅરિફ વૉરને કારણે 1929 જેવી આર્થિક કટોકટી આવે તો સરકાર તેને પહોંચી વળે તેવી પણ શક્યતા છે. અમેરિકાનું અર્થતંત્ર તૂટતું જશે તેમ તેમ ટ્રેડવૉર આકરું બનતું જશે, કારણ કે તેની અસર હેઠળ વૈશ્વિક મંદીનો આરંભ થવાની સંભાવના રહેલી છે. 1929માં વૉલ સ્ટ્રીટમાં મોટો કડાકો બોલી ગયો હતો. આ માર્ગે આગળ વધતાં ચિંતાઓ વધવાની છે. તેની બહુ જ ખરાબ અસર જુદા જુદા દેશો પર પડી શકે છે.

પરંતુ આ અંધાધૂંધીને પરિણામે નવી તકના યુગનો આરંભ થઈ શકે છે. અત્યારે તો એટલું કહી શકાય તેમ છે કે જ્યાં અંધાધૂંધી છે ત્યાં અનિશ્ચિતતા છે જ છે. આ સ્થિતિમાં કોઈ પણ માર્કેટને સલામત ગણી શકાય નહિ, કારણ કે તરંગી ટ્રમ્પ વધુ તરંગી પગલાં લે તેવી શક્યતાને નકારી શકાતી નથી. તેથી સારામાં સારું અર્થતંત્ર ધરાવતો દેશ તેમાં અટવાઈ જાય તો નવાઈ પામવા જેવું રહેશે નહિ.

અમેરિકા ચીનની બનાવટની ચીજવસ્તુઓ પર 145 ટકા જેટલું ટૅરિફ લાદશે તો અમેરિકાને બીજા સપ્લાયરની જરૂર પડશે. તેનો ઍડવાન્ટેજ ભારત ટેક્સટાઇલ, ઍસેમ્બલ કરેલી ઇલેક્ટ્રૉનિક્સ આઇટમ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ઇન્ફોર્મેશન ટેક્નૉલૉજીના

સેક્ટરની સર્વિસિસમાં લાભ ઉઠાવી શકે છે. ટૅરિફ વૉરને કારણે ચીનની બનાવટનાં કપડાં વધુ મોંઘાં થઈ જશે. ભારતીય કપડાંમાં ડેનિમ, કૉટનનાં વસ્ત્રો અને સિન્થેટિક બ્લેન્ડ કરેલા ભારતીય બનાવટનાં વસ્ત્રોની ડિમાન્ડ વિશ્વબજારમાં વધી જશે. આમે મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશને કારણે છેલ્લાં થોડાં વરસોથી ભારતીય મોબાઈલ મૅન્યુફૅક્ચરર્સનું વિશ્વબજારમાંના મોબાઈલનો સપ્લાય સતત વધી રહ્યો છે. ઍપલ જેવી વિશ્વની ટોચની મોબાઈલ મૅન્યુફૅક્ચરિંગ કંપનીએ ભારતમાં તેનો પ્રોડક્શન બેઝ ઊભો કરવાનું ચાલુ કરી દીધું છે. ટૅરિફ વૉરને કારણે ઍસેમ્બલ કરેલા ફોન, સેમિકન્ડક્ટર્સ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રૉનિક્સનાં ભારતીય ઉપકરણોની વિશ્વના બજારમાં ડિમાન્ડ ખાસ્સી વધી જવાની સંભાવના રહેલી છે.



અમેરિકાની માફક યુરોપિયન સંઘના દેશોને પણ સપ્લાયની અછત વર્તાશે તો તેઓ ભારતના મૅન્યુફૅક્ચરિંગ એકમો પર મદાર બાંધતા થશે. ભારતના ઑટોમોટિવ પાર્ટ્સના લેવાલો યુરોપિયન સંઘના દેશોમાં પણ જોવા મળશે. ગ્રીન એનર્જીના પ્રોજેક્ટ્સ ભારતમાં ખાસ્સા આવી રહ્યા છે. ગ્રીન એનર્જીની પ્રોડક્ટ્સની ડિમાન્ડ પૂરી કરવા ભારત તરફ વળી શકે છે. જાપાન જેવો ટેક્નોલોજીની દૃષ્ટિએ અગ્રેસર ગણાતો દેશ પણ સપ્લાય માટે ભારત પર મદાર બાંધી શકે છે. જાપાન પણ ચીન પરની નિર્ભરતા ઘટાડી દેવા સક્રિય બન્યું છે. ઈલેક્ટ્રૉનિક્સ ગુડ્સ, ઑટોમોબાઈલ પાર્ટ્સ અને મશીનરી માટે જાપાન ભારત પર વધુ મદાર બાંધતું થશે. ઑસ્ટ્રેલિયાએ ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ કરીને ભારત સાથેના વેપારી સંબંધો ગાઢ બનાવવાનું ચાલુ કરી દીધું છે. ભારત-ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર 2022થી આર્થિક સહકાર અને વેપારી કરાર (ઈસીટીએ)નો અમલ ચાલુ કરી દીધો હોવાથી ઑસ્ટ્રેલિયા દ્વારા નિકાસ કરવામાં આવતી 85 ટકા ચીજવસ્તુઓ ભારતમાં ડ્યૂટી ફ્રી આવે છે. પહેલી જાન્યુઆરી 2026થી આ વસ્તુઓનું પ્રમાણ વધીને 100 ટકા થઈ જશે. કૃષિઊપજોની નિકાસ પરનું ઊંચું ટૅરિફ ઘટાડી દેવામાં આવ્યું છે. વિશ્વની સપ્લાય ચેઈન ખોરવાય ત્યારે ભારતના હરીફ ગણાતા થાઈલૅન્ડ, વિયેટનામ અને ઈન્ડોનેશિયા જેવા દેશો પણ ફાર્માસ્યુટિકલ્સ, આઈટી સર્વિસિસ અને માળખાકીય સુવિધા ઊભી કરવાના સેક્ટરમાં ભારતનો પૂરતો સહયોગ આપે જ છે.

ટૅરિફ વૉર વકરી રહ્યું છે ત્યારે લૅટિન અમેરિકાના બ્રાઝિલ અને મેક્સિકો જેવા દેશો પણ ટેક્નૉલૉજીની પ્રોડક્ટ્સ, ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્ટ્સ અને પ્રોસેસ્ડ ફૂડના સેક્ટરમાં વેપાર કરવા માટે વૈકલ્પિક દેશોની તલાશ કરી રહ્યા છે. આમ અમેરિકા-ચીન, યુરોપિયન સંઘના દેશો અને ચીન, અમેરિકા અને યુરોપિયન સંઘના દેશો વચ્ચેના ટૅરિફ વૉરના સમયમાં વિશ્વભરના દેશના ઈન્વેસ્ટર્સ પોતાની કંપનીઓના એકમો ભારતમાં ચાલુ કરવાનું વધુ પસંદ કરશે. તેનો લાભ ભારતના અર્થતંત્રને તથા ભારતના લોકોને મળશે. મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશ તો ભારત સરકાર જોરશોરથી ચલાવી જ રહી છે. ટૅરિફ વૉરના ગાળામાં મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશને વધુ વેગ મળશે.

**રૂઢિચુસ્ત નાણાકીય અભિગમમાં મૂડીને બચાવવાનો અને જોખમને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેનો અર્થ એ થયો કે ઓછું વળતર મળે તો તે પણ ચલાવી લઈને વધુ આક્રમક રોકાણ કરવા તરફ ન વળવાની ભારતીયોની માનસિકતા તેમને મદદરૂપ બનશે.**

એપ્રિલ 2025ના અંતની સ્થિતિએ વિચાર કરવામાં આવે તો ટૅરિફ વૉરને કારણે ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને મોટામાં મોટો ફાયદો મળી શકે છે. જેનરિક દવાઓના ઉત્પાદનની બાબતમાં ભારત એક કદાવર દેશ તરીકે ઊપસી ચૂક્યો છે. કોરોના કાળમાં વિશ્વભરના દેશોને રસી પૂરી પાડીને ભારતના ફાર્માસ્યુટિકલ સેક્ટરે સમગ્ર વિશ્વમાં પોતાની ઈમેજ ક્વૉલિટી અને સાઉન્ડ સપ્લાયર તરીકેની બનાવી લીધી છે. પશ્ચિમના દેશો પણ દવાના સપ્લાયની બાબતમાં ચીન પરની નિર્ભરતા ઘટાડવા માગે છે. તેનો ઍડવાન્ટેજ ભારતને મળશે. અમેરિકા અને યુરોપિયન સંઘના દેશો સૉફ્ટવેર ડેવલપમેન્ટ, ક્લાઉડ સર્વિસિસ અને સાઈબર સિક્યૉરિટી તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બાબતમાં ભારત પર વધુ મદાર બાંધતાં થશે.

ભારતની કૃષિઊપજ અને પ્રોસેસ્ડ ફૂડની ડિમાન્ડ પણ ટૅરિફ વૉરને કારણે વધી જવાની શક્યતા છે જ છે. ભારતીય ચોખા, ભારતીય મસાલાઓ, ચાર, રેડી ટુ ઈટ ફૂડ અને ઑર્ગેનિક ખેતીની પ્રોડક્ટ્સની ડિમાન્ડ વધી રહી છે. જે દેશો ચીનની બનાવટનાં ઉત્પાદનોને ટાળવા માગી રહ્યા છે તે દેશોમાં ભારતનાં ઉત્પાદનોને નવું બજાર મળી રહેવાની મજબૂત સંભાવના છે. ચીની બનાવટની વસ્તુઓ ખરીદવાનું પસંદ ન કરનારા દેશોમાં અમેરિકા અને યુરોપિયન સંઘના દેશો ઉપરાંત ભારત, ઑસ્ટ્રેલિયા, વિયેટનામ, તુર્કસ્તાન, પાકિસ્તાનનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં ઑટોમોબાઈલ્સના પૂરજાઓ બનાવતી કંપનીઓને તેનો ખાસ્સો લાભ મળશે, કારણ કે જાપાન, અમેરિકા અને ચીની બનાવટના ઑટોમોબાઈલ્સના પૂરજાઓ ખૂબ જ મોંઘા પડી રહ્યા છે. કેમિકલ્સ અને સ્પેશિયાલિટી કેમિકલ્સની નિકાસના દરવાજાઓ પણ ભારતને માટે ખૂલી રહ્યા છે. સ્પેશિયાલિટી કેમિકલ્સના સપ્લાયની બાબતમાં ભારત વિશ્વબજારમાં એક વિશ્વસનીય સપ્લાયર તરીકે ઊભરી રહ્યો છે. એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ સહિતની રંગ બનાવતી કંપનીઓને પણ ટૅરિફ વૉરનો ફાયદો થશે. વિશ્વના ઘણા દેશો ભારત પાસેથી ડેકોરેટિવ અને ઈન્ડસ્ટ્રિયલ પેઈન્ટ્સ એટલે કે ઘરની સજાવટ અને કૉમર્શિયલ એકમોને અપ-ટુ-ડેટ રાખવા માટેના પેઈન્ટ્સના સપ્લાય માટે પણ વિશ્વના ઘણા દેશો હવે ભારત પર મદાર બાંધતા થયા છે.

ડિફેન્સ અને ઍરોસ્પેસ કૉમ્પોનન્ટ્સના ઉત્પાદનમાં પણ ભારત સારું કાઠું કાઢી રહ્યું છે. ડ્રૉનના ઉત્પાદનમાં ભારતે ખાસ્સી પ્રગતિ કરી લીધી છે. ઍરોસ્પેસનાં ઉપકરણોના પૂરજાઓના ઉત્પાદનમાં ભારતે સારી પ્રગતિ કરી છે. ટૅરિફ વૉર ચાલુ થયું હોવાથી આ ક્ષેત્રોમાં પણ ભારતને માટે નવી તક નિર્માણ થશે. ચીન સાથેના વેપારમાંથી દૂર થવા માગતા દેશો ભારત તરફ વળશે તે નિશ્ચિત છે. સમગ્રતયા મેક ઈન ઈન્ડિયા અને પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ભારતના મૅન્યુફૅક્ચરર્સ અને પ્રોડ્યુસર્સને લાભ અપાવશે. તેમાંય વિશ્વવેપારમાં અનિશ્ચિતતા વધી જાય ત્યારે ભારતને તેનો ઍડવાન્ટેજ મળવાની ભરપૂર શક્યતા રહેલી છે.

# છેવટે ટ્રમ્પે ઑટો પાર્ટ્સના ટૅરિફ ઘટાડવાનો નિર્ણય લીધો

**ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સની નિકાસ બંધ થાય તો અમેરિકાની ઘણી મોટર બનાવતી કંપનીઓ માટે નાદારી નોંધાવવાની નોબત આવે તેમ હોવાથી ટ્રમ્પને અમેરિકાની મોટર મૅન્યુફૅક્ચરિંગ કંપનીઓની રજૂઆત આવતાં ફેરવિચાર કરી ટૅરિફ હટાવી દીધો**

**ટ્રમ્પે ટૅરિફ ઘટાડ્યા હોવા છતાં ગુજરાત-ભારતના ઑટો પાર્ટ્સ નિકાસ વધારવા માટે ભારતના નિકાસકારોએ મેક્સિકો અને કૅનેડાનાં બજાર ડેવલપ કરવા પર ફોકસ કરવું જોઈએ.**

તરંગી શાસક તરીકેની છાપ ધરાવતા અમેરિકાના પ્રમુક ડોનાલ્ડ ટ્રમ્પ ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી ઘટાડી દીધી છે. પરિણામે ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સે હાલ પૂરતી તો નિકાસના નવા બજાર શોધવાની જફામાંથી મુક્તિ મળી છે. ઑટો પાર્ટસ પરની ડ્યૂટી વધારવાને પરિણામે અમેરિકાના ઑટોમોબાઈલ મૅન્યુફૅક્ચરર્સ એટલે કે મોટર બનાવનારાઓને મોટી તકલીફ પડે તેવી સંભાવનાઓને કારણે જ અમેરિકા કૂણું પડ્યુ છે. અમેરિકાની સંખ્યાબંધ કંપનીઓ ભારતમાં પણ કાર બનાવી રહી છે. તેમને પણ તેનાથી તકલીફ પડી શકે તેવી સંભાવનાને નકારી શકાતી નથી. તેથી જ કદાચ ડોનાલ્ડ ટ્રમ્પ કૂણા પડ્યા હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. હા, ટ્રમ્પના પ્રસ્તુત પગલાથી ભારત અને ગુજરાતના ઑટોમોબાઈલ સેક્ટરની મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશ પણ પૂર્વવત્ ચાલુ જ રહેશે. અમેરિકાના કૉમર્સ સેક્રેટરી-વાણિજ્ય સચિવ હાવર્ડ લૂટનિકે અમેરિકાના વેહિકલ મૅન્યુફૅક્ચરર્સના વિનંતીપત્ર પછી ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી ઘટાડવામાં આવશે તેવો નિર્દેશ આપ્યો હતો. તેના ત્રણ જ દિવસમાં ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી પાછી ખેંચી લેવાનું પગલું લઈને અમેરિકાના પ્રમુખ અમેરિકાના કાર મૅન્યુફૅક્ચરર્સનું અને તેમની સાથે જોડાયેલા વર્કર્સનું હિત પણ જાળવી રાખ્યું છે. આ સાથે જ અમેરિકાના ઑટોઉદ્યોગમાં પ્રવેશીને ત્યાં ઉત્પાદન ચાલુ કરવાની મહેચ્છા ધરાવનારાઓને દૂર રાખીને અમેરિકાની સ્થાનિક ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝને રક્ષણ આપવાનું કામ પણ કર્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્ફની મિશિગનની મુલાકાત પહેલાં જ ઑટો ટૅરિફમાં ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો હતો. મિશિગન ઑટોમોબાઈલ મૅન્યુફૅક્ચરિંગનું અમેરિકાનું હબ ગણાય છે. મોટર પ્રોડક્શનના હબ ગણાતા મિશિગનમાં બેરોજગારી વધી જવાની પણ દહેશત ઊભી થઈ હતી. તેથી જ અમેરિકાની ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝે ઑટો પાર્ટ્સની આયાત પર 25 ટકા ડ્યૂટી ન લાદવા વિનંતી કરી હતી. તેની સીધી અસર વેહિકલના પૂરજાઓ, વેહિકલના ભાવ અને વેહિકલના વેચાણ પર પડવાની ધાસ્તીને કારણે તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને પ્રસ્તુત વિનંતી કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કરેલી જાહેરાત મુજબ 3જી મેથી ઑટો પાર્ટ્સ પર આયાત ડ્યૂટી લાદવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ પહેલી મે પહેલાં જ ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે.

જનરલ મોટર્સ, ટોયોટા ગ્રુપે ઑટો પાર્ટ્સ પર ટૅરિફ લાદવાને પરિણામે ઑટો પાર્ટ્સની સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો ભય ઊભો થવાની શક્યતા દર્શાવીને ડોનાલ્ડ ટ્રમ્પને આયાત ડ્યૂટી પાછી ખેંચવા વિનંતી કરી હતી. ઑટો પાર્ટ્સના ભાવ પણ વધી જવાની શક્યતાનો નિર્દેશ આપ્યો હતો. વાહનોના વેચાણ પછી આફ્ટર સેલ્સ સર્વિસ પણ મોંઘી થઈ જવાની દહેશત તેમણે વ્યક્ત કરી હતી. વેહિકલને સર્વિસ પૂરી પાડવામાં મોટા પડકારો ઊભા થઈ જશે તેવો ભય અમેરિકાના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સે વ્યક્ત કર્યો છે. ટૅરિફ વધી જતાં સપ્લાય ખોરવાઈ જાય તો અમેરિકાની ઑટોમોબાઈલ કંપનીઓ એટલે કે કાર



# ગુજરાતમાંથી ઑટો પાર્ટ્સની 5 અબજ ડૉલરની નિકાસ

અમેરિકામાં ભારતમાંથી અને તેમાંય ખાસ કરીને ગુજરાતમાંથી 2024ના વર્ષમાં 6.79 અબજ ડૉલરના મૂલ્યના ઑટો પાર્ટ્સની નિકાસ થઈ હતી. તેમાં ગુજરાતનો હિસ્સો 5 અબજ ડૉલરથી વધુનો હોવાનો અંદાજ છે. તેના પર 25 ટકાના ટૅરિફ લાદવાના નિર્ણયને પરિણામે ઑટો પાર્ટ્સની નિકાસ ખાસ્સી ઘટી જાય તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ટૅરિફ લાદવાને પરિણામે ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સ પર મોટી અસર પડવાની દહેશત વધી ગઈ હતી. ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સ માટે અમેરિકાનું બજાર બહુ જ મોટું બજાર છે. ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સ ભારતમાંથી અમેરિકામાં એન્જિનના પૂરજાઓ, પાવર ટ્રેઇન અને ટ્રાન્સમિશનનાં ઉપકરણોની નિકાસ કરે છે. ઑટો પાર્ટ્સ બનાવવામાં મજૂરોની વધુ જરૂર પડે છે. તેની નિકાસ અટકે તો ગુજરાત-ભારતમાં બેરોજગારી વધી જવાની પણ સંભાવના નિર્માણ થઈ હતી. તેથી ભારતે અમેરિકા સાથે બાઈલેટરલ ટ્રેડ ઍગ્રીમેન્ટ કરવા માટે વાટાઘાટો ચાલુ કરી દીધી હતી. તેની અસર પણ ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી પાછી ખેંચી લેવાના નિર્ણયમાં દેખાઈ રહી છે.

# મેક્સિકો અને કેનેડાના વૈકલ્પિક બજારમા તલાશ ચાલુ કરી

ભારત અને ગુજરાતમાંથી અમેરિકામાં 2024ના વર્ષમાં 6.79 અબજ ડૉલરના મૂલ્યના ઑટો પાર્ટ્સની નિકાસ થઈ હતી. અમેરિકાના વેહિકલ મૅન્યુફૅક્ચર્સ ભારત-ગુજરાત પર ઑટો પાર્ટ્સ માટે ખાસ્સા નિર્ભર છે. તેથી ઑટો પાર્ટ્સ પર 25 ટકાના ટૅરિફ લાદવાના નિર્ણયને પરિણામે ઑટો પાર્ટ્સની નિકાસ ઘટી જવાની શક્યતા ઊભી થઈ હતી, પરંતુ ગુજરાત-ભારતના ઑટો પાર્ટ્સ મેકરે - ઉત્પાદકોએ મેક્સિકો અને કેનેડાના માર્કેટમાં વેપાર વધારવાની પહેલ પણ કરી દીધી હતી. ટૅરિફ પાછા ખેંચી લેવામાં આવ્યા તે પછીય ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સે નવા બજારની તલાશ ચાલુ જ રાખવી જોઈએ. મેક્સિકો અને કેનેડાના ઑટો પાર્ટ્સના બજારમાં ગુજરાત-ભારતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સને એન્ટ્રી મળવાની સંભાવના રહેલી જ છે.

# બ્રિટન સાથે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટનો ઝડપી અમલ કરવાનો પ્રયાસ

ભારતના વાણિજ્યમંત્રી પિયૂષ ગોયલ દ્વિપક્ષી વેપાર માટે બ્રિટનના વેપારમંત્રી જોનાથન રેનોલ્ડ્સને મળ્યા હતા અને દ્વિપક્ષી વેપાર વધારવા માટે ચર્ચાવિચારણા કરી હતી. 27મી એપ્રિલે કરવામાં આવેલી આ મંત્રણામાં ભારત-બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ કરવાને મુદ્દે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. લંડનમાં આ મીટિંગ યોજવામાં આવી હતી. બંને દેશના વડા વચ્ચે અર્થપૂર્ણ મંત્રણા યોજાઈ હતી. ભારત-બ્રિટન વચ્ચેના આર્થિક સંબંધોને વધુ સઘન બનાવવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. ટૅરિફ વૉરના સમયમાં ભારતના ઉત્પાદકો-મૅન્યુફૅક્ચરર્સને અન્ય બજાર મળી રહે તેવાં પણ ગણિતો છે. બંને દેશો આ મુદ્દે ચર્ચા કરવા માટે આઠ મહિના બાદ ફરી મળ્યા છે. બ્રિટન સરકારે પણ ટૅરિફમાં અને તેમાંય ખાસ કરીને સ્કોચ વ્હિસ્કી, ઈલેક્ટ્રિક કાર, ઘેટાંના માંસ, ચૉકલેટ્સ અને ફાઈનાન્શિયલ સર્વિસ પરના ટૅરિફમાં ઘટાડો કરવાની માગણી કરી છે. ભારત-ગુજરાતના ઑટો પાર્ટ્સ મૅન્યુફૅક્ચરર્સ માટે બ્રિટનનું બજાર પણ ખૂલે અને નવી તક મળે તેવી ભારત સરકારની ગણતરી પણ હોવાનું માનવામાં આવે છે. બીજી તરફ ભારત બ્રિટનના પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચવાની મહેચ્છા ધરાવે છે. અમેરિકાના લેબર માર્કેટમાંથી વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ ભારતના બજારમાં આવે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે તેમ જ મહત્ત્વની વસ્તુઓની ડ્યૂટી ફ્રી આયાત ભારતમાં થાય તેવી પણ ગણતરી છે.




બનાવનારી કંપનીઓ તેમના સપ્લાયને તરત જ વ્યવસ્થિત કરી શકે તેવી સ્થિતિમાં પણ ન હોવાનો નિર્દેશ ડોનાલ્ડ ટ્રમ્પને આપવામાં આવ્યો હતો. તેમ જ તેને માટે કરવા પડનારા વધારાના ખર્ચને પહોંચી વળવાને પણ અમેરિકાની ઑટોમોબાઇલ કંપનીઓ સમર્થ ન હોવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

ટૅરિફ વધી જાય તો અમેરિકાની ઑટોમોબાઇલ કંપનીઓના સપ્લાય ખોરવાઈ જાય અને અમેરિકાના મોટરના મૅન્યુફૅક્ચરર્સનું મોટરનું ઉત્પાદન ઠપ્પ થઈ જવાની શક્યતા ઊભી થઈ હતી. તેમ થાય તો આ કંપનીઓને લે-ઑફ આપવાની ફરજ પડે તેવો ભય પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમ જ અમેરિકાની વાહન બનાવતી કેટલીક કંપનીઓ નાદારી નોંધાવવાની સ્થિતિમાં આવી શકે તેમ હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું.

ડોનાલ્ડ ટ્રમ્પ જાહેર કરેલા ટૅરિફ પ્લાનને કારણે સમગ્ર વિશ્વની ઑટોમોબાઇલ ઈન્ડસ્ટ્રી પર મોટી અસર પડે તેમ હતું. બીજી એપ્રિલ 2025થી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી દરેક કાર પર 25 ટકા ટૅરિફ લાદવાનો નિર્ણય કર્યો હતો. આ ટૅરિફ કાયમી ધોરણે લાગુ કરવાની ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી. અમેરિકાની વેપારનીતિને નવો ઓપ આપવાના ઈરાદા સાથે ડોનાલ્ડ ટ્રમ્પે ટૅરિફ પાછાં ખેંચી લીધા છે. અમેરિકાના વાહન ખરીદનારાઓને પણ તેનાથી લાભ થાય તેવી ડોનાલ્ડ ટ્રમ્પની ગણતરી છે. ઑટો પાર્ટ્સ પરની આયાત ડ્યૂટી પાછી ખેંચી લેવાતાં વાહનોની કિંમત હવે ઊંચી નહિ જાય.

ટેસ્લાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર એલન ટેસ્લાના પ્રભાવ હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તમામ લોકો માનતા થઈ ગયા હતા. તેથી ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે ઑટોમોબાઇલ પર ટૅરિફ લાગુ કરવાની બાબતમાં એલન મસ્કે તેમને કોઈ જ સલાહ આપી નથી, કારણ કે એલન મસ્કની સલાહ પોતાના બિઝનેસને કેન્દ્રમાં રાખીને આપવામાં આવી શકે છે. હરીફોની કંપનીઓ બેસી જાય તો એલન મસ્કને તેની ફિકર ન હોય તેવી સંભાવના જોઈ શકાય તેમ હતી.



# US-China ટૅરિફ વૉરથી ગુજરાતના ઉદ્યોગને શું લાભ મળી શકે?

દેશ અને દુનિયામાં બનતી દરેક ઘટના કોઈને લાભ અપાવે છે તો કોઈને ગેરલાભ કરાવે છે. અમેરિકા અને ચીન વચ્ચે છેડાયેલું ટેરિફ વૉર ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી તક લઈને આવ્યું છે. હા, ભારતમાંથી અમેરિકા નિકાસ કરવામાં આવતી ચીજવસ્તુઓ પર 26 ટકા સુધીનો ટેરિફ લાદવામાં આવ્યો છે. પરંતુ ચીનથી અમેરિકામાં નિકાસ કરવામાં આવતી વસ્તુઓ પર 125થી 145 ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. જોકે તેના અમલના આરંભને હજી અઢી મહિનાની વાર છે. છતાંય આ સ્થિતિ ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગોને ફાયદો કરાવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. ચીનના વિકલ્પ નવા સપ્લાયર તરીકેના રોલમાં ભારતના અતિનાના, નાના અને મધ્યમ ઉદ્યોગો ફિટ થઈ શકે છે. ચીનમાં સક્રિય કંપનીઓને ભારતમાં આકર્ષીને મેક ઈન ઇન્ડિયાને વેગ આપવાની સાથે સારામાં સારા નિકાસકાર તરીકેનો સિક્કો ભારત જમાવી શકે તેમ છે. ભારતની કંપનીઓને થનારા લાભની વાત કરીએ.

એક, ચીનમાં પોતાના મોટા મોટા ઉત્પાદન એકમો નાખી ચૂકેલી કંપનીઓ ચીનની બહાર નીકળી જવા ઉત્સુક છે. તેથી ચીનના ઉત્પાદનમાં ઘટાડો આવી શકે છે. આ સંજોગોમાં ટેક્સટાઈલ, ઈલેક્ટ્રોનિક આઈટિમ્સ, ફાર્માસ્યૂટિકલ પ્રોડક્ટ્સ, કેમિકલ્સ અને ઓટોમોબાઈલના પૂરજાના અમેરિકાના સપ્લાયર તરીકે ચીનના વિકલ્પ તરીકેનું સ્થાન ભારતીય કંપનીઓ કબજે કરી શકે છે.

બીજું, અમેરિકાએ છેડેલા ટેરિફ વૉરમાં ચીનમાં મેન્યુફેક્ચર થતી વસ્તુઓને ખાસ્સી ટાર્ગેટ કરી છે. પરિણામે ભારતીય મેન્યુફેક્ચરર્સ માટે તેની નિકાસની તક ઊભી થઈ રહી છે. અમેરિકાએ ચીની બનાવટની ચીજવસ્તુઓ પર 125થી 145 ટકા ટેરિફ વસૂલવાનું નક્કી કર્યું છે. તેની સામે ભારતની વસ્તુઓ પર સરેરાશ 26 ટકા ટેરિફ વસૂલવાનું નક્કી કર્યું છે. ટેરિફ-આયાત ડ્યૂટીના આ માળખાને પરિણામે ભારતના ટેક્સટાઈલ, લેધર ગુડ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ અને ઈલેક્ટ્રોનિક ગુડ્સના નિકાસકારો માટે સારામાં સારી તક ઊભી થઈ રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે લગાવેલા ઊંચા ટેરિફને કારણે ચીનની ઘણી કંપનીઓ તેમના સ્ટેક્સ ઘટાડીને ભારતીય કંપનીઓના સ્ટેક્સમાં વધારો કરી આપવાની ઓફર કરવા માંડી છે. બીજું, અમેરિકાની ચીન સ્થિત કંપનીઓ તેમના એકમોને સમેટી લઈને ભારતમાં તેમના મેન્યુફેક્ચરિંગ કે પ્રોડક્શન એકમો નાખવા તૈયાર થઈ રહી છે. તેનો ભરપૂર લાભ લેવા માટે મુકેશ અંબાણીના વડપણ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝી હૈયર  ઈન્ડિયામાં શેરહિસ્સો વધારવા સક્રિય છે. આ જ રીતે ટાટા ગ્રુપની કંપની વોલ્ટાસ ચીનની કંપની સાથેના સાહસમાં તેને 10 ટકાથી વધુ શેર હિસ્સો ઓફર ન કરે તેવી સંભાવના નિર્માણ થઈ છે. ટાટા ગ્રુપની કંપની ઈલેક્ટ્રોનિક્સ આઈટિમ્સના સેક્ટરમાં સક્રિય છે. એલજી અને સેમસંગ પછી ઈલેક્ટ્રોનિક્સનું મોટું બજાર હૈયર એપ્લાયન્સિસ પાસે છે. આ જ રીતે એમજી મોટર્સ પણ ભારતીય કંપનીને મોટો શેર હિસ્સો ઓફર કરવા તત્પર છે. ભારતીય કંપની સિંગલ લાર્જેસ્ટ શેરહોલ્ડર બને તેવી એમજી મોટર્સની પણ મહેચ્છા છે.

ફોરેન ડાયરેક્ટ  ઈન્વેસ્ટમેન્ટના નોર્મ્સ હેઠળ ચીનની કદાવર કંપનીઓ એટલે કે જાયન્ટ કંપનીઓ તેમનો શેરહિસ્સો ઘટાડવા તત્પર છે. ચીનની કંપનીઓ તેમના વાવટો સંકેલી લે તો

# ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉરમાં જુલાઈ-ઓગસ્ટમાં  નવાજૂની થશે

**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના સહુથી શ્રીમંત વ્યક્તિ એલોન મસ્કને બેકદર તરીકે ઓળખાવીને તેમને આપેલા સ્પેસ એક્સ ને ટેસ્લાના કરારો રદ કરી દેવાની ધમકી આપી**

**ટેરિફ વૉર અમેરિકાને મહામંદીમાં ધકેલી દેવાની એલોન મસ્કને દહેશત હોવાથી અમેરિકાના પ્રમુખની આર્થિક નીતિઓની ઝાટકણી કાઢી**

ટેરિફ વૉર અંગે આઠમી જૂનની સ્થિતિએ વિચાર કરવામાં આવે તો  અમેરિકા પર લાદવામાં આવેલું ટેરિફ 126 ટકાથી ઘટાડીને 10 ટકા કરવા સુધી 14મી મેએ સમજૂતી થઈ છે. આમ અમેરિકા અને ચીન વચ્ચેનો સંઘર્ષ ટૂંકા ગાળા માટે નરમ પડ્યો છએ. બીજીતરફ અમેરિકાએ નિકાસ પરના યંત્રણો વધુ ચુસ્ત કર્યા છે. તેમ જ વિઝા ઈશ્યૂ કરવા માટેના ધોરણોને અત્યંત ચુસ્ત બનાવવા માંડ્યા છે. આ અંકુશો ખાસ કરીને સેમિકન્ડક્ટર્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સંદર્ભમાં મૂકવામાં આવ્યા છે. ટેરિફ વૉરને મુદ્દે ચર્ચા કરવા માટે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુછ ઝિન પિંગ વ્ચેચ લંડનમાં મિટિંગ પંદરમી જૂન પહેલા થવાની છે. આ મિટિંગમાં વધુ સમાધાન થાય તેવી ધારણા છે.

અમેરિકા અને ચીન વચ્ચેના ટેરિફ વૉરને પરિણામે ભારતને એડવાન્ટેજ મળે તેવી સંભાવના છે. ભારત અત્યારે સ્માર્ટફોન, લેપટોપ તથા ટેબ્લેટ્સની અમેરિકામાં ડ્યૂટી ફ્રી નિકાસ કરે છે. બીજીતરફ ચીનમાંથી આ વસ્તુઓની નિકાસ થાય તો ચીનના નિકાસકારોએ તેના પર 20 ટકા આયાત ડ્યૂટી અમેરિકાને ચૂકવવી પડશે. ભારતના નિકાસકારોને આ એડવાન્ટેજ નવમી જુલાઈ 2025 સુધી મળતો રહેશે. નવમી જુલાઈ સુધીમાં ભારત અમેરિકા સાથેના દ્વિપક્ષી વેપારમાં આગળ વધવા માટે ચર્ચાવિચારણા કરી લેશે. ત્રીજું, અમેરિકાની કંપનીઓ ચીનની કંપનીઓ પાસેથી ખરીદી કરવાનું ઓછું કરશે. તેનો સીધો લાભ ભારતની કંપનીઓને મળશે. તેમાંય ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ અને ફાર્માસ્યૂટિકલ્સના ઉત્પાદનોની નિકાસ ભારત માટે એડવાન્ટેજિયસ બની રહેવાની ધારણા છે.

આમ તો પાંચમી એપ્રિલથી ટેરિફ લાગુ કરી દેવાનું આયોજન હતું. તેમ જ નવમી એપ્રિલથી વધારાની રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. અમેરિકા ન ચીન વચ્ચે આ મુદ્દે 14મી મેએ સમાધાન થયું છે. આ સમાધાન મુજબ ચેન સામેના ટેરિફના દર અગાઉની માફક જ 10 ટકા રહેવા દેવાની વાત થયેલી છે. રેસિપ્રોકલ ટેરિફનો અમલ 8 અને 9 જુલાઈ 2025 સુધી લંબાવવામાં આવ્યો છે. ચીન અને અમેરિકા વચ્ચેના ટેરિફના મુદ્દે કરવામાં આવેલા સમાધાનોનો સમય નવમી જુલાઈએ પૂરી થઈ રહી છે. નવમી જુલાઈ સુધી બહુ મોટી નવા જૂની થવાની સંભાવના નથી.

બીજીતરફ અમેરિકાના સૌથી ધનાઢ્ય એલોન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉરને સુપર સ્ટુપિડ  પગલાં તરીકે ઓળખાવ્યું છે. તેને પરિણામે 2025ના અંતથી અમેરિકામાં મહામંદીનો આરંભ થવાની ચેતવણી પણ એલોન મસ્કે આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એલોન મસ્કના આ નિવેદનથી એકદમ નારાજ થઈ ગયા છે. આ નારાજગીના ભાગરૂપે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના સહુથી શ્રીમંત વ્યક્તિ એલોન મસ્કને બેકદર તરીકે ઓળખાવ્યા છે. તેની સાથે જ સ્પેસ એક્સ ને ટેસ્લાના તેના કરારો રદ કરી દેવાની ધમકી પણ આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી મળતા એલોન મસ્કે અમેરિકાના વર્તમાન આર્થિક નીતિઓ પર હુમલો કર્યો છે. બે મહારથીઓ વચ્ચેના પાયાના મતમતાંતરની વાત કરવામાં આવે તો ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા ફર્સ્ટની નીતિ અપનાવીને અમિરિકાના યુવાનોને નોકરીઓ અપાવવાની તરફેણ કરી રહ્યા છે. બીજીતરફ એલોન મસ્ક મુક્ત વેપારની હિમાયત કરી રહ્યા છે. મસ્કને ટેસ્લાની કિંમત વધી જવાનો અને અમેરિકાના અર્થતંત્ર પરની મંદીની પકડ મજબૂત બની જવાનો ડર સતાવી રહ્યો છે. આમ ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વચ્ચેના વિખવાદનો મુખ્ય મુદ્દો જ ટેરિફ વૉરને કારણે ઉપસ્થિત થયો છે. ટૂંકમાં અમેરિકા અને ચીન વચ્ચેનું ટેરિફ વૉર અત્યારે અટક્યું છે. પરંતુ ટેરિફ વૉરનો અંત આવ્યો નથી.

ચીનથી આયાત કરવામાં આવતી વસ્તુઓ પર 145 ટકા સુધી ટેરિફ લાદવા સુધીની વાત કરવામાં આવી હતી. ત્યારબાદ પાંચમી એપ્રિલે ચીન સહિતના દરેક દેશ સામે માત્ર 10 ટકા જ ટેરિફ લાદવાની સુધીની સમજૂતી પર અમેરિકા આવ્યું હતું. આ દસ ટકા ઉપરાંત ચીન સહિતના 57 દેશો પાસે વધારાની ટેરિફ લેવાનું નક્કી કર્યું હતું.  પરિણામે ચીને અમેરિકાથી ચીનમાં આયાત થતી વસ્તુઓ પર 125 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. પરિણામે ડોનાલ્ડ ટ્રમ્પે ચીનથી અમેરિકા આયાત થતી વસ્તુઓ પર ટેરિફ વધારીને 145 ટકા કરી દેવાની જાહેરાત કરી હતી. જિનિવામાં થયેલી વાટાઘાટો પછી બારમી મેએ ટેરિફ વૉરમાં શાંતિ રાખવાની સમજૂતી કરવામાં આવી હતી. અમેરિકાએ રેસિપ્રોકલ ટેરિફ 125 ટકાથી ઘટાડીને 34 ટકા કરી હતી. તેમાંથી 34 ટકા ટેરઈફ 90 દિવસ સુધી ન લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિણામે દસ ટકા બેઝલાઈન ટેરિફ લાગુ પડ્યું હતું. તદુપરાંત અન્ય 20 ટકા ટેરિફ લાગુ કરતાં ચીન પરના ટેરિફના દર વધીને 30 ટકા થયા હતા. ત્યારબાદ ચીને પણ અમેરિકાથી આયાત કરવામાં આવતી વસ્તુઓ પરની ટેરિફ 125 ટકાથી ઘટાડીને 10 ટકા કરી હતી. અમેરિકાએ 800 ડૉલરથી ઓછા મૂલ્યના પેકેજ પરની ટેરિફ 120 ટકાથી ઘટાડીને 54 ટકા કરી હતી. તેમ જ પહેલી જૂનથી આઈટમ દીટ 200 ડૉલરની ફી લાદવાનો નિર્ણય પણ પાછો ખેંચ્યો હતો.

ચીન અને અમેરિકા વચ્ચ વાટાઘાટો થાય તે માટે જ યુક્તિ સાથે ટેરિફ વૉરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ટેરિફ વૉરની આર્થિક અસર ઓછી કરવા માટે પણ તેમાં વિરામ લેવામાં આવ્યો હતો. હા, ટેરિફ વૉરને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. મેન્યુફેક્ચરર્સ, કન્ઝ્યુમર્સ અને માર્કેટ પર તેની અસર પડેલી છે. તેથી ટેરિફ ઘટાડવામાં આવી ત્યારે તેની પોઝિટીવ અસર શેરબજારો પર પણ જોવા મળી હતી. શેર્સના ભાવ ઊંચકાયા હતા. તેથી બિઝનેસ કોમ્યુનિટીએ રાહતનો શ્વાસ લીધો હતો. ટેરિફમાં કરવામાં આવેલો ઘટાડો કાયમી નથી. પરંતુ વ્યૂહાત્મક પીછેહઠ છે. પરિણામે બજારોને તેની સાથે એડજસ્ટ થવાનો સમય મળ્યો છે. તદુપરાંત ટેરિફ વૉર સાથે સંકળાયેલા દેશોને વાટાઘાટો કરવાની તક મળી છે. છતાંય આગામી જુલાઈ-ઓગસ્ટમાં ટેરિફ વૉરમાં નવાજૂની થશે તે નક્કી છે.

તેવા સંજોગોમાં ભારતીય કંપનીઓને મોટો ફાયદો થવાની સંભાવના છે. ચીનના સાંઘાઈમાં આવેલી કોમ્પ્રેસર મેન્યુફેક્ચરિંગના સેક્ટરની કંપનીએ કોમ્પ્રેસરના મેન્યુફેક્ચરિંગ માટે જોઈન્ટ વેન્ચર કરવાની ટાટા ગ્રુપની વોલ્ટાસ કંપનીને ઓફર કરી છે. આમ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉરને પરિણામે ચીનની કંપનીઓના વલણમાં મોટો બદલાવ આવી રહ્યો છે. ભારતનું બજાર બહુ જ મોટું હોવાથી ચીનની કંપનીઓ બિઝનેસ ગુમાવી દેવા માગતી જ નથી. ભારત સરકારે પણ ઇલેક્ટ્રોનિક્સ આઈટમ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી કંપનીઓમાં ચીનની કંપનીઓનો શેરહિસ્સો 10 ટકાથી ન વધે તેની કાળજી રાખવાની સૂચના આપી દીધી છે. જોકે અમેરિકા અને યુરોપિયન સંઘના દેશોમાંથી પોતાના એકમ ખસેડીને ભારતમાં લાવવા માગતી ચીનની કંપનીઓને ભારતની નવી ઊભી થનારી કંપનીમાં 49 ટકા શેર્સ ઓફર કરવાની તૈયારી દર્શાવી છે. તેથી જ ચીનની કંપનીઓનો માલ ભારત અને એશિયાના દેશોમાં ઠલવાવા માંડે તેવી પણ ચિંતા છે જ છે.



ચીનની વસ્તુઓ પર ઊંચા ટેરિફને કારણે ચીનની કંપનીઓ તેમનો માલ ભારતીય કંપનીઓના માધ્યમથી અમેરિકાના બજારમાં મોકલવાનો વ્યૂહ અપનાવી શકે છે. આ સંજોગોમાં ભારતીય કંપનીઓને ભારત સરકારે ચેતવણી આપી દીધી છે કે ભારતના માધ્યમથી ચીનના ઉત્પાદનો અમેરિકાના બજારમાં ન ઠલવાય તેની દરકાર રાખવી જરૂરી છે.

ભારત સરકારની પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમનો લાભ ચીનની કંપનીઓ ન ઊઠાવી જાય તેવી દરકાર રાખવાની સૂચના પણ સરકારે ભારતીય કંપનીઓને આપી દીધી છે. ખાસ કરીને ઇલેક્ટ્રોનિક્સ ગુડ્સના ક્ષેત્રમાં પ્રવેશીને ચીનની કંપનીઓ પીએલઆઈનો લાભ લે તેવી સંભાવના ભારતીય સરકારને દેખાઈ રહી છે. આ માટેના નિયમોનું પાલન ન કરનારી ભારતીય કંપનીઓએ મોટા દંડનો સામનો કરવો પડી શકે છે. અમેરિકાએ પ્રોડક્ટ્સના ઓરિજિન અંગે ચેતવણી આપી દીધી છે. આ નિયમોનું પાલન ન કરનારાઓને મોટો દંડ અમેરિકાની કંપની પણ કરી શકે છે. તેમ જ પ્રોડક્ટ્સના મિસક્લાઈસિફિકેશન માટે પણ મોટો દંડ કરવાની કાનૂની વ્યવસ્થા અમેરિકાએ દાખલ કરી દીધી છે. ટૂંકમાં દરેક દેશના બજારમાં પ્રવેશ્યા પછી છાશવારે ઊંબાડિયા કરતાં આવેલા ચીનના ઉત્પાદકોને ગૂંગળાવી મારવા ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર ઉત્સુક છે. ભારતીય કંપનીઓએ તેનો ભરપૂર એડવાન્ટેજ લેવાનો છે. ચીનને તેનો માલ ભારતીય બજારમાં ડમ્પ થતો અટકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ચીનની કેટલીક ચીજવસ્તુઓ પર અમેરિકાએ 245 ટકા જેટલો ઊંચો ટેરિફ લગાડ્યો છે. જુલાઈ 2025 સુધી અન્ય દેશો પાસે આ પ્રોડક્ટ્સની નિકાસ પર અમેરિકા 10 ટકા આયાત ડ્યૂટી વસૂલશે. ગ્લોબર ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટીવ-જીટીઆરઆઈનું પણ માનવું છે કે ભારતને તેનો ભરપૂર એડવાન્ટેજ મળશે. અમેરિકાના પ્રોડક્ટ્સના ઓરિજિન વિશેષના નિયમનો ભંગ કરનાર ભારતીય કંપની મોટે પાયે દંડાઈ જશે. કંટ્રી ઓફ ઓરિજિનના પરીક્ષણમાંથી પાસ થવું દરેક ભારતીય કંપનીઓ માટે લોઢાના ચણા ચાવવા જેટલું કઠિન છે. તેના કરતાં તો ભારતીય કંપનીઓ વિયેટનામ કે મેક્સિકોમાં તેના ઉત્પાદન-મેન્યુફેક્ચરિંગ એકમો નાખીને અમેરિકાના બજારમાં પ્રવેશવાનું આયોજન કરી શકે છે. મધ્યમ કદની કંપનીઓ માટે આ શક્ય પણ છે. તેથી જ ભારતીય કંપનીઓએ ભારતમાં જ તૈયાર થતાં ઓરિજિનલ પ્રોડક્ટ્સની અમેરિકાના બજારમાં નિકાસ કરવા પર ફોકસ કરવું પડશે. આ સંદર્ભમાં સ્ટીલ, કેમિકલ્સ અને રમકડાંની નિકાસના પ્રોડક્ટ્સના ઓરિજિન પર ભારત સરકારે અત્યારથી નજર રાખવાનું ચાલુ કરી દીધું છે. આ રીતે માલ ભારતના બજારમાં ડમ્પ કરવાનો પ્રયાસ ચીન કરશે તો તેના પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી પણ લગાડી દેવામાં આવશે.

આ થઈ મોટી કંપનીઓની વાત. નાની કંપનીઓ માટે પણ નવી તકના દરવાજાઓ





**ટેક્સટાઈલ, ઈલેક્ટ્રોનિક આઈટેમ્સ, ફાર્માસ્યૂટિકલ્સ, કેમિકલ્સની નિકાસ કરવામાં નાની અને મધ્યમ કદની ભારતીય કંપનીઓ માટે નિર્માણ થઈ રહેલી મોટી તક**



**ફાર્મા પ્રોડક્ટ્સ પર ડ્યૂટી લાદી શકાય તેવો નિર્દેશ તો ટ્રમ્પે આપ્યો છે, પરંતુ અમેરિકાના નાગરિકોને ભારતની સસ્તી અને ક્વૉલિટી દવાઓ આપવા અમેરિકાની ફાર્મા કંપનીઓને તકલીફ પડી રહી છેઃ ફાર્મા ઉદ્યોગની નિકાસ વધી શકે**



**ભારતની ચીજ વસ્તુઓ પર સરેરાશ 26 ટકા આયાત ડ્યૂટી સામે ચીનની વસ્તુઓ પર 125થી 145 ટકા આયાત ડ્યૂટી લાદી છે**

ખૂલી રહ્યા છે. નાની ફાર્મા કંપનીઓ સહિત મોટી ફાર્મા કંપનીઓએ 2024-25ના વર્ષને અંતે અમેરિકાના બજારમાં ડ્રગ અને ફાર્મા પ્રોડક્ટ્સ મળીને 10.52 અબજ ડૉલરની નિકાસ કરી છે. અમેરિકનો અને અમેરિકામાં સ્થાયી થયેલા ભારતીયોના હિતમાં તેના પર ટેરિફ વધારવાની હિમ્મત ડોનાલ્ડ ટ્રમ્પ કરશે નહિ. દર વરસે દવાઓની નિકાસમાં 10 ટકાથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે. આ વધારો દસ ટકાથી પણ ઊંચો જાય તેવી સંભાવના છે. ફાર્મા સેક્ટરમાં નાની અને મધ્યમ કદની કંપનીઓ ખા ર સી છે. તેઓ બહારનથી મેન્યુફેક્ચરિંગ કરાવીને તેમના પ્રોડક્ટ્સનું માર્કેટ અમેરિકાના બજારમાં વિસ્તારી શકે છે. દવાઓ બનાવવા માટેના બલ્ક ડ્રગ એટલે કે એક્ટિવ ફાર્માસ્યૂટીકલ્સના ઉત્પાદકોને પણ ટેરિફ વૉરથી મોટો ફાયદો થવાની સંભાવના છે. સરકારે પ્રોડક્શન લિન્ક ઈન્સેટિવ સ્કીમની જાહેરાત કરી તે પછી એપીઆઈના ઉત્પાદનમાં ખાસ્સો વધારો થવા માંડ્યો છે. ચીન પરની ભારતની નિર્ભરતામાં ઘટાડો પણ થવા માંડ્યો છે.



ભારતમાંથી ઈલેક્ટ્રોનિક્સ ગુડ્સની નિકાસ 2024-25ના વર્ષમાં 14.64 અબજ ડૉલરની સપાટીએ રહી હતી. 2022-23ના વર્ષમાં ઈલેક્ટ્રોનિક આઈટેમ્સની નિકાસ 5.76 અબજ ડૉલરની હતી. ચીન સ્પર્ધાત્મક ન રહેલા ઈલેક્ટ્રોનિક્સ ગુડ્સની નિકાસમાં તગડો વધારો આવી શકે છે. ઈલેક્ટ્રોનિક્સ આઈટેમ્સની અમેરિકામાં ડિમાન્ડ વધી રહી છે. અમેરિકા અત્યારે તેને માટે ચીનના વિકલ્પની ખોજ કરી રહ્યું છે. આ સંજોગોમાં ઈલેક્ટ્રોનિક્સ આઈટેમ્સના ઉત્પાદકોને લીલા લહેર થઈ જવાની સંભાવના નકારી શકાતી નથી.

ટેક્સટાઈલ અને રેડીમેડ ગારમેન્ટ્સને પણ ટેરિફ વૉરનો મોટો ફાયદો મળી શકે છે. હા, તેને માટેનું ફેબ્રિક્સ ભારતના જ યાર્ન મેન્યુફેક્ચર્સ પાસે મેળવીને નિકાસ વધારવા પર ફોકસ કરવામાં આવશે તો તેનો મોટો ફાયદો ભારતીય મેન્યુફેક્ચરર્સને મળી રહેશે. આયાતી ફેબ્રિક્સ લાવીને તેને કાપીને સિલાઈ કરી દેવાથી ભારતીય ખાસ્સી મૂલ્યવૃદ્ધિ કરીને ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ તૈયાર કરનારાઓને તેનો મોટો લાભ મળી શકે છે. 2023-24ના વર્ષમાં ભારતના ટેક્સટાઈલ પ્રોડક્ટ્સની નિકાસ અંદાજે 10.44 અબજ ડૉલરની થઈ હતી. 2024-25ના વર્ષમાં તેની નિકાસ વધીને 10.91 અબજ ડૉલરને વળોટી ગઈ છે. ચીન આ સેક્ટરમાં સ્પર્ધાત્મકતા ગુમાવી દે તેમ હોવાથી ભારતના ટેક્સટાઈલ મેન્યુફેક્ચરર્સને ચાંદી જ ચાંદી થઈ જશે.

રાજકોટ અને અમદાવાદના એન્જિનિયરિંગ ગુડ્સના નિકાસકારોને ટેરિફ વૉરને પરિણામે તગડો લાભ થઈ શકે છે. તેમાં મશીનરીના ઉત્પાદકો, ઔદ્યોગિક પૂરજાઓની નિકાસ વધી શકે છે. 2022-23માં તની નિકાસ 18.68 અબજ ડૉલરની હતી તે 2024-25ના અંતે 19.16 અબજ ડૉલરના આંકને વળોટી ગઈ છે. પૂર્વ એશિયાના દેશો સામે આ બિઝનેસમાં ભારતે તગડી સ્પર્ધા કરવી પડી રહી છે. બિઝનેસ મેળવવા માટે કોઈપણ પ્રકારનો શોર્ટ કટ કંપનીઓ અપનાવશે તો અમેરિકાના બજારમાં તે ચાલી શકશે નહિ. ચીનની ગેરહાજરીમાં ભારતના ક્વૉલિટી પ્રોડક્ટ્સની ડિમાન્ડ વધશે જ વધશે. ભારતના પ્રોડક્ટ્સ અમેરિકાના બજારમાં ઠલવાય તો તેના પર 10થી માંડીને 26 ટકા આયાત ડ્યૂટી લાગશે. ચીન કરતાં આ ડ્યૂટી ખાસ્સી ઓછી છે. તેથી ચીનની નિકાસને મોટો ફટકો પડશે. ભારતના ટેક્સટાઈલ સેક્ટર ઉપરાંત ગુજરાતના ઈલેક્ટ્રોનિક્સ અને એપીઆઈના સેક્ટરને પણ ફાયદો થશે. ગારમેન્ટ બનાવવા ઉપરાંત સોલાર પેનલ બનાવનારાઓ માટે પણ નિકાસનું મોટું બજાર ખૂલી જશે. અત્યારે વિદેશી સેલની આયાત કરીને તેને એસેમ્બલ કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

2024ના વર્ષમાં અમેરિકાએ 166 અબજ ડૉલરના મૂલ્યના કેમિકલ્સની આયાત કરી હતી. તેમાંથી 10 ટકા સપ્લાય ચીનમાંથી જ આવ્યો હતો.ચીન પર આયાત ડ્યૂટીમાં તોતિંગ વધારો કર્યો હોવાથી ભારતના સ્પેશિયાલિટી કેમિકલ્સના ઉત્પાદકો માટે નિકાસનું મોટું બજાર ખૂલી જશે. બલ્ક ડ્રગ અને ઈન્ટરમિડિયેટ્સની નિકાસમાં વધારો કરવાનો પણ અવકાશ વધી જશે. સ્થાનિક સ્તરે તેમાં મૂલ્ય વૃદ્ધિ કરીને ભારતના નિકાસકારો તેમની આવકમાં વધારો કરી શકે છે. હા, તેને માટે અમેરિકાએ મુકરર કરેલા કોમ્પ્લાયન્સના ધારાધોરણોનું પાલન થવું જરૂરી છે. કોરોના કાળ પછી વિશ્વના મોટાભાગના દેશો ચાઈના પ્લસ એટલે કે ચીન સિવાયના વધુ એક દેશમાંથી આયાત કરવા પર મદાર બાંધવાનો વ્યૂહ અપનાવી રહ્યા હોવાથી ભારતની નિકાસ વધી છે. હવે ચાઈના માઈનસ થઈ જાય તો ભારતના નિકાસકારો માટે અનંત શક્યતાઓના દરવાજા ખૂલી જશે.

નાની અને મધ્યમ કદની કંપનીઓ અમેરિકાની કંપનીઓ સાથે સંયુક્ત સાહસ-જોઈન્ટ વેન્ચર કરી શકે છે. લાઈસન્સ મેળવીને સોદાઓ કરી શકે છે. ઈલેક્ટ્રોનિક, બાયોટેક અને મશીનરી મેન્યુફેક્ચરિંગમાં ટેક્નોલોજી આધારિત સહયોગ ભારતના મેન્યુફેક્ચરર્સ વધારી શકે છે. ચીન પાસેથી કાચો માલ મેળવીને મૂલ્ય વૃદ્ધિ કરીને ભારતીય મેન્યુફેક્ચરર્સ દુનિયાના વેપારના મંચ પર છવાઈ જઈ શકે છે. તેમ જ ઘણાં ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની શકે છે.

ગુજરાત પાસે તો નિકાસ કરવા માટેના બંદરોની ભરમાર છે. મુન્દ્રા, કંડલા અને પીપાવાવથી નિકાસ કરી શકે તેમ છે. ટેક્સટાઈલ, ફાર્મા, જેમ્સ એન્ડ જ્વેલરી તથા સિરામિક્સની નિકાસમાં વધારો કરી શકે છે. તેને માટે ડીજીએફટી-ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ પાસે ક્વૉલિટીનું પ્રમાણપત્ર મેળવી શકે છે. તેને માટે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલનું પ્રમાણપત્ર પણ મેળવી શકે છે.



# અમેરિકાએ છેડેલું ટેરિફ વૉર ભારતના રમકડાં ઉદ્યોગને તારશે



**145 ટકાની ટેરિફને કારણે અમેરિકાના રમકડાં બજારમાંથી ચીનનો એકડો નીકળી જશે, ભારતના નિકાસકારોને મોટી તક મળશે, ભારતે ક્વોલિટી, ક્વોન્ટિટી અને સમયસર સપ્લાય પહોંચાડવા પર ફોકસ કરવું પડશે**

એક જમાનો હતો જ્યારે ચીની બનાવટના રમકડાં માત્ર ભારત જ નહિ દુનિયાભરના બજારોમાં છવાઈ ગયા હતા. સ્થાનિક ઉત્પાદકોના મેન્યુફેક્ચરિંગ અને માર્કેટિંગના હચમચાવી દે અને તેમના અસ્તિત્વને ખતરામાં મૂકી દે તેવા પ્રયાસો ચીન તરફથી કરવામાં આવ્યા હતા. આજે પરિસ્થિતિ પલટાઈ છે. ચીનની ઉત્પાદનની તાકાત એ ની એજ છે. પરંતુ અમેરિકાએ છેડેલા ટેરિફ વૉરમાં ચીન પર 145 ટકાથી માંડીને 245 ટકા સુધીનું ટેરિફ લાદી દેવાની જાહેરાત કરી છે. અમેરિકાનું રમકડાંનું બજાર 2024ની સાલમાં 42.8 અબજ ડૉલરને આંબી ગયું છે. 2032ની સાલમાં અમેરિકાનું રમકડાંનું બજાર વધીને 56.9 અબજ ડૉલરની સપાટીને વળોટી જવાનો અંદાજ છે. ચીન સામે અમેરિકાએ લાદેલી ઊંચી ટેરિફને પરિણામે ભારતના નિકાસકારોને અમેરિકાના રમકડાંના બજારમાં પ્રવેશીને બજાર કબજે કરી લેવાની મોટી તક મળી ગઈ છે. હા, 145 ટકાની ટેરિફનો વિવાદ ન ઉકેલાય તો અમેરિકાના રમકડાં બજારમાંથી ચીનનો એકડો નીકળી જશે. પરિણામે ભારતના નિકાસકારોને મોટી તક મળશે. અમેરિકાના બજારમાં વર્ચસ્વ જમાવતા પહેલા ભારતે ક્વોલિટી, ક્વોન્ટિટી અને સમયસર સપ્લાય પહોંચાડવા પર ફોકસ કરવું પડશે. અમેરિકાના રમકડાંના બજારમાંથી ભારતીય મેન્યુફેક્ચર્સની ઈન્ક્વાયરી આવી રહી છે. તેઓ પણ ચીની રમકડાં, ચીનની અન્ય ચીજવસ્તુઓ પરનો મદાર ઓછો કરવા તત્પર જ છે.

ટોય્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ અમેરિકાના બજારમાં રમકડાંની નિકાસ કરવા માટે 40 જેટલી પેઢીઓને શોધી કાઢી છે. હા, ભારતીય નિકાસકારોએ કોમ્પ્લાયન્સની જરૂરિયાત પૂરી કરવાની આવશે. અત્યારે ભારતમાંથી 20 કંપનીઓ મોટા જથ્થામાં રમકડાંની નિકાસ કરી રહી છે. છેલ્લા એક મહિનાથી અમેરિકાના રમકડાંની બજારમાંથી નવી નવી ઈન્ક્વાયરી આવી રહી છે. ભારતના એક્સપોર્ટ હાઉસોએ પણ અમેરિકાના આયાતકારોનો સંપર્ક સાધ્યો છે. તેઓ અમેરિકાના નિયમો અને નિયંત્રણો પ્રમાણે રમકડાં બનાવવા ઉત્સુક છે. ભારતના મેન્યુફેક્ચરર્સ વ્હાઈટ લેબલિંગ માટે પણ તૈયાર છે. વ્હાઈટ લેબલિંગ એટલે કે અમેરિકાની કંપનીના રમકડાંની ક્વોલિટી જળવાય તે રીતે તેનું મેન્યુફેક્ચરિંગ કરી આપવા અને અમેરિકાની કંપનીઓ તેમના પોતાના બ્રાન્ડ નેમ અને લોગો લગાડીને તે રમકડાં વેચવાની છૂટ આપવા પણ ભારતીય ટોય્ઝ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ તૈયાર છે. આમ ભારતીય કંપનીએ બનાવેલા રમકડાંનું રિબ્રાન્ડિંગ કરવામાં આવે છે. તેનું તેમની બ્રાન્ડના નામે જ વેચાણ કરવામાં આવે છે. તેને પરિણામે ભારતીય કંપનીઓએ બ્રાન્ડિંગનો ખર્ચ કરવો પડતો નથી.

પ્રસ્તુત વ્યવસ્થા હેઠળ ભારતીય કંપનીઓ અમેરિકાની અનેક કંપનીઓ માટે એક સાથે મેન્યુફેક્ચરિંગ કરી શકે છે. દરેકની જરૂરિયાત સંતોષી શકવાની ક્ષમતા કેળવી શકે છે. પરિણામે અમેરિકાના રમકડાંના બજારમાં ઝડપી પ્રવેશ મળી જાય છે. અમેરિકાના રમકડાંના બજારમાં પ્રવેશ લેવા માટે જરૂરી નિયમોનો પાલન કરવાને અને ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર તરીકે પાત્રતા પણ મેળવી શકે તેમ છે. અમેરિકાનું રમકડાંનું બજાર દર વર્ષે 3.6થી 4 ટકાના દરે વધી રહ્યું છે.

આજની તારીખે પણ ભારતની 20 જેટલી કંપનીઓ અમેરિકાના બજારમાં રમકડાંની નિકાસ કરે છે. આ કંપનીઓ મોટા જથ્થામાં રમકડાંની નિકાસ કરે છે. આ સ્થિતિમાં અમેરિકાના બજારમાં ભારતીય રમકડાંની હાજરી વધી શકે છે. અમેરિકાનું રમકડાંનું બજાર વિશ્વનું સૌથી મોટું રમકડાંનું બજાર છે. તેમાં પ્રવેશ મળી જાય તે મોટી વાત છે. અત્યારે ભારતમાંથી અમેરિકાના રમકડાંના બજારમાં થતી નિકાસ માંડ એક ટકા જ છે.



**ભારત મેન્યુફેક્ચરિંગ કરી આપીને અમેરિકાની કંપનીઓને તેમના બ્રાન્ડ નેમથી વેચવાની તક આપી શકે છે અને અમેરિકાના બજારમાં ભારતીય રમકડાંની હાજરી વધારી શકે છે**





ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ 2400 યુનિટથી વધારે છે. દેશમાં માથાદીઠ વીજ વપરાશ 985 યુનિટનો છે અને સરેરાશ 12 ટકાના દરે વધી રહ્યો છે



ભારતની વીજળીની ડિમાન્ડ 11.8 ટકા અને ગુજરાતની ડિમાન્ડ અંદાજે 12.5 ટકાના દરે વધી રહી છે





પર્યાવરણને નુકસાન ન પહોંચાડે તેવી સૌર ઉર્જા અને પવન ઉર્જા થકી પેદા થતી વીજળીના ઉત્પાદન તરફ ભારત અને વિશ્વના દેશો વળી રહ્યા છે



ગુજરાત તેની વીજળીની કુલ જરૂરિયાતના 50 ટકા વીજળી રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પેદા કરવા માગે છે.

# વીજળીની વધતી ડિમાન્ડને રિન્યુએબલ એનર્જીના વીજ ઉત્પાદનથી પહોંચવું કઠિન

ભારતની પ્રજાનું જીવનધોરણ સુધરી રહ્યું છે. વીજળીની સતત વધી રહેલી ડિમાન્ડ તેનો એક બોલતો પુરાવો છે. તેની સાથે જ એ સવાલ ઊભો થાય છે કે વીજળીની સતત વધી રહેલી ડિમાન્ડને જોતાં રિન્યુએબલ એનર્જી એટલે કે સૌર ઉર્જા, પવન ઉર્જા અને જળઉર્જાનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવતી વીજળીની મદદથી વધતા વીજ વપરાશની જરૂરિયાતને પૂરી કરી શકાશે ખરી? 2030ની સાલ સુધીમાં ભારત સૌરશક્તિ, જળશક્તિ અને પવનશક્તિનો ઉપયોગ કરીને 500 ગિગાવૉટ વીજળી પેદા કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. પરંતુ વીજળીની ડિમાન્ડ 11.8 ટકાના વાર્ષિક દરે વધી રહી છે. પાવર સેક્ટરના એક્સપર્ટ્સનું કહેવું છે કે વીજળીની ડિમાન્ડમાં વધારો થવાની આ ગતિને જોતાં 500 ગિગાવૉટ વીજળી પેદા કરવામાં સફળતા મળે તો પણ ભારત પોતાના દેશની વીજળીની જરૂરિયાતને પૂરી કરી શકશે નહિ.

2023-24ના વર્ષના અંતે ભારતમાં ઘરઘરમાં વીજળીનો વપરાશ 362000 ગિગાવૉટનો હતો. તેની સામે કૃષિ કામ માટે વીજળીનો કરાતો વપરાશ 2,40,800 ગિગાવૉટનો હતો. કોમર્શિયલ એકમો માટે વીજળીનો થતો વપરાશ 1,05,100 ગિગાવૉટનો હતો. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત ડેવલપ રાજ્ય ગણાય છે. ગુજરાત મેન્યુફેક્ચરિંગ સ્ટેટ તરીકેનો દરજ્જો પણ ધરાવે છે. 2023-24ના વર્ષમાં ગુજરાતનો કુલ વીજ વપરાશ 1,24,101 ગિગાવૉટનો થયો છે. ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ 2400 યુનિટથી વધારે છે. દેશમાં માથાદીઠ વીજ વપરાશ 985 યુનિટનો છે. કોલસા ને લિગ્નાઈટ સહિતના ફોસિલ ફ્યુઅલ્સનો ઉપયોગ કરવાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધે છે. પરિણામે ક્લાઈમેટ ચેન્જની સમસ્યા નડે છે. તેથી જ કોલસા, લિગ્નાઈટ સહિતના ઈંધણના વપરાશથી વીજળી પેદા કરવા પરનો મદાર ભારત ઘટાડવા માગે છે. તેથી જ પર્યાવરણને નુકસાન ન પહોંચાડે તેવી સૌર ઉર્જા અને પવન ઉર્જા થકી પેદા થતી વીજળીના ઉત્પાદન તરફ ભારત અને વિશ્વના દેશો વળી રહ્યા છે. 2030ની સાલ સુધીમાં 500 ગિગાવૉટ વીજળી પેદા કરવાનો ભારત સરકારનો લક્ષ્યાંક છે. તેમાં ગુજરાતનો લક્ષ્યાંક 75 ગિગાવૉટનો છે. આમ પ્રદુષણ મુક્ત વીજ પેદા કરતાં સોલાર અને પવન ઉર્જાના વિકલ્પનો ઉપયોગ કરીને વીજળી પેદા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત તેની વીજળીની કુલ જરૂરિયાતના 50 ટકા વીજળી રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પેદા કરવા માગે છે. તેમ જ 2070ની સાલ સુધી વાતાવરણમાં ઝીરો કાર્બનડાયોક્સાઈડ ભળે તે સ્થિતિ સુધી પહોંચવા માગે છે. પરંતુ આ આયોજન વીજળીની સતત વધી રહેલી ડિમાન્ડની તુલનાએ પૂરતું નથી. કારણ કે 2030 સુધીમાં ભારતની

# પમ્પ્ડ સ્ટોરેજ માટે ગુજરાતમાં 16 સાઈટ નક્કી કરાઈ

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ હાઈડ્રો સ્ટોરેજ પ્રોજેક્ટ્સના માધ્યમથી 14,210 મેગાવૉટ વીજળીનું ઉત્પાદન કરવાના આયોજનનો અમલ કરવા ભણી આગળ વધી રહ્યું છે. આ માટે 16 જગ્યાઓ પસંદ કરી લેવામાં આવી છે. તેને માટે બિડિંગ મંગાવવામાં આવી રહ્યા છે. વલસાડ ખાતે મોટી પલસાણ, કપરાડા, વિલ્સન ઘાટ, છોટા ઉદેપુરમાં ઘનિયાબાર અને દોબાચાપુરા ધારસીમેલ, ડાંગમાં અન્જન કુંડ, બનાસકાંઠામાં ઉમેદપુરા, દાહોદમાં પાનમ, ખાજૂરી, નર્મદામાં જૂનારાજ, વનાઝી લીમખેતર અને સાગબારા, સાબરકાંઠામાં અભાપુર ખેરવાડામાં પમ્પ્ડ સ્ટોરેજ સિસ્ટમથી વીજળી પેદા કરી શકાય છે.



પીક પાવર ડિમાન્ડ જ 366 ગિગાવૉટને આંબી જશે એમ ભારતના ઉર્જા મંત્રી આર. કે. સિંહનું કહેવું છે. આ ડિમાન્ડને પહોંચી વળવા માટે 900 ગિગાવૉટની વીજ ઉત્પાદન ક્ષમતા હોવી જરૂરી છે. ગુજરાત સરકાર 2030 સુધીમાં તેની વીજળીની કુલ ડિમાન્ડના 50 ટકા ડિમાન્ડ સૌર ઉર્જા અને પવન ઉર્જાથી પેદા થતી વીજળીના માધ્યમથી પૂરી કરવા માગે છે. આ સ્થિતિમાં સૌર ઉર્જા અને પવન ઉર્જાના માધ્યમથી વીજળી પેદા કરવાનું લક્ષ્યાંક અત્યારના 500 ગિગાવૉટથી ઉપર લઈ જઈને ઓછામાં ઓછું 900 ગિગાવૉટ કરવું ફરજિયાત છે. ભારતમાં 2030 સુધીમાં સૌર ઉર્જા ને પવનઉર્જાના માધ્યમથી 500 ગિગાવૉટ વીજળી પેદા કરવાનું ટાર્ગેટ છે. તેમાંથી આજની તારીખે અંદાજે 190 ગિગાવૉટ વીજળી રિન્યુએબલ સ્રોતના માધ્યમથી પેદા કરવામાં આવે છે. જે વધીને 200 ગિગાવૉટને વળોટી જવામાં હોવાનું માનવામાં આવે છે. 11.8 ટકાના દરે વીજળીની ડિમાન્ડ ભારતભરમાં વધી રહી છે. ગુજરાત મેન્યુફેક્ચરિંગ સ્ટેટ હોવાથી ડિમાન્ડમાં 12થી 12.5 ટકાના દરે વધારો થવાની સંભાવનાને નકારી શકાતી નથી. તેથી રિન્યુએબલ સ્રોતથી વીજળી પેદા કરવા માટેના ટારગેટ હજીય ઊંચા લઈ જવા પડે તેમ છે. રિન્યુએબલ એનર્જીની મદદથી વીજળી પેદા કરવા માટે માત્ર ને માત્ર સૌર ઉર્જા પર ફોકસ કરવાને બદલે વિન્ડ પાવર જનરેશન પર પણ ફોકસ વધારવું જરૂરી છે. જોકે સોલાર અને વિન્ડ પાવર જનરેશનમાં ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય છે. ગુજરાત સરકાર 2000 મેગાવૉટની ક્ષમતા ધરાવતો સોલાર-વિન્ડ પાવરનો પ્લાન્ટ પણ તૈયાર કરી રહી છે. ઓક્ટોબર 2024ની સ્થિતિએ ગુજરાતમાં 29.52 ગિગાવૉટ વીજળી સોલાર અને વિન્ડ પાવરથી પેદા થઈ રહી છે. તદુપરાંત ગ્રીન હાઈડ્રોજન ડેવલપ કરવાનું પણ આયોજન ગુજરાત સરકાર કરી રહી છે.

સૌર ઉર્જાથી વીજળી પેદા કરવી સસ્તી પડે છે. પરંતુ તેની એક મર્યાદા એ છે કે આ વીજળી દિવસ દરમિયાન જ ઉપયોગમાં લઈ શકાય છે. તેની સામે વિન્ડ પાવરથી પેદા થતી વીજળી 365 દિવસ અને ચોવીસ કલાક પેદા થઈ શકે છે. તેથી વિન્ડ પાવર વધુ મહત્વનો ગણાય છે. વિન્ડ પાવર જનરેટ થયા પછી તેનો વપરાશ પણ વધુ થઈ શકે છે. તમારા પોતાના વપરાશ પછી બચતી સૌર ઉર્જા વીજ કંપનીઓના નેટવર્કમાં ખેંચાઈ જાય છે. તેનાથી વધારાની આવક પણ થાય છે. તેથી જ સરકરા 100 અબજ ડૉલરના નવા સોલાર પાવર પ્રોજેક્ટના પ્લાન સાથે આગળ આવી રહી છે. આમ સોલાર કરતાં વિન્ડ પાવરનો કેપેસિટી યુટિલાઈઝેશન ફેક્ટર વધારે છે. જોકે કેપેસિટી યુટિલાઈઝેશન ફેક્ટરમાં હજીય વધારો થાય તે માટેના પ્રયાસો કરવા જરૂરી છે. કેપેસિટી યુટીલાઈઝેશન ફેક્ટરમાં પ્રોજેક્ટ માટે કરવામાં આવેલા ખર્ચની સામે વધુ વીજળી પેદા થાય તેવો પ્રયાસ કરવામાં આવે છે. હા, સોલાર પાવર કે વિન્ડ પાવર જનરેશનમાં સતત વધઘટ જોવા મળી રહી છે. તેથી કેટલીકવાર ઓવર સપ્લાય થાય છે કે કેટલીવાર અન્ડર સપ્લાય થાય છે. તેથી સપ્લાય અને ડિમાન્ડના સમયને તે ઉપલબ્ધ બનશે કે નહિ તે પણ એક મોટો સવાલ છે. તેથી જ વીજ કંપનીઓ પાસેથી મળતા વીજ પ્રવાહ જરૂરના સમયે ચાલુ થઈ જાય તેવી વ્યવસ્થા સ્ટેન્ડબાય પર રહે તે જરૂરી છે. પરિણામે કોલસાથી કે લિગ્નાઈટથી વીજળી પેદા કરવાનું સંપૂર્ણપણે બંધ કરી દેવું શક્ય જ નથી. ન્યુક્લિયર પાવર જનરેશનનો પણ એક વિકલ્પ મોજૂદ છે જ છે.

આ પરિસ્થિતિમાં હાઈડ્રોપાવર એક વધુ વિશ્વસનીય સ્રોત બની શકે છે. પાણીના વહેણ અને પાણીનું ધોધના સ્વરૂપમાં પડવું વીજળી પેદા કરવા માટેનો સારો સ્રોત ગણાય છે. ગુજરાતમાં જળવિદ્યુત પેદા કરવાનો અવકાશ મર્યાદિત છે. છતાં સરદાર સરોવર ડેમ, ઉકાઈ અને કડાણા ડેમનો ઉપયોગ કરીને ગુજરાતમાં સારી વીજળી પેદા કરી શકાય છે. પરંતુ તેમાં નાના અને માઈક્રો લેવલના હાઈડલ પાવર પ્રોજેક્ટ નાખી શકાય તેમ છે. 2023-24ના વર્ષની વાત કરવામાં આવે તો ગુજરાતમાં હાઈડલ એનર્જી-જળશક્તિથી 4584.932 મિલિયન યુનિટ વીજળી પેદા કરવામાં આવી હતી. હા, ગુજરાત સરકાર જળશક્તિનો ઉપયોગ કરીને વધુ વીજળી પેદા કરવાના વિકલ્પની તલાશ કરી રહી છે. તેમ જ ગુજરાતના 1600 કિલોમીટરના દરિયા કિનારાનો લાભ લેવા માટેની સિસ્ટમ પણ ડેવલપ કરવાનું આયોજન કરી રહી છે. દરિયાના મોજાની તાકાતથી વીજળી પેદા કરવા



માટેના પ્રોજેક્ટની પ્રપોઝલ વાઈબ્રન્ટ ગુજરાતમાં આવેલી પણ છે.

અત્યારે ગુજરાતમાં ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર બંધના ધોધનો ઉપયોગ કરીને જળશક્તિથી વીજળી પેદા કરવામાં આવી રહી છે. આ સિવાય જળશક્તિથી વીજળી પેદા કરવા માટેના સ્રોત ગુજરાત પાસે ઉપલબ્ધ નથી. હા, નદીના પ્રવાહ અને કેનાલ-નહેરના પાણીના પ્રવાહનો ઉપયોગ કરીને વીજળી પેદા કરવાના વિકલ્પની ગુજરાત સરકાર તલાશ કરી રહી છે. નદીના વહેણ અને નહેરમાં નાખવાને પાત્ર નાના પાવર પ્રોજેક્ટ્સના માધ્યમથી સરકાર 21,133 મેગાવોટ વીજળી પેદા કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. તેને માટે 7133 સાઈટ્સ પણ પસંદ કરી લેવામાં આવી છે, એમ મિનિસ્ટ્રી ઓફ રિન્યુએબલ એનર્જીનું કહેવું છે. પમ્પ્ડ સ્ટોરેજ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ભારત સરકારે જોરશોરથી તૈયારી કરવા માંડી છે.

પમ્પ્ડ સ્ટોરેજ સિસ્ટમથી ભારત 74 ગિગાવૉટ વીજળી પેદા કરવા માગે છે. આ સિસ્ટમમાં ઉપરની તરફ બનાવવામાં હોજમાં નીચે પડેલા પાણીને વીજળીથી ચાલતા પમ્પથી પહોંચાડવામાં આવે છે. આ પાણી ફરીથી ધોધના સ્વરૂપમાં નીચે પડતાં નવેસરથી વીજળી પેદા થાય છે. તેના માટેના બિડિંગની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. આ એનર્જીને બેટરીમાં સંગ્રહી રાખવાનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. બિલ્ડ, ઓન, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર-બૂટની સિસ્ટમથી આ પ્રોજેક્ટની ફાળવણી કરવામાં આવી રહી છે. ભારત પમ્પ્ડ સ્ટોરેજની સિસ્ટમથી 103 ગિગાવૉટ વીજળી પેદા કરી શકે છે. તેના આઠથી દસ પ્રોજેક્ટ તો ચાલુ થઈ ગયા છે. રાજ્યસરકારોએ પણ બીજા 25થી 27 પ્રોજેક્ટ્સની ફાળવણી કરી છે. કુલ 56 પ્રોજેક્ટના માધ્યમથી 73240 મેગાવૉટ વીજળી પેદા કરવાનું આયોજન ચાલી રહ્યું છે. એકલા મહારાષ્ટ્રમાં જ 18 પ્રોજેક્ટ નાખવાનું આયોજન થઈ રહ્યું છે. દસ પ્રોજેક્ટ્સ ઇશાનભારતના રાજ્યોમાં નાખવાના છે. ટાટા પાવર, અદાણી ગ્રીન એનર્જી, જેએસડબ્લ્યુ નિયો એનર્જી, ટોરેન્ટ પાવર, અને ગ્રીનકો પીએસપીના સેક્ટરમાં મોટે પાયે પ્રવેશ લઈ રહ્યા છે. ટોરેન્ટ પાવરે મુંબઈમાં આ પ્રકારનો એક પ્રોજેક્ટનો અમલ કરી દીધો છે. કર્જતમાં બીજા એક પ્રોજેક્ટ માટે રૂ.27000 કરોડનું રોકાણ કરવા ટોરેન્ટ તૈયાર છે. નેશનલ હાઈડ્રો ઇલેક્ટ્રિક પાવર કોર્પોરેશન પીએસપીની સિસ્ટમથી 40 ગિગાવૉટ વીજળી પેદા કરવાની દરખાસ્ત મૂકી ચૂકી છે. ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ પણ ગુજરાતના છોટાઉદેપુર વિસ્તારમાં કુપ્પા પમ્પ્ડ હાઈડ્રો સ્ટોરેજ પ્રોજેક્ટની મદદથી 750 મેગાવોટ વીજળી પેદા કરવા માગે છે.

જોકે ભારે વરસાદના સમયમાં જળવિદ્યુતના મહત્તમ ઉત્પાદન મેળવી લેવાની સતત કોશિશ કરવામાં આવે છે. જળવિદ્યુત પેદા કરવાના નાના પ્રોજેક્ટમાં રોકાણ કરવા માગનારાઓને ગુજરાત સરકાર પ્રોત્સાહન આપી રહી છે. તેથી જ ગુજરાત વિન્ડ પાવર અને સોલાર પાવરમાં મહત્તમ રોકાણ કરી રહ્યું છે. ગુજરાત સરકાર સૌની યોજના અને રૂરલ વૉટર સપ્લાય પ્રોગ્રામના માધ્યમથી નાના નાના પાવર પ્રોજેક્ટ્સ માટે સબસિડી આપી રહી છે.

**ભારતમાં જળવિદ્યુત પેદા કરવાની ઉપલબ્ધ ક્ષમતાની વાત કરવામાં આવે તો મોટા જળપ્રકલ્પો થકી 1,33,410 મેગાવોટ વીજળી પેદા થઈ શકે તેમ છે.**

**હાઈડ્રોપાવર એક વધુ વિશ્વસનીય સ્રોત બની શકે છે. પાણીના વહેણ અને પાણીનું ધોધના સ્વરૂપમાં પડવું વીજળી પેદા કરવા માટેનો સારો સ્રોત ગણાય છે.**

**પમ્પ સ્ટોરેજની સિસ્ટમથી 1,76,280 મેગાવોટ વીજળી પેદા થઈ શકે છે.**

ભારતમાં જળવિદ્યુત પેદા કરવાની ઉપલબ્ધ ક્ષમતાની વાત કરવામાં આવે તો મોટા જળપ્રકલ્પો થકી 1,33,410 મેગાવોટ વીજળી પેદા થઈ શકે તેમ છે. તેમ જ પમ્પ સ્ટોરેજની સિસ્ટમથી 1,76,280 મેગાવોટ વીજળી પેદા થઈ શકે છે. પમ્પ સ્ટોરેજ સિસ્ટમમાં એકવાર ડેમની ઊંચાઈએથી નીચે પટકાયેલા પાણીને ફરીથી વીજળીની મદદથી ઉપરના સ્ટોરેજ માટે કૃત્રિમ રીતે તૈયાર કરવામાં આવેલા તળાવમાં ચઢાવી દઈને તે ફરીથી ધોધના સ્વરૂપમાં નીચે પડે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. તેથી એક જ પાણી ફરી ફરી ધોધના સ્વરૂપમાં પડ્યા કરે અને તેના મારફતે વીજળી પેદા થયા કરે તેવી વ્યવસ્થા થાય છે. આમ એક જ પાણીનો વારંવાર ઉપયોગ કરીને વીજળી પેદા કરવામાં આવે છે. અત્યારે આ રીતે 43000 મેગાવોટની આસપાસ વીજળી પેદા કરવામાં આવી રહી છે. બીજી 15025 મેગાવોટની ક્ષમતાના પ્રોજેક્ટ્સના કામકાજ આગળ વધી રહ્યા છે. ગુજરાત સરકાર કડાણા, ઉકાઈ અને સરદાર સરોવર ડેમમાં આ રીતે પાણીને ફરી ઉપર ચઢાવીને વીજળી પેદા કરવાનું આયોજન કરી શકે છે. પાણી ઉપર ચઢાવવા માટે વપરાતી વીજળી તેના થકી પેદા થતી નવી વીજળીના 15થી 20 ટકા જેટલી જ થાય છે.

ભારતમાં જળવિદ્યુતના 25 મેગાવોટથી વધુ મોટા પ્રોજેક્ટ નાખવાની શક્યતા રહેલી છે. આ સિસ્ટમથી કુલ મળીને 1,45,400 મેગાવૉટ વીજળી પેદા થઈ શકે છે. તેમાંથી અંદાજે 43000 મેગાવોટ વીજળી પેદા પણ કરવામાં આવી રહી છે. બીજા 15000થી વધુ મેગાવૉટના પ્રોજેક્ટ્સના કામકાજ ચાલી રહ્યા છે. 2023ના અંતની વાત કરીએ તો ભારતમાં 46850 મેગાવૉટ વીજળી જળવિદ્યુતથી પેદા કરવામાં આવી રહી છે. તેમાં પ્રોજેક્ટ જંગલ સહિતના અંતરિયાળ વિસ્તારમાં નાખવા પડે છે. તેની સાથે જ સ્થાનિક પ્રજાના સ્થળાંતરની સમસ્યા પણ ઊભી થાય છે. તેને કારણે તેમાં અવરોધ આવી રહ્યો છે. ભારત સરકાર જળવિદ્યુત પેદા કરવાની ક્ષમતા 67 ગિગાવૉટ સુધી લઈ જવાનું આયોજન કરી રહી છે.

# અમદાવાદમાં પ્રોપર્ટીના ભાવમાં સતત થઈ રહેલો વધારો



**અમદાવાદ શહેરને પણ સિંગાપોરની જેમ આકર્ષક શહેર બનાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી મહેચ્છા ધરાવી રહ્યા છે. તેમને આ મહેચ્છા પૂરી થાય તેવી તમામ શક્યતાઓ દેખાઈ રહી છે.**

**અમદાવાદ શહેર અને ગાંધીનગર માટે મોટી ભેટ સાબિત થઈ રહેલા ગિફ્ટ સિટીને કારણે જ એસ.જી. હાઈવેથી માંડીને ગાંધીનગરના પટ્ટામાં કોમર્શિયલ અને રેસિડેન્શિયલ પ્રોપર્ટીનું મોટે પાયે ડેવલપમેન્ટ થવા માંડ્યું છે**

અમદાવાદના પ્રોપર્ટીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. સરકાર જંત્રીના દર ઊંચા લઈ જઈ રહી છે તેમ તેમ ભાવ વધારો કરવાની તક ડેવલપર્સ ઝડપી રહ્યા છે. સરકારનો ઈરાદો પ્રોપર્ટીના સોદામાં બિનહિસાબી નાણાંનો વહેવાર ઘટાડવાનો છે. તેમ છતાંય ભાવ વધારો થઈ જતાં પ્રોપર્ટીના સોદામાં રોકડની લેવડદેવડ અટકતી જ નથી. આમ આદમીને ઘર મોંઘા પડી રહ્યા હોવાથી આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે સરકારી આવાસ યોજના હેઠળ ઘર બનાવવામાં આવી રહ્યા છે. આવાસ યોજનાના ઘર બનાવવા માટેના બિલ્ડર્સ દ્વારા કરવામાં આવી રહેલા ખર્ચને પહોંચી વળવા સરકાર ડેવલપર્સને તેમની ખાનગી સાઈટ પર વધુ બાંધકામ કરવા માટે આવાસ યોજનાના બાંધકામના ખર્ચના પ્રમાણમાં વધારાની એફએસઆઈ આપે છે. આમ ગરીબો માટે આવાસ બની રહ્યા છે. બિલ્ડરોને આવાસયોજનાના ખર્ચ મજરે મળી રહ્યા છે. છતાંય અપર મિડલ ક્લાસ માટે મિલકત-પ્રોપર્ટીની ખરીદી મોંઘી થઈ રહી છે. તેમને બે છેડા જોડવામાં તકલીફ પડી રહી છે. આખી જિંદગી એટલે કે વીસથી પચ્ચીસ વર્ષ સુધી લોનના હપ્તાઓ ભરીને તણાવું પડે છે. જિંદગી ફ્લેટની કે કોમર્શિયલ પ્રોપર્ટી માટેની લોનના હપ્તા ચૂકવવામાં જ વીતિ જાય છે.

ફ્લાયર ઓવર, અન્ડરપાસને કારણે હરફર કરવું સરળ બન્યું છે. તેનો એડવાન્ટેજ બિલ્ડર્સ અને ડેવલપર્સને મળી રહ્યો છે. શ્યામલ ચાર રસ્તા અને આરોહી સર્કલના વિસ્તારમાં તથા વાસણામાં લાંબો ફ્લાય ઓવર બનતા ટ્રાફિકની સમસ્યા હળવી બની છે. આમ જુદાં જુદાં વિસ્તારોમાં ફ્લાય ઓવર અને રસ્તાઓ બનતા  ટ્રાફિકની સમસ્યા હળવી થઈ હોવાથી લોકોને શેલા, શીલજ, ચાંદખેડા, સાણંદ તરફના પટ્ટામાં, રાચરડાં, નિકોલ, ઘૂમા, ગાંધીનગરમાં પીડીપીયુ, સરગાસણ, રાયસણ, કૂડાસણ, રાંધેસણ સહિતના વિસ્તારોમાં નવી ડેવલપ થતી પ્રોપર્ટીઓ ખરીદવામાં રસ પડવા માંડ્યો છે. બીજી તરફ દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં પણ જોવા ન મળે તેવા રસ્તાઓ અમદાવાદમાં બન્યા છે અને બની રહ્યા છે. ગિફ્ટ સિટીના નિર્માણ પછી અમદાવાદ અને ગાંધીનગરમાં પણ સ્કાયલાઈન-હાઈરાઈઝ બિલ્ડિંગો ડેવલપ થવા માંડી છે. આજે અમદાવાદ આધુનિક અને સુવ્યવસ્થિત રીતે જોડાયેલું શહેર બની ચૂક્યું છે. તેથી મિલકતના માર્કેટમાં વધુ મોટો ઊછાળો જોવા મળ્યો છે અને હજીય ભાવ ઊંચા જાય તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી. તેમાંય ખાસ કરીને માળખાકીય સુવિધા વધી છે તે વિસ્તારની મિલકતના ભાવ સાતમા આસમાનને આંબી રહ્યા છે.

ગિફ્ટ સિટી અમદાવાદ શહેર અને ગાંધીનગર માટે મોટી ભેટ સાબિત થઈ રહી છે. ગિફ્ટ સિટીને કારણે જ એસ.જી. હાઈવેથી માંડીને ગાંધીનગરના ગિફ્ટ સિટી-ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સિટી સુધીના પટ્ટામાં કોમર્શિયલ અને રેસિડેન્શિયલ પ્રોપર્ટીનું મોટે પાયે ડેવલપમેન્ટ થવા માંડ્યું છે. એક જમાનામાં એસ.જી. હાઈવેની જગ્યાઓને ઔદ્યોગિક વિકાસ માટેના



**ગિફ્ટ સિટીના નિર્માણ પછી અમદાવાદ અને ગાંધીનગરમાં પણ સ્કાયલાઈન-હાઈરાઈઝ બિલ્ડિંગો ડેવલપ થવા માંડી છે. સમય જતાં તે વિદેશમાં ફરતાં હોવાનો અહેસાસ કરાવશે.**

**એસ.જી. હાઈવેથી માંડીને ગાંધીનગરના ગિફ્ટ સિટી-ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ સિટી સુધીના પટ્ટામાં કોમર્શિયલ અને રેસિડેન્શિયલ પ્રોપર્ટીનું મોટે પાયે ડેવલપમેન્ટ થવા માંડ્યું છે**

**વિક્રમનગરની પરિસરમાં તો અત્યાધુનિક કોર્પોરેટ ઓફિસો ધરાવતી મિલિયોનર સ્ટ્રીટ પણ બની ગઈ છે. એક જુઓ અને બીજી ભૂલો તેવી કોમર્શિયલ પ્રોપર્ટી આ વિસ્તારમાં બની ચૂકી છે.**

**એક જમાનામાં ઔદ્યોગિક વિકાસના વિસ્તાર તરીકે જોવાતા એસ.જી. હાઈ વેના વિસ્તારમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી પાર્ક, અદાણી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઝાયડસ કેડિલાની કોર્પોરેટ ઓફિસ બની ગઈ છે.**

વિસ્તાર તરીકે જોવામાં આવતી હતી. આજે એસ.જી. હાઈ વે પર મોટી મોટી કંપનીઓના કોર્પોરેટ હાઉસ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પાર્ક, મોલ ઉપરાંત અદાણી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ઝાયડસ કેડિલાની કોર્પોરેટ ઓફિસ આવેલી છે.

એક સમયે રાજકીય રાજધાની તરીકે જાણીતા અમદાવાદને આજે ગુજરાતની આર્થિક રાજધાની તરીકે ઓળખાવી શકાય છે. છેલ્લા થોડા વરસોમાં અમદાવાદમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. આજે અમદાવાદ એક ધબકતું મેટ્રોસિટી બની ગયું છે. અમદાવાદમાં અત્યાધુનિક સુવિધાઓ વધી રહી છે. તેથી જ મિલકતના ભાવમાં વધારો થઈ રહ્યો છે. બીજીતરફ ઘર ખરીદનારાઓમાં પતિ પત્ની બંને નોકરી કરીને સારી આવક મેળવતા હોવા છતાં તેમને માટે નવું ઘર ખરીદવું અઘરું બની રહ્યું છે. રોકાણકારોને પણ ઊંચા ભાવે ઘર ખરીદ્યા પછી તેમાંથી મળતું વળતર ઓછું થઈ રહ્યું છે. પરિણામે અમદાવાદમાં પ્રોપર્ટીના ભાવ વધી રહ્યા હોવા છતાંય વેચાયા વિના પડી રહેલી વેકન્ટ પ્રોપર્ટી પણ ઘણી જ વધારે છે. માત્ર ને માત્ર ઊંચા ભાવને કારણે બિલ્ડરો વણવેચાયેલા ફ્લેટ ન વેચાય તો પણ અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ થઈ રહ્યા છે.

અમદાવાદ પ્રોપર્ટી બાયર્સ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે તેના બીજા કારણો પણ છે. અમદાવાદમાં માળખાકીય સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે.  બસ રેપિટ ટ્રાન્ઝિટ સિસ્ટમ-બીઆરટીએસ, મેટ્રો રેલ સાંજે અને સવારે ભારે ટ્રાફિકના સમયમાં પ્રવાસીઓને સમયસર ઘરે પહોંચાડવામાં સમર્થ બન્યા છે. મેટ્રો રેલ અને બીઆરટીએસ તો પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના ખાસ્સા વિસ્તારોને એટલે કે પૂર્વ અમદાવાદ અને પશ્ચિમ અમદાવાદના વિસ્તારો મેટ્રો રેલ અને બીઆરટીએસને કારણે એકબીજાથી ખાસ્સા નજીક આવી ગયા છે. નિકોલ, વસ્ત્રાલ, અમરાઈ વાડી તરફનો એપરલ પાર્ક, ગાંધીનગર, મણિનગર, થલતેજ, મોટેરા સહિતના દરેક વિસ્તારને મેટ્રો રેલથી જોડી દેવાયા છે. પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા વધી હોવાથી લોકો મકાન માટે ઊંચી રકમ ખર્ચવા તૈયાર થઈ રહ્યા છે.

અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ અને સરખેજ-ગાંધીનગર હાઈવેને કારણે પણ શહેરમાં હરફર કરવું સરળ બની રહ્યું છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર આઠથી દસ જેટલા ફ્લાય ઓવર બનાવ્યા હોવાથી અમદાવાદથી ગાંધીનગર 25થી 30 મિનિટમાં પહોંચી જવું શક્ય બન્યું છે. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અમદાવાદમાં ફ્લાય ઓવર પણ બાંધી દેવામાં આવ્યા છે. પશ્ચિમ અમદાવાદમાં છેલ્લા દસથી બાર વર્ષમાં સંખ્યાબંધ ફ્લાય ઓવર બન્યા છે. તેનાથી હરફર કરવું સરળ અને ઝડપી બની ગયું છે. ટ્રાફિકની સમસ્યા હળવી થઈ છે. આ બધાંને કારણે બોપલ, સાઉથ બોપલ, ઘૂમા, ગોતા અને વૈષ્ણોદેવીની પરિસરના વિસ્તાર સુધી આસાનીથી મિલકતો વેચાઈ રહી છે. પૂર્વ અમદાવાદ, નિકોલ, વસ્ત્રાલ, નરોડા સહિતના વિસ્તારોમાં પણ મિલકતના ભાવ ઊંચકાઈ રહ્યા છે.

આંબલી, વિક્રમ નગર અને બોડકદેવ જેવા વિસ્તારોમાં કોમર્શિયલ યુનિટ્સની સંખ્યા છેલ્લા પંદર વર્ષમાં ખાસ્સી વધી ગઈ છે. વિક્રમનગરની પરિસરમાં તો અત્યાધુનિક કોર્પોરેટ ઓફિસો ધરાવતી મિલિયોનર સ્ટ્રીટ પણ બની ગઈ છે. એક જુઓ અને બીજી ભૂલો તેવી કોમર્શિયલ પ્રોપર્ટી આ વિસ્તારમાં બની ચૂકી છે. વટવા, નરોડા, નારોલમાં પ્રોડક્શન યુનિટ ધરાવનારાઓએ પશ્ચિમ અમદાવાદ અને મિલિયોનર સ્ટ્રીટમાં તેમની ઓફિસ કરી છે. પ્રહલાદ



નગર, બોડકદેવ અને થલતેજ વિસ્તાર પણ છેલ્લા થોડા વરસોથી ધમધમી રહ્યો છે. પરિણામે રિયલ એસ્ટેટના ભાવ પણ આ વિસ્તારોમાં કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે.

આજે અમદાવાદ અનંત શક્યતાઓની નગરી બની ચૂકી છે. તેમાં કમાવાની પણ સારી તક છે. તેમ જ નોકરી મેળવવાનો અવકાશ પણ ખાસ્સો વધારે છે. તેથી જ ગ્રામીણ વિસ્તારની પ્રજા અમદાવાદ તરફ ફંટાઈ રહી છે. તેમ જ ગુજરાત બહારથી પણ ખાસ્સી સંખ્યામાં લોકો અમદાવાદ આવી રહ્યા છે. આ તમામ પરિબળો પ્રોપર્ટીના ભાવમાં ઊછાળો લાવવા માટે જવાબદાર બની રહ્યા છે. હજી ત્રણથી ચાર વર્ષ પહેલાની જ વાત કરવામાં આવે તો વટવા, નિકોલ, નરોડા, ગોતામાં મિલકતના ઊંચા ભાવ મળતા નહોતા. આજે આ વિસ્તારમાં પણ મિલકતના ભાવમાં ખાસ્સો ઊછાળો આવી ચૂક્યો છે.

અમદાવાદ અને ગુજરાતમાંથી વિદેશ જઈને વસેલાઓની સંખ્યા ખાસ્સી મોટી છે. તેમન ડૉલરિયા કમાણી તેઓ અમદાવાદની રિયલ એસ્ટેટમાં ઠાલવી રહ્યા છે. બ્રિટન, અમેરિકા અને કેનેડામાં જઈને કમાણી કરી ચૂકેલાઓ હવે ગુજરાત અને તેમાંય ખાસ કરીને અમદાવાદ, ગાંધીનગરની રિયલ એસ્ટેટમાં રોકાણ કરી રહ્યા છે. સાયન્સ સિટી, શીલજ અને સાઉથ બોપલની પ્રોપર્ટીઓમાં તેમના રોકાણ ખાસ્સા વધી રહ્યા છે.

## લોકોની જીવનશૈલીમાં આવેલો બદલાવ પણ મિલકતના ભાવ વધારા માટે જવાબદાર

પહેલા એક માણસ કમાય અને આખો પરિવાર ખાય તેવી સ્થિતિ હતી. આજે એક જ પરિવારના ચારેય કમાતા હોવાની સ્થિતિ છે. પરિણામે સહિયારી આવક અને બચતનો ઉપયોગ કરીને મોંઘા ઘર

**નવા રસ્તાઓ, ફ્લાયઓવર, અન્ડરપાસને કારણે ટ્રાફિકની સમસ્યા હળવી થવાની સાથેસાથે જ એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જવું સરળ બન્યું હોવાથી શેલા, શીલજ, ઘૂમા અને રાચરડાં સહિતના વિસ્તારોમાં પ્રોપર્ટીના ભાવ વધી રહ્યા છે**

લેવાનો પ્રયાસ લોકો કરી રહ્યા છે. જોકે તેમાં કેટલાક જ પરિવારો સફળ થઈ રહ્યા છે. તેથી જ વણવેચાયેલા ફ્લેટ્સ અને કોમર્શિયલ પ્રોપર્ટીની સંખ્યા વધી રહી છે. પહેલા રહેવા માટેના ઘરની તલાશ હતી. હવે ચિલ્ડ્રન પ્લે એરિયા, પાર્કિંગ, ગેમ ઝોન, ગાર્ડન અને બોક્સ ક્રિકેટની સુવિધા ધરાવતા એપાર્ટમેન્ટમાં જવાનું લોકો પસંદ કરતાં થયા છે. આ એમિનિટીઝને નામે મોંઘા કરી દેવામાં આવેલા ફ્લેટ્સ પણ વેચાઈ રહ્યા છે. આજુબાજુના મકાનમાં પોતાના જેવા અને પોતાની લેવલના જ લોકો જોવા મળે તેવી અપેક્ષા પણ વધી ગઈ છે. તેથી સારી સુવિધા વાળા મકાનોમાં રહેવાનું લોકો પસંદ કરતાં થયા છે. તેથી પણ પ્રોપર્ટી માર્કેટમાં તેજીનો તરખાટ જોવા મળી રહ્યો છે.

પહેલાના સમયના ફ્લેટ્માં રહેનારાઓના ઘર સુધી ગમે તે પહોંચી જતાં હતા. હવે તેવું નથી. આગોતરી અનુમતી વિના કોઈ જ ઘરના બારણાં સુધી આવી ન શકે તેવી વ્યવસ્થા મોટા ભાગની નવી મિલકતોમાં ઊભી કરી દેવામાં આવેલી છે. વૉચમેન લોકોની અવરજવર પર મેનેજ કરવા માટે માણસોની સેવાઓ ઉપલબ્ધ છે. તેમ જ નીચેના પ્લે એરિયામાં બાળકો આરામથી સલામત વાતાવરણ વચ્ચે રમી શકે છે. સીસીટીવી કેમેરા બેસાડીને સંપૂર્ણ પ્રોપર્ટીમાંની ગતિવિધિઓને મોનિટર કરી શકાય છે. સ્વિમિંગના શોખીનો માટે સ્વિમિંગની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ક્લબહાઉસની, પાર્કની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પરિણામે બે ત્રણ દિવસે બાળકને ગાર્ડનમાં લઈ જવાની કે બહાર રમવા લઈ જવાની જફામાંથી માબાપને મુક્તિ મળે છે. પ્રોપર્ટીના એરિયામાં બાળકો સરળતાથી હરીફરી શકે છે. બાળક ઘરની બહાર અને પ્રોપર્ટીના એરિયામાં જ હોય તો ઘરે બેઠેલાં માબાપને ચિંતા રહેતી નથી. પરિણામે દરેક ફ્લેટ કે બંગલા ધારકને સંપૂર્ણ પ્રોપર્ટી પૂર્ણપણે પોતાની હોવાનો અહેસાસ થાય છે. તેનાથી તેમની



પોતાની અને બાળકોની સલામતી વધે છે. આમ અમદાવાદ શહેરની મધ્યમાં પોતાનું અલગ નાનકડું શહેર હોવાનો અહેસાસ રહેવાસીઓને થાય છે.

જોકે આ સુવિધાઓ મેળવવા માટે પ્રોપર્ટીની ઊંચી કિંમત ચૂકવવી પડે છે. તેમ જ મેઈન્ટેનન્સના ઊંચા ખર્ચનો બોજ વેંઢારવો પડે છે. રહેઠાણ સાથે વધારાની સુવિધા મેળવવા માટે વધારાનો ખર્ચ કરવો પડે છે. કેટલાક કિસ્સાઓમાં ચુસ્ત નિયમોનું પાલન કરવું પડે છે, જે સહજ જણાતા નથી. બંધનકર્તા લાગે છે.

ગુજરાત સરકારે રિયલ એસ્ટેટ માટે લીધેલા પગલાંને પરિણામે પણ રિયલ એસ્ટેટમાં લેવાલી જોવા મળી રહી છે. બીજું મહત્વના કે આકર્ષક ગણાતા વિસ્તારોમાં ખાલી પ્લોટ્સ્ ન હોવાને પરિણામે પણ પ્રોપર્ટીની ડિમાન્ડ વધી રહી છે અને તેના ભાવ ઊંચા જઈ રહ્યા છે. આજે અમદાવાદના બોડકદેવ, આંબાવાડી, શ્યામલ, પ્રહલાદનગર, વિસ્તારમાં ખાલી પ્લોટ્સ જ ન હોવાથી આ વિસ્તારમાં નવી સ્કીમ કે નવા પ્રોજેક્ટ્સ આવવાની સંભાવના સીમિત થઈ ગઈ છે. તેથી મધ્ય અમદાવાદ અને પશ્ચિમ અમદાવાદમાં પ્રોપર્ટીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. એરિયાની ડિમાન્ડ અને નવી પ્રોપર્ટીના સપ્લાયનો નિયમ અહીં કામ કરી જાય છે.

અમદાવાદમાં શાળાઓ, હોસ્પિટલ્સ અને રમતગમતના મેદાનો સહિતની સુવિધાઓ સારી છે. તેથી પણ બાળકોને સારુ શિક્ષણ મળશે તેવી ગણતરીથી ઘણાં લોકો શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરી રહ્યા છે. અમદાવાદમાં માળખાકીય સુવિધાના વિકાસની સાથે સાથ આર્થિક વિકાસ પણ સારો છે. અમદાવાદ રોજગારીની સારી તક પૂરી પાડે છે. ગુજરાત દેશના અન્ય રાજ્યોની તુલનાએ વધુ સલામત રાજ્ય છે. યુવક-યુવતીઓ મોડી રાત સુધી કોઈપણ ભય વિના હરીફરી શકે છે. તેમની સાથે અઘટિત ઘટના બની જવાનો ભય માતાપિતાને અન્ય રાજ્યની તુલનાએ ઓછો લાગે છે. ઉત્તર



પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશની તુલનાએ આ માહોલ ગુજરાતમાં ઘણો જ સારો છે. તેથી પણ નોકરીની કે કમાવાની તક મળે તો આ રાજ્યોના લોકો ગુજરાતમાં અને તેમાંય ખાસ કરીને અમદાવાદમાં સેટલ થવાનું વધુ પસંદ કરતાં થયા છે. હા, તેમને દારૂ નથી મળતો. તેથી તેમને એન્ટરટેઈનમેન્ટનો એક માર્ગ ઓછો જણાય છે. તેની સામે ગુજરાત સરકારે દારૂ પીનારાઓ આગોતરી પરમિટ મેળવી શકે તે માટેની વ્યવસ્થાને ઉદાર કરી દીધી છે. આમ પરમિટ લઈને પોતાના ઘરમાં દારૂ પી શકે તેવી વ્યવસ્થા મળી હોવાથી પણ પરરાજ્યના ઘણાં નોકરિયાતો ગુજરાતમાં સેટલ થવાનું વધુ પસંદ  કરતાં થયા છે. ગુજરાતની પ્રજાના વહેવારુ અભિગમને પરિણામે આવકવેરા, સેન્ટ્રલજીએસટીની કચેરીમાં કામકાજ કરવા મોટા મોટા અધિકારીઓ પણ ઉત્સુક રહે છે. તેને પરિણામે પણ રેસિડેન્શિયલ પ્રોપર્ટીની ડિમાન્ડ વધી રહી છે.

તદુપરાંત કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદવાને બદલે રેન્ટ પર મેળવીને સાત જ દિવસમાં ઓફિસ ધમધમતી કરી શકાય તેવી સુવિધા અમદાવાદમાં મળતી થઈ છે. તેથી ગુજરાતમાં તક મળે તો વિદેશી કંપનીઓ તેમની ઓફિસ ગુજરાત-અમદાવાદમાં ઊભી કરી દેવામાં ખચકાટ અનુભવતી નથી. આ કંપનીઓ સાથે અન્ય કર્મચારીઓ પર ગુજરાતમાં આવી રહ્યા છે. તેમના થકી પણ પ્રોપર્ટીની ડિમાન્ડ વધી રહી છે કારણ કે ગુજરાતના માહોલને જોઈને ગુજરાતમા જ સેટલ થઈ જવા ખાસ્સા લોકો ઉત્સુક છે. તેઓ પણ ગુજરાતમાં પ્રોપર્ટી ખરીદીને સેટલ થઈ રહ્યા છે.

તેમાં ગિફ્ટ સિટિનો પ્રોજેક્ટ દસેક વર્ષથી ચાલી રહ્યો છે. ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય સ્તરના બિઝનેસ હાઉસ આવે તેવી ગણતરી છે. તેની હાઈરાઈઝ અને અત્યાધુનિક સુવિધા સાથેનો વિસ્તાર વિકસાવવામાં આવી રહ્યો છે. તેથી ગિફ્ટ સિટીની સ્કાયલાઈન અદભૂત દેખાઈ રહી છે. ગિફ્ટ સિટીના હાઈરાઈઝ મકાનોને પરિણામે આ સ્કાયલાઈન વિકસી રહી છે. તેના પ્રભાવ હેઠળ અમદાવાદના વિસ્તારોમાં પણ હાઈરાઈઝ મકાનો બનવા માંડ્યા છે. તેથી અમદાવાદની સ્કાયલાઈન પણ આકર્ષક બનવાનો આરંભ થઈ ચૂક્યો છે. આગામી વરસોમાં અમદાવાદ શહેર પણ સિંગાપોરની જેમ આકર્ષક શહેર બની રહેવાની સંભાવના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી અમદાવાદને સિંગાપોર બનાવવાની મહેચ્છા ધરાવી રહ્યા છે. તેમને આ મહેચ્છા પૂરી થાય તેવી તમામ શક્યતાઓ દેખાઈ રહી છે.






# ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ભારત સરકારે લોન્ચ કરી GHCI યોજના

**GHCI માટે સરકારે ₹20,172 કરોડની ફાળવણી કરી છે.**

**આ યોજનાથી ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનમાં પારદર્શકતા આવશે, MSMEને ઘરઆંગણે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનું પ્રોત્સાહન મળશે**

**GHCI સર્ટિફિકેશન મેળવનારા ઉદ્યોગો 2026થી ભારતમાં શરૂ થનારા કાર્બન માર્કેટમાં કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ પણ કરી શકશે.**

**ભારત સરકાર 2030 સુધીમાં ભારતને ₹58,000 કરોડના ગ્રીન હાઈડ્રોજનની નિકાસ કરતો દેશ બનાવવા માંગે છે.**

ભારત દેશ 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન એમિશન ધરાવતો દેશ બનવાનું લક્ષ્ય ધરાવે છે. ભારત સરકારે અત્યારથી જ આ દિશામાં પ્રયત્નો શરૂ કરી દીધા છે. તાજેતરમાં નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE)ના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ગ્રીન હાઈડ્રોજન સર્ટિફિકેશન સ્કીમ (GHCI) લોન્ચ કરી હતી. આ ઉપરાંત મંત્રાલય દ્વારા ગ્રીન હાઈડ્રોજન સપ્લાય ચેઈનમાં MSME માટે વેપારની તકો અંગે વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ ભારતમાં ગ્રીન હાઈડ્રોજનની ઈકોસિસ્ટમ વિકસાવવાનો અને તેમાં MSMEની ભૂમિકા અંગે ચર્ચા કરવાનો હતો. આ વર્કશોપમાં MSMEના પ્રતિનિધિઓ, વેપારી સંઘો,રિન્યુએબલ ટેક્નોલોજી સાથે સંકળાયેલા ઉદ્યોગોના પ્રતિનિધિઓ, આંતરરાષ્ટ્રીય ભાગીદારો અને ઊર્જા ઉત્પાદન સાથે સંકળાયેલા 300થી વધુ હિતધારકોએ ભાગ લીધો હતો.

ભારત 2030 સુધીમાં ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમ વિકસાવીને આત્મનિર્ભર બનવાનું લક્ષ્ય ધરાવે છે. આ ધ્યેયને સાકાર કરવામાં MSME મહત્વની ભૂમિકા ભજવશે. MSMEને ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમ સાથે જોડવા માટે ભારત સરકાર દ્વારા GHCI (ગ્રીન હાઈડ્રોજન સર્ટિફિકેશન સ્કીમ) લોન્ચ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય આશય ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનને પ્રમાણિત કરવાનો, તેની ઉત્પાદન પ્રક્રિયામાં પારદર્શકતા લાવવાનો, આ વિષય અંગે ઉદ્યોગો સુધી વધારે માહિતી પહોંચાડવાનો અને બજારની વિશ્વસનીયતા વધારવા માટે એક મજબૂત માળખું બનાવવાનો છે.

## ગ્રીન હાઈડ્રોજનનું શું મહત્વ છે?

ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોના ઉપયોગથી કરવામાં આવે છે. આથી પેટ્રોલિયમમાંથી મળતા ઈંધણોનો તે ખૂબ સારો વિકલ્પ છે. તેનાથી ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડી શકાય છે. ભારત હાલ વિદેશમાંથી પેટ્રોલિયમ પ્રોડક્ટની આયાત પાછળ અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ ખર્ચે છે. જો ઘરઆંગણે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થવા માંડે તો ભારતને અન્ય દેશો પર ઈંધણ માટે મદાર બાંધવો પડશે નહિ. આ ઉપરાંત મૂલ્યવાન વિદેશી હૂંડિયામણની પણ બચત થશે.

**પ્રારંભિક મૂડી રોકાણ અને જળસ્રોતોની મર્યાદિત પ્રાપ્યતા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સામેના સૌથી મોટા પડકારો છે.**



# GHCI થકી ₹58,000 કરોડના ગ્રીન હાઈડ્રોજનની નિકાસનું લક્ષ્ય

ભારતની ગ્રીન હાઈડ્રોજન સર્ટિફિકેશન સ્કીમ દેશમાં ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન અને લગભગ ₹58,100 કરોડ ($70 બિલિયન) ની નિકાસ માટેનો પાયો નાંખશે. વળી, દેશની રિન્યુએબલ ઊર્જા ઉત્પાદનની સ્ટ્રેટજીમાં આ સ્કીમ મહત્વની ભૂમિકા ભજવશે. હાલ સુધી 'ગ્રીન હાઈડ્રોજન' કોને કહેવો તે અંગે પણ મતમતાંતર હતા. કેન્દ્રીય મંત્રી દ્વારા લોન્ચ કરેલી આ સ્કીમમાં ગ્રીન હાઈડ્રોજનની પરિભાષા નિશ્ચિત કરવામાં આવી છે. આ પદ્ધતિથી ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરનારા ઉત્પાદકોને પ્રમાણિત કરવા માટે બહુસ્તરીય સર્ટિફિકેશન સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. તેમાં 1 કિલો ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનની લાઈફસાઈકલ માટે કાર્બન ઉત્સર્જનની મહત્તમ મર્યાદા 2 કિ.ગ્રા સીમિત કરવામાં આવી છે. આ યોજના ઈલેક્ટ્રોલાઈસિસ અથવા બાયોમાસ કન્વર્ઝનથી ઉત્પન્ન થયેલા હાઈડ્રોજન પર લાગુ પડે છે. તેના ઉત્પાદન માટે ફક્ત પુન:પ્રાપ્ય ઊર્જા જ વાપરવી પડે છે.

આ સર્ટિફિકેશન ફક્ત નિકાસ માટે જ હાઈડ્રોજન ઉત્પાદન કરતા ઉત્પાદકોને બાદ કરતા બધા જ ઉત્પાદકો માટે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. તે ચાર સ્તરે આપવામાં આવશે: કોન્સેપ્ટ, ઉત્પાદન સંકુલનું પ્રમાણપત્ર, અસ્થાયી અથવા તત્કાલીન પ્રમાણપત્ર અને ફાઈનલ સર્ટિફિકેટ. સરકારી યોજનાના લાભ મેળવવા માટે અથવા તો સ્થાનિક બજારમાં હાઈડ્રોજન વેચવા માટે ફાઈનલ સર્ટિફિકેટ આવશ્યક છે.

આ યોજનાનો આશય હાઈડ્રોજન ઉત્પાદનમાં પારદર્શિતા લાવવાનો અને વૈશ્વિક સ્તરે ભારતમાં ઉત્પાદિત થતા હાઈડ્રોજનની વિશ્વસનીયતા વધારવાનો છે. આ સાથે સ્કીમની મદદથી હાઈડ્રોજન ઉત્પાદનમાં થતા કાર્બન ઉત્સર્જનનું મોનિટરિંગ, રિપોર્ટિંગ અને ખરાઈ પણ સમયાંતરે થતી રહેશે. આ પ્રક્રિયા આંતરરાષ્ટ્રીય ધારાધોરણો ISO 19870:2003 મુજબ કરવામાં આવશે.

ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદકોએ કમસેકમ પાંચ વર્ષ સુધીના એમિશન ડેટા સાચવીને રાખવા પડશે. આ ડેટાનું કાર્બન વેરિફિકેશન ભારતની બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા નિમણૂંક કરાયેલી એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. ફાઈનલ સર્ટિફિકેટ મેળવનારા ઉદ્યોગો ભારતની કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમ અંતર્ગત કાર્બન ક્રેડિટ મેળવી શકશે. ભારત સરકાર 2026માં નેશનલ કાર્બન માર્કેટ લોન્ચ કરે પછી આ ક્રેડિટ્સનું ટ્રેડિંગ કરીને ઉદ્યોગો વધારાની આવક ઊભી કરી શકશે.

## ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનથી 2030 સુધીમાં ભારતને થનારા લાભ:

- દેશની પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા વધીને 125 ગીગાવોટ થઈ જશે.
- દર વર્ષે ઓછામાં ઓછા 5 MMT ( મિલિયન મેટ્રિક ટન ) ગ્રીન હાઈડ્રોજનની ઉત્પાદન ક્ષમતા વિકસશે.
- આ ક્ષેત્ર રૂ. 8 લાખ કરોડથી વધારેનું રોકાણ આવશે.
- 6 લાખથી વધારે નોકરીઓનું સર્જન થશે.
- પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની આયાતમાં ખર્ચાતા રૂ. 1 લાખ કરોડથી વધુના વિદેશી હૂંડિયામણની બચત થશે.
- વાર્ષિક ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં 50 MMT જેટલો ઘટાડો થશે.



# GHCIને 20,000 કરોડથી વધુનું બજેટ ફળવાયું

GHCIની રચના ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનની પહેલને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે. તેને પ્રારંભિક તબક્કે રૂ. 20,172 કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારી સબસિડીઓ, ઈલેક્ટ્રોલાઈઝરનું ઘરેલુ ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન યોજના, પાયલટ પ્રોજેક્ટ્સ અને આ ક્ષેત્રે સંશોધન માટે પણ બજેટ ફાળવવામાં આવ્યું છે. સરકારને આશા છે કે GHCI યોજના બાદ ભારતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે એક નવા પ્રકરણની શરૂઆત થશે.

ભારત સરકારે SIGHT (સ્ટ્રેટેજીક ઈન્ટરવેન્શન્સ ફોર ગ્રીન હાઈડ્રોજન ટ્રાન્ઝિશન) યોજના મારફતે 10 કંપનીઓને વર્ષમાં 412,000 ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનની ક્ષમતા વિકસાવવા જણાવ્યું છે. આ માટે સરકારે ₹3056 કરોડની સબસિડી ફાળવી છે. વર્ષ 2025માં સરકાર 7,80,000 ટનની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા ફાળવવાની તૈયારીમાં છે. ભારતમાં રૂ. 400 કરોડના રોકાણ સાથે બે હાઈડ્રોજન હબ બનાવવાની તૈયારી પણ ચાલી રહી છે.

| ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન અને વપરાશ વધારવા માટે બજેટ ફાળવણી: | |
|---|---|
| પ્રારંભિક ફાળવણી | ₹20,172.92 કરોડ |
| સરકારની સબસિડી અને પ્રોત્સાહન યોજના | ₹17,883.6 કરોડ |
| પાયલટ પ્રોજેક્ટ્સ | ₹1,498.72 કરોડ |
| રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ | ₹408.77 કરોડ |
| મિશનના અન્ય ખર્ચ | ₹391.74 કરોડ |
| લો કાર્બન સ્ટીલ ઉત્પાદન | ₹2455 કરોડ |
| મોબિલીટી (પરિવહન) | ₹496 કરોડ |
| શિપિંગ | ₹115 કરોડ |



## 2030 સુધીમાં ગ્રીન હાઈડ્રોજનનું ગ્લોબલ સપ્લાયર બનવાનું લક્ષ્ય

ભારત 2030 સુધીમાં દર વર્ષે 50 લાખ મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરીને તેને વાજબી ભાવે અન્ય દેશોમાં સપ્લાય કરીને આવક ઊભી કરવાનું લક્ષ્ય ધરાવે છે. વર્લ્ડ બેન્કના અંદાજ મુજબ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રેસર બની શકે તેમ છે. ગત વર્ષે વર્લ્ડ બેન્કે ગ્રીન હાઈડ્રોજન માર્કેટના વિકાસને ઝડપી બનાવવા માટે ₹12,525 કરોડની ફાળવણી કરી હતી. 2023માં પણ ભારતને આટલા જ રકમની પ્રારંભિક લોન ગ્રીન હાઈડ્રોજન સેગમેન્ટને વિકસાવવા માટે ફાળવવામાં આવી હતી.

નવીન ઉર્જાના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ વર્ષ 2025ના બજેટ સમયે જણાવ્યું હતું કે દેશ ટૂંક જ સમયમાં 75 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનની ક્ષમતા કેળવી લેશે. આગામી બે કે ત્રણ વર્ષમાં દેશ 100 ગીગાવોટની ક્ષમતા કેળવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ ધ્યેય હાંસલ કરવામાં દેશના લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ભૂમિકા ઘણી મોટી છે. તેઓ દેશને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ બનશે.

# GHCI સામેના પડકારો



**ઊંચી પ્રોડક્શન કોસ્ટ:**

હાલમાં ભારતમાં ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનની કિંમત પ્રતિ કિલો રૂ. 330થી 415 જેટલી છે. આ કિંમત ગ્રે હાઈડ્રોજનની કિંમતથી લગભગ બમણી કે ત્રણ ગણી છે. તેને કારણે જો સબસિડીના લાભ ન મળે તો ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવું ઉદ્યોગોને ખૂબ મોંઘું પડી શકે છે.

**માળખાગત સુવિધાઓનો અભાવ:**

હાલમાં ભારત પાસે ગ્રીન હાઈડ્રોજનના પરિવહન, સંગ્રહ અને વિતરણ માટે પૂરતી માળખાગત સુવિધાઓનો અભાવ છે. જો દેશમાં ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન મોટા સ્તરે કરવું હશે તો આ સુવિધાઓ વિકસાવવી આવશ્યક બની જાય છે.

**પુનઃપ્રાપ્ય ઉર્જાના પુરવઠામાં અનિયમિતતા:**

પવન કે સૂર્ય જેવા કુદરતી સ્રોતોમાંથી ઉત્પન્ન કરવામાં આવતી ઊર્જા અનિયમિત હોય છે. ઉદાહરણ તરીકે, ઉનાળાના મહિનામાં સૌર ઉર્જાનું વધારે ઉત્પાદન થાય છે પરંતુ ચોમાસામાં તેમાં ઘટાડો જોવા મળે છે. આથી આ સ્રોતોનો ઉપયોગ કરીને હાઈડ્રોજનનું એક સરખું ઉત્પાદન કરવું પડકારજનક છે.

**મર્યાદિત જળસ્રોત:**

ઈલેક્ટ્રોલાઈસિસની મદદથી ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે મોટા જથ્થામાં પાણીની જરૂર પડે છે. આથી જે વિસ્તારોમાં પહેલેથી જ પાણીની અછત હોય ત્યાં ઈલેક્ટ્રોલાઈસિસથી ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન મુશ્કેલ બની શકે છે. 1 કિલો હાઈડ્રોજન બનાવવા માટે નવ લિટર પાણીની જરૂર પડે છે. ભારતમાં વિશ્વની 18 ટકા જેટલી વસ્તી છે



પરંતુ જળસ્રોતો 4 ટકા જેટલા જ છે. આથી દેશ પાણીની કટોકટીનો સામનો કરી રહ્યો છે. 2031 સુધીમાં માથાદીઠ ઉપલબ્ધ પાણી 1486 ક્યુબિક મીટરથી ઘટીને 1367 ક્યુબિક મીટર જેટલું જઈ જવાની સંભાવના જળ મંત્રાલયે દર્શાવી છે. આ આંક 1700 ક્યુબિક મીટરથી નીચે જાય ત્યારે તે પાણીની અછત દર્શાવે છે જ્યારે 1000 ક્યુબિક મીટર તીવ્ર અછત દર્શાવે છે. અર્થાત્, ભારત દેશ પાણીની તીવ્ર અછત તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે મોટા પ્રમાણમાં જળસ્રોતોનો ઉપયોગ કરવો મુશ્કેલ છે.

**સર્ટિફિકેશન માટે અટપટી પ્રક્રિયા:**

ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે સર્ટિફિકેશન મેળવવાની પ્રક્રિયા થોડી અટપટી છે. તેના માટે મોટા પ્રમાણમાં મૂડીની જરૂર પડે છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે મૂડીની જરૂરિયાત પૂરી કરવી મુશ્કેલ બની શકે છે. આથી ગ્રીન હાઈડ્રોજન પ્રોડક્શનમાં ઝંપલાવવામાં MSME ખચકાટ અનુભવે તેવી સંભાવના છે.

## GHCI અંતર્ગત સર્ટિફિકેટ કેવી રીતે મળશે?

GHCI યોજના હેઠળ સર્ટિફિકેટ 100 કિલોના બ્લોક્સમાં ઈશ્યુ કરવામાં આવશે. તેના માટે ઉદ્યોગોએ સાધારણ ફી ભરવાની રહેશે. નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા તેના કમ્પ્લાયન્સનું ધ્યાન રાખવામાં આવશે. કાર્બન ઉત્સર્જનની મર્યાદા ન જાળવનાર ઉત્પાદકો માટે પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવશે. આવા ઉત્પાદકોને ફાઈનલ સર્ટિફિકેટ પણ આપવામાં આવશે નહિ.

GHCI યુરોપ અને એશિયાના દેશોમાં ગ્રીન હાઈડ્રોજનની નિકાસને ટેકો આપવા માંગે છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે અનેક ભારતીય કંપનીઓએ 412,000 ટન જેટલો ગ્રીન હાઈડ્રોજન સિંગાપોર અને જાપાનમાં સપ્લાય કરવાના એગ્રીમેન્ટ કર્યા છે.




## MSME ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે શું યોગદાન આપી શકે?

ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે ભારતની મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરવામાં નાના અને મધ્યમ ઉદ્યોગો મોટી ભૂમિકા ભજવે તેવી સરકારને આશા છે. તેઓ આ ક્ષેત્રે નવા સંશોધન કરીને સ્થાનિક ઉત્પાદન માટે ઉકેલ શોધી શકે છે. સરકારને વિશ્વાસ છે કે આગામી સમયમાં ગ્રીન એનર્જી સપ્લાય ચેઈનમાં MSMEનો ફાળો મોટો હશે. તેઓ ગ્રીન એનર્જીના ઉત્પાદન માટેના કોમ્પોનન્ટ્સ, સેવાઓ અને બાયોમાસમાંથી હાઈડ્રોજન ઉત્પાદન કરવાના ક્ષેત્રે ખેડાણ કરી શકે છે. MSMEના ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે પદાર્પણથી નોકરીની તકો વધશે અને દેશના આર્થિક વિકાસને વેગ મળશે.

# મેડિકલ ડિવાઈઝ મોટેપાયે ભારતના બજારમાં ઓછા ભાવે ઠલવાતા મેન્યુફેક્ચરર્સની ચિંતા વધી



મેડિકલ ડિવાઈઝ બનાવનારાઓ પર વિદેશી ઉત્પાદકોએ તરાપ મારી છે. તેની સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશને પણ ફટકો પડે તેવી સંભાવના છે. હા, અત્યારે આપણે મેડિકલ ડિવાઈઝના ઉત્પાદન એકમો અને વિદેશથી બેફામ આયાત કરવામાં આવી રહેલી મેડિકલ ડિવાઈઝને પરિણામે ભારતીય ઉત્પાદકોની હાલત અત્યંત ખરાબ થઈ રહી હોવાની વાત કરી રહ્યા છીએ. આ રહી તેનો નિર્દેશ આપતી હકીકત.



**રાજીવ નાથ, પ્રમુખ**
**એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિકલ ડિવાઈઝ ઈન્ડસ્ટ્રીઝ**

ભારતમાં ઉત્પાદન કરવામાં આવતી બાર મહત્વની મેડિકલ ડિવાઈઝની બેફામ આયાત થઈ રહી હોવાથી સ્થાનિક ઉત્પાદકોના ઉત્પાદનમાં ૨૫ ટકાનો ઘટાડો કરવાની ફરજ પડી છે. આ આયાત આમ જ ચાલુ રહે તો મેડિકલ ડિવાઈઝના સંખ્યાબંધ સ્થાનિક ઉત્પાદન એકમોના કામકાજ બંધ થઈ જવાની દહેશત છે. તેથી જ બાર જેટલી મેડિકલ ડિવાઈઝની આયાત પર નિયંત્રણ લગાડવા માટે તેના પર આયાત ડ્યૂટી લગાડવાની માગણી એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિકલ ડિવાઈઝે કરી છે. એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિકલ ડિવાઈઝ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવ નાથનું કહેવું છે કે ભારતમાં છેલ્લા છ માસથી સસ્તાદામે માત્ર બાર મેડિકલ ડિવાઈઝની મોટે પાયે ઈમ્પોર્ટ થવા માંડી છે. પરિણામે ભારતના ઉત્પાદકો તેમની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ થઈ શકતો નથી. આયાતી માલની ખપત જ ભારતના બજારમાં એટલી વધી ગઈ છે કે તેમની પાસે ઉત્પાદન ઓછું કરવા સિવાય કોઈ જ ચારો રહ્યો નથી. ધીમે ધીમે ખતમ થવા માંડેલા મેડિકલ ડિવાઈઝના ઉત્પાદન એકમોને બચાવી લેવા માટે તત્કાળ પગલાં લેવા જરૂરી છે. ભારતમાં આયાત કરવામાં આવતી બાર મેડિકલ ડિવાઈઝમાંથી સૌથી વધુ ૩૩.૪૭ ટકા આયાત ચીનમાંથી જ કરવામાં આવી રહી છે. આમ ભારતના ઉત્પાદન એકમોને માથે મોટામાં મોટું દબાણ ચીનમાંથી કરવામાં આવતી આયાત થકી ઊભું થઈ રહ્યું છે.

તેમાંય ખાસ કરીને સૌથી વધુ આયાત સિરિન્જ અને નિડલની થઈ રહી છે. નિડલ અને સિરિન્જની આયાત એકાએક ૬.૧૦ કરોડ ડૉલરથી વધીને ૧૧.૧ કરોડ ડૉલરને વળોટી ગઈ છે. આમ તેની આયાતમાં ઓક્ટોબર ૨૦૨૪ પછી ૮૦ ટકાનો વધારો થયો છે. નિડલ અને સિરિન્જની ચીન, અમેરિકા અને સિંગાપોરથી સૌથી વધુ આયાત થાય છે. ચીનની જેમ જ જર્મની, સિંગાપોર, અમેરિકા અને નેધરલેન્ડથી પણ આયાતમાં વધારો થઈ રહ્યો છે. એકલા ચીનમાંથી આ વસ્તુઓની થતી આયાત 33.47 ટકા જેટલી ઊંચી છે. ચીનથી કરવામાં આવતી આયાતને કારણે જ સ્થાનિક ઉત્પાદકો પર મોટામાં મોટી અસર પડી રહી છે. નિડલ અને સિરિન્જની આયાતની વાત કરીએ તો ચીનથી કરવામાં આવતી આયાત અગાઉની તુલનાએ 69 ટકા વધી છે. અમેરિકામાંથી કરવામાં આવતી આયાતમાં 91 ટકા અને સિંગાપોરથી કરવામાં આવતી આયાતમાં 64 ટકાનો વધારો થયો છે.

આ સિવાયની સર્જિકલ આઈટિમ્સની આયાતમાં ૪૯ ટકાનો વધારો થયો છે. સ્વિટ્ઝર્લેન્ડમાંથી થતી સર્જિકલ આઈટિમ્સની આયાતમાં ૭૨૨ ટકાનો કદાવર વધારો થયો છે. ચીનથી કરવામાં આવતી આયાતમાં 21 ટકાનો અને અમેરિકાથી સર્જિકલ આઈટિમ્સની કરવામાં આવતી આયાતમાં 14 ટકા, જર્મનીથી કરાતી આયાતમાં 5 ટકા અને સિંગાપોરથી કરાતી આયાતમાં 11 ટકાનો વધારો થયો છે.

આ જ રીતે સી.ટી. એપરેટસની આયાતમાં પણ 29 ટકાનો જંગી વધારો થયો છે. સીટી એપરેટસની જર્મનીથી થતી આયાતમાં 152 ટકાનો, અમેરિકાથી

# ટ્રમ્પનું ટેરિફ વૉર ભારતના મેડિકલ ડિવાઈઝની નિકાસમાં ફાયદો કરાવશે કે ગેરફાયદો કરાવશે

ભારતીય દવાઓ પર કોઈ જ ટેરિફ ન લાદવાના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયનો ભારતીય ફાર્માસ્યૂટિકલ કંપનીઓને લાભ મળશે. ઈડમાના રાષ્ટ્રીય પ્રમુખ વિરંચી શાહનું કહેવું છે કે ભારતના ફાર્મા ઉદ્યોગને એક્ઝમ્શન આપ્યુ હોવાથી ભારતમાંથી થતી અંદાજે રૂ. 7500 કરોડની નિકાસ જળવાઈ રહેશે.

આમેય અમેરિકામાં વેચાતી કુલ જેનરિક દવામાંથી 47 ટકા જેનરિક દવાઓ ભારતમાંથી નિકાસ થયેલી હોય છે. તેથી ભારતીય દવાઓની નિકાસ પર ટ્રમ્પની સરકારે કોઈ જ ટેરિફ લાદ્યો ન હોવાનું માનવામાં આવે છે. અમેરિકાની પ્રજાને પણ સસ્તી દવાઓની જરૂર છે. તેથી ટ્રમ્પે ભારતથી થતી દવાઓની નિકાસને ટેરિફથી દૂર રાખી છે. ભારતમાંથી 2024ના વર્ષ દરમિયાન અમેરિકામાં કરવામાં આવેલી કુલ નિકાસમાંથી 31.3 ટકા નિકાસ જેનરિક દવાઓની જ હતી. જોકે નિર્ણય લેવાની અવઢવમાં અટવાતા ડોનાલ્ડ ટ્રમ્પે દવાઓ પર પણ ટેરિફ લગાડવાની ચેતવણી પંદરમી એપ્રિલે આપી દીધી છે. હાઈપર ટેન્શન, મેન્ટલ હેલ્થ એટલે કે માનસિક આરોગ્ય, કોલેસ્ટ્રોલ એટલે કે લિપિટને અંકુશમાં રાખતી દવાઓ, નર્વસ સિસ્ટમની અનિયમિતતાની સારવાર કરતી દવાઓ, અલ્સરની સારવાર કરતી દવાઓ અમેરિકાના બજારમાં ભારતમાંથી મોટા પ્રમાણમાં જાય છે. ભારતમાંથી અમેરિકાના બજારમાં ઠલવાતી જેનરિક દવાઓને કારણે અમેરિકાના હેલ્થકેરના બજેટમાં 219 અબજ ડૉલરના ખર્ચમાં ઘટાડો થાય છે. ભારતમાંથી અમેરિકામાં 900 કરોડ અમેરિકી ડૉલરની જેનરિક દવાઓની નિકાસ થાય છે.

## ભારતમાંથી અમેરિકામાં કરવામાં આવતી દવાની નિકાસ પર કોઈ જ અસર આવશે નહિ



થતી આયાતમાં 25 ટકાનો, ચીનથી થતી આયાતમાં 11 ટકાનો અને જાપાનથી કરવામાં આવતી આયાતમાં 12 ટકાનો વધારો જોવા મળ્યો છે.

તેમ જ ઈન્જેક્શનમાં વપરાતી પોલી સોયની આયાતમાં ૬૨ ટકાનો વધારો થયો છે. તેમ જ ઓક્સિજન થેરપીની ડિવાઈઝની આયાતમાં ૩૬ ટકાનો અને ઓર્થોપેડિક ડિવાઈઝની આયાતમાં ૪૭ ટકાનો વધારો થયો છે. ઓર્થોપેડિક ડિવાઈઝની જર્મનીથી થતી આયાતમાં ૨૯૫ ટકાનો અને અમેરિકાથી થતી આયાતમાં ૮૭ ટકાનો વધારો થયો છે. આ સ્થિતિમાં સ્થાનિક ઉદ્યોગોને બચાવવા માટે આ આયાત પર ઓછામાં ઓછી ૧૫ ટકા આયાત ડ્યૂટી લગાડવી જરૂરી હોવાનું રાજીવ નાથનું કહેવું છે. ભારતમાં રૂ. ૭૫૦૦૦ કરોડની મેડિકલ ડિવાઈઝની આયાત થાય છે. તેની સામે માત્ર રૂ. ૩૧૦૦૦ કરોડની મેડિકલ ડિવાઈઝની નિકાસ થાય છે. આયાત નિકાસ વચ્ચેનો આ ગાળો ઘટાડવા માટે પણ આયાત ડ્યૂટી વધારવી જરૂરી છે. તેના થકી સ્થાનિક ઉત્પાદકોને પણ રક્ષણ મળશે.

સૌથી મોટો વધારો ડાયોગ્નોસ્ટિક રિએજન્ટ કિટની આયાતમાં આવ્યો છે. તેની આયાતમાં સમગ્રતયા 23 ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે. નેધરલેન્ડથી આયાત કરવામાં આવતી ડાયોગ્નોસ્ટિક રિએજન્ટ કીટની આયાતમાં 424 કરોડનો જંગી વધારો જોવા મળ્યો છે. ચીનથી આયાત કરવામાં આવતી ડાયોગ્નોસ્ટિક રિએજન્ટ કીટમાં 24 ટકાનો અને અમેરિકાથી આયાત કરવામાં આવતી કિટમાં 23 ટકા તથા સિંગાપોરથી આયાત કરાતી ડાયોગ્નોસ્ટિક કિટની આયાતમાં 28 ટકાનો વધારો થયો છે.

આ જ રીતે પોલાણવાળી સોયની આયાતમાં પણ 62 ટકાનો જંગી વધારો થયો છે. તેમ જ ઓક્સિજન થેરપી ડિવાઈઝની આયાતમાં 36 ટકા અને ઓર્થોપેડિક ડિવાઈઝની આયાતમાં 47 ટકાનો વધારો થયો છે. ઓર્થોપેડિક ડિવાઈઝની જર્મનીથી થતી આયાતમાં 295 ટકાનો અને અમેરિકાથી થતી આયાતમાં 87 ટકાનો વધારો થયો છે. આ બધી જ વસ્તુઓથી ભારતનું બજાર છલકાઈ રહ્યું છે. એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિકલ ડિવાઈઝના પ્રમુખ રાજીવ નાથનું કહેવું છે કે ભારતના બજારમાં સસ્તા દામે ઠલવાઈ રહેલી બાર જેટલી મેડિકલ

## ઇન્જેક્શનની સોઇ, સિરિન્જ ને નીડલના ઉત્પાદકોની પ્રોડક્શન ક્ષમતા પ્રમાણે ઉત્પાદન કરે તો માલનો ભરાવો થઇ જશે

ડિવાઈઝની આયાત પર અંકુશ લગાવવા માટે તેના પર ઓછામાં ઓછી 15 ટકા આયાત ડ્યૂટી તો લગાડવી જ જોઈએ. તેમ થશે તો જ સ્થાનિક મેન્યુફેક્ચરર્સને તેની સામે રક્ષણ મળશે. ભારતના પોતાના મેન્યુફેક્ચર્સને રક્ષણ આપવા માટે ભારત સરકારે સક્રિય થવું જોઈએ.

ભૂતકાળમાં એટલે કે 2018ના અરસામાં ભારત સરકારે સોલાર પેનલના સ્થાનિક ઉત્પાદકોને

રક્ષણ મળી રહે તે માટે ચીન અને મલેશિયાથી કરાતી સોલાર પેનલની આયાત પર ડ્યૂટી વધારી દીધી હતી. અમેરિકાએ પણ પોતાની સ્ટીલ અને એલ્યુમિનિયમના ઉત્પાદકોને રક્ષણ આપવા માટે 2018ની સાલમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ડ્યૂટી લગાડી હતી. અમેરિકા અને ભારત જેવા મોટા કદના અર્થતંત્રોએ પણ વ્યૂહાત્મક સેક્ટરમાં તેમના મેન્યુફેક્ચરર્સને રક્ષણ આપવું પડતું હોય તો મેડિકલ ડિવાઈઝની બાબતમાં પણ ભારતીય ઉત્પાદકોને રક્ષણ મળે તેની તકેદારી લેવી જરૂરી છે. રાજીવ નાથનું કહેવું છે કે ભારતના મેડિકલ ડિવાઈઝના મેન્યુફેક્ચરર્સને લાંબા ગાળા માટે નુક્સાન થઈ જાય તે પહેલા જ ભારત સરકારે આયાત પર ડ્યૂટી વધારી દેવી જોઈએ.

એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિકલ ડિવાઈઝના પ્રમુખ રાજીવ નાથે આ માટે ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયનો સંપર્ક કર્યો જ છે. મેડિકલ ડિવાઈઝની કેટેગરીમાં આવતા બાર પ્રોડક્ટ્સના મેન્યુફેક્ચરર્સ પર ગંભીર અસર પડ તે પહેલા આયાત ડ્યૂટી લાદી દેવાની માગણી કરી છે. આ બાબતમાં કોઈપણ જાતનો વિલંબ કરવામાં આવશે તો મેડિકલ ડિવાઈઝનું મેન્યુફેક્ચરિંગ કરનારાઓ નાણાંકીય રીતે કફોડી હાલતમાં ફસાઈ જાય તેવી સંભાવના રહેલી છે. મેડિકલ ડિવાઈઝના એકમો પર અવળી અસર પડતાં મોટી સંખ્યામાં લોકોએ રોજગારી ગુમાવવી પડી શકે છે. તેમ જ વિદેશી સપ્લાયર પરની નિર્ભરતામાં વધારો થઈ જશે. ભારતને દરેક ક્ષેત્રમાં પ્રધાનમંત્રી આત્મનિર્ભર બનાવવાની ખેવના રાખી રહ્યા છે ત્યારે મેડિકલ ડિવાઈઝ મેન્યુફેક્ચરિંગના સેક્ટરની અવગણના કરી શકાય તેમ નથી. મેડિકલ ડિવાઈઝનું સેક્ટર મેક ઈન ઈન્ડિયામાં પણ મોટું યોગદાન આપી રહ્યું છે. બાર મેડિકલ ડિવાઈઝની બેફામ આયાત કે નિરંકુશ આયાત ચાલુ રહેશે તો સ્થાનિક ઉત્પાદકો ખતમ થઈ જશે. સ્થાનિક મેન્યુફેક્ચરર્સને બચાવવા માટે તત્કાળ પગલાં લેવા જરૂરી છે. સ્થાનિક મેન્યુફેક્ચરર્સના રક્ષણ માટે પગલાં લેવાશે તો બેરોજગારી વધવાનું જોખમ ઘટશે અને આરોગ્યના ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બનવાની દિશામાં વધુ આગળ વધશે.

**મેડિકલ ડિવાઈઝનું સેક્ટર મેક ઇન ઇન્ડિયામાં મોટું યોગદાન આપી રહ્યું છે ત્યારે બાર મેડિકલ ડિવાઈઝની નિરંકુશ આયાત ચાલુ રહેશે તો સ્થાનિક ઉત્પાદકો ખતમ થઈ જશે.**

અમેરિકા અને યુરોપિયન સંઘના દેશો સાથે વેપાર કરવામાં વ્યાપારિક અવરોધો ઓછા કરવા માટે ભારત વાટાઘાટો કરી રહ્યું છે. આ સંજોગમાં પણ વિદેશમાંથી ભારતમાં સસ્તી આયાત થવાનો ખતરો વધારે જ છે. આ ખતરો દૂર કરવા માટે એસોસિયેશન ઓફ ઈન્ડિયન મેડિલક ડિવાઈઝ દ્વારા ઓછામાં ઓછી પંદર ટકા ડ્યૂટી આયાતી માલ પર લાદવાની માગણી કરવામાં આવી રહી છે.

એક તરફ ભારતના બજારમાં આવી રહેલી મેડિકલ ડિવાઈઝને કારણે મેન્યુફેક્ચરર્સની તકલીફ વધી છે તો બીજી તરફ ચીન પર 145 ટકા ટેરિફ લગાડવાના અમેરિકાના નિર્ણયને પરિણામે ભારતને માટે નિકાસની નવી તક પણ નિર્માણ થઈ રહી છે કે પછી નિકાસના બજારમાં પણ ભારતીય મેડિકલ ડિવાઈઝ મેન્યુફેક્ચરર્સને ત્યાં પણ ફટકો મારનાર સાબિત થશે. હા, ભારત કરતાં ચીન પર 125 ટકા જેટલો ટેરિફ લાદવામાં આવ્યો હોવાથી ચીન સામે ભારતને એડવાન્ટેજ મળશે. તેથી ચીનની તુલનામાં ભારતીય નિકાસકારોને એડવાન્ટેજ મળશે. તેમાંય ખાસ કરીને ઓછા જોખમવાળી અને જંગી વોલ્યુમ ધરાવતી મેડિકલ ડિવાઈઝના કિસ્સાઓમાં ભારતને એડવાન્ટેજ મળશે. જોકે તેની કેટલી અસર પડશે તે આવનારા મહિનાઓમાં જ સ્પષ્ટ થશે. જોકે ટેરિફનો અમલ કરવા પર 90 દિવસનો વિરામ લગાડવામાં આવ્યો છે. હા, બીજા જે દેશો પર ભારત કરતાં ઓછી ટેરિફ લાદવામાં આવી છે તેની તુલનાએ ભારતની નિકાસ પર અવળી અસર પણ પડી શકે છે. ભારતને તેમની સામે સ્પર્ધા કરવામાં તકલીફ પડી શકે છે. ભારતના ઉદ્યોગોની ઉપજને આયાત કરવા પર લગાડેલી 26 ટકા આયાત ડ્યૂટીને કારણે ભારતના મેડિકલ ડિવાઈઝના ઉદ્યોગની હાલત ખરાબ થઈ શકે છે. અત્યાર સુધી ભારતમાંથી અમેરિકામાં ઓછા દરે મેડિકલ ડિવાઈઝની નિકાસ થતી હતી.

## મેડિકલ ડિવાઈઝની નિકાસમાં ચીન પર 145 ટકા ટેરિફ લાદ્યો હોવાથી ભારત ચીન સામે સ્પર્ધાત્મક બનશે

મેડિકલ ડિવાઈઝના ઉત્પાદન સાથે સંકળાયેલા ગુજરાતના ડૉ. ડી.કે. જોશીનું કહેવું છે કે ડાયેગ્નોસ્ટિક ડિવાઈઝની આપણે ત્યાં 80 ટકા ઈમ્પોર્ટ થાય છે.ચીન, જાપાન અને યુરોપમાંથી આપણે આયાત કરી રહ્યા છીએ. અમેરિકામાંથી ઓછી આયાત થાય છે. તેની સામે ભારતમાંથી અમેરિકામાં સૌથી વધુ વપરાતી અને ઓછી કિંમતની મેડિકલ ડિવાઈઝની નિકાસ થાય છે. આ સંજોગોમાં હવે ભારતના નિકાસકારોએ અમેરિકાના વિકલ્પે નવું બજાર શોધવું પડશે. જોકે ટેરિફ સાથેની શરતોને જોયા-સમજ્યા વિના કે પછી



**ડૉ. ડી.કે. જોશી**
**મેનેજિંગ ડિરેક્ટર, બીકન ડાયગ્નોસ્ટિક પ્રા. લિ**

તેનો ઊંડો અભ્યાસ કર્યા વિના કોઈ અવલોકન કરવું કે તારણ આપવું અઘરું છે. 2023-24ના વર્ષમાં ભારતમાંથી અમેરિકામાં 71.4 કરોડ અમેરિકી ડૉલરના મૂલ્યની મેડિકલ ડિવાઈઝની નિકાસ થઈ હતી. તેની સામે 151.99 કરોડ અમેરિકી ડૉલરના મૂલ્યની મેડિકલ ડિવાઈઝની ભારતમાં આયાત કરવામાં આવી હોવાનું એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સલ ઓફ મેડિકલ ડિવાઈઝે આપેલા આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. હવે આંકડાઓમાં આવનારા બદલાવનો ડિસેમ્બર 2025 કે માર્ચ 2026ના અંતે અંદાજ આવશે.

ભારતની મેડિકલ ડિવાઈઝની આયાત પર

**ભારતમાંથી અમેરિકાના બજારમાં ઠલવાતી જેનરિક દવાઓને કારણે અમેરિકાના હેલ્થકેરના બજેટમાં 219 અબજ ડૉલરના ખર્ચમાં ઘટાડો થતો હોવાથી ટેરિફ લાદવામાં આવ્યું નથી**

**સસ્તા દામના વિદેશી માલના આક્રમણથી ભારતના એકમોને બચાવવા માટે ઓછામાં ઓછી 15 ટકા આયાત ડ્યૂટી લગાડીને સ્થાનિક એકમોને રક્ષણ આપે**

અમેરિકા દ્વારા 26 ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. ચીન પર 125 ટકા, યુરોપ પર 20 ટકા, જાપાન પર 24 ટકા, તાઈવાન પર 32 ટકા, વિયેટનામ પર 46 ટકા, સાઉથ કોરિયા પર 25 ટકા, સ્વિટ્ઝર્લેન્ડ પર 31 ટકા, ઈન્ડોનેશિયા પર 32 ટકા, મલેશિયા પર 24 ટકા અને તુર્કસ્તાન પર 10 ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. ભારત પર ઓછો ટેરિફ લાદવામાં આવ્યો હોવાથી ચીન કરતાં ભારતને વધુ એડવાન્ટેજ મળશે. ભારતમાંથી નિકાસ કરવામાં આવતી મેડિકલ ડિવાઈઝના ભાવમાં અંદાજે 15 ટકાનો વધારો થઈ જશે. પરંતુ વિશ્વના અન્ય દેશો પર લાદવામાં આવેલા ટેરિફની કેટલી અસર તેમના ભાવ પર આવે છે તે જાણ્યા પછી જ ટેરિફની ખરેખર કેટલી અસર પડશે તેનો અંદાજ મેળવી શકાશે.

અમેરિકામાં મેડિકલ ડિવાઈઝને એક્સપોર્ટ કરવામાં ભારતને ટેરિફ કરતાં નોન ટેરિફ બેરિયર વધુ નડી શકે છે. અમેરિકાએ આયાત કરવા માટે મૂકેલી શરતો ઘણી જ આકરી છે. એફડીએની એપ્રુવલ કોસ્ટ અંદાજે 9280 અમેરિકી ડૉલરથી માંડીને 5,40,000 અમેરિકી ડૉલરની છે. તેની તુલનાએ ભારતના બજારમાં પ્રવેશવા માટે અમેરિકાની કંપનીઓએ બહુ જ ઓછા પૈસા ચૂકવવા પડી રહ્યા છે. ભારતીય કંપનીઓએ તેમના માલને અમેરિકાના બજારમાં મૂકવા માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની મંજૂરી મેળવવી પડે છે. તેમાંય ખાસ કરીને મેડિકલ ડિવાઇઝ મોકલવા માટે આ મંજૂરી મેળવવી વિશેષ જરૂરી અને ભારે ખર્ચાળ છે. તેમાં એપ્લિકેશન ફી પણ ચૂકવવી પડે છે. આ ફી અંદાજે 12,500 અમેરિકી ડૉલરની આસપાસ થાય છે. આ વિષમતા દૂર કરવી જરૂરી છે. મેડિકલ ડિવાઈઝના વિશ્વ બજારમાં સહકાર અને વાજબી ટ્રેડ પ્રેક્ટિશ આવવી પણ જરૂરી હોવાનું ભારતીય મેડિકલ ડિવાઈઝના ઉત્પાદકોનું માનવું છે. ટેરિફની માફક નોન ટેરિફ બેરિયરને પણ જોવા એટલા જ જરૂરી છે.

એસોસિયેશન ઓફ ઇન્ડિયન મેડિકલ ડિવાઈઝના પ્રમુખ રાજીવ નાથનું કહેવું છે કે અમેરિકામાંથી ભારતમાં આયાત કરવામાં આવતી મેડિકલ ડિવાઇઝ પર લેવામાં આવતી ટેરિફ કરતાં આ ટેરિફ વધારે છે. અમેરિકાથી ભારતમાંથી અમેરિકામાં નિકાસ કરવામાં આવતી મેડિકલ ડિવાઈઝ પર શૂન્યથી માંડીને 7.5 ટકા ટેરિફ લેવામાં આવતી હતી. ભારત અમેરિકામાંથી મેડિકલ ડિવાઈઝની આયાત કરે છે તેને માટે ચૂકવવામાં આવતા ભાવની સરખામણીમાં ભારતમાંથી અમેરિકામાં નિકાસ કરવામાં આવતી મેડિકલ ડિવાઈઝના ભાવ 50 ટકાથી એટલે કે અડધાથી પણ ઓછા જ છે. ભારતમાંથી અમેરિકાના બજારમાં 71.43 કરોડ ડૉલરના મૂલ્યની મેડિકલ ડિવાઈઝની નિકાસ થાય છે. તેની સામે અમેરિકામાંથી ભારતમાં 151.90 કરોડ અમેરિકી ડૉલરની મેડિકલ ડિવાઈઝની નિકાસ થાય છે. રાજીવ નાથનું કહેવું છે કે નવા ટેરિફને કારણે ભારતના મેડિકલ ડિવાઈઝના એક્સપોર્ટર્સના માર્જિન તૂટીને તળિયે આવી જશે. તેમના માર્જિન બહુ જ ઓછા થઈ જશે.

ભારતના હરીફ દેશો તેમની મેડિકલ ડિવાઈઝ ઓછી ટેરિફ ધરાવતા દેશોના માધ્યમથી મેડિકલ ડિવાઈઝ અમેરિકાના બજારમાં મૂકશે. આ દેશોમાં બ્રિટન અને યુનાઈટેડ આરબ અમિરાતનો સમાવેશ થાય છે. ભારતમાંથી અમેરિકાના મેડિકલ ડિવાઈઝના બજારમાં કેથેટર, આર્ટિફિશિયલ જોઈન્ટ્સ, સર્જિકલ નાઈફ્સ, સ્પેક્ટેકલ લેન્સ, એમઆરઆઈ મશીન, ઈસીજી મશીન, એન્ડોસ્કોપ, એક્સ-રે ટ્યૂબ્સની ખાસ્સી નિકાસ કરવામાં આવે છે. તેમાંય એમઆરઆઈ મશીન અને આર્ટિફિશિયલ જોઈન્ટ્સની ભારતમાંથી અમેરિકામાં સૌથી વધુ નિકાસ અને આયાત પણ થાય છે. અમેરિકામાંથી આયાત થતી મેડિકલ ડિવાઈઝના ભાવ ભારતીય મેન્યુફેક્ચરર્સની મેડિકલ ડિવાઈઝના ભાવ કરતાં ઓછા જોવા મળે તો ભારતીય વપરાશકાર સહજ પણે અમેરિકાની કંપનીની બનાવટના પ્રોડક્ટ્સની ખરીદી કરવાનો જ વિચાર કરશે. તેથી અમેરિકાની સસ્તી નિકાસની ભારતના મેડિકલ ડિવાઈઝના ઉત્પાદકો પર અવળી અસર પડી રહી છે.

ભારત અમેરિકામાંથી એમઆરઆઈ મશીન, સી.ટી. સ્કેન મશીન, આર્ટિફિશિયલ જોઈન્ટ્સ, માનવ શરીરમાં ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણનું માપ લઈ આપતા ગેસ એનાલિસિસ એપરેટસ, માસ સ્પેક્ટ્રોમીટર, ઓર્થોપેડિક (ફ્રેક્ચર સાંધવાના) સાધનોની પણ આયાત કરે છે. ભારત દ્વારા અમેરિકામાંથી આયાત કરવામાં આવતી ટોચની 10 મેડિકલ ડિવાઈઝ પર ભારતમાં 7.5 ટકા આયાત ડ્યૂટી વસૂલવામાં આવે છે. ગેસ એનાલિસિસ એપરેટસ પર 10 ટકા આયાત ડ્યૂટી વસૂલવામાં આવે છે. તેમ જ ક્રોમેટોગ્રાફ અને માસ સ્પેક્ટ્રોમીટર પર શૂન્ય ટકા આયાત ડ્યૂટી લેવામાં આવે છે. મોંઘા ભાવના ક્રોમેટોગ્રાફ અને માસ સ્પેક્ટ્રોમીટર લેબોરેટરીમાં વપરાય છે.



# 10 ગ્રામ સોનાની કિંમત રૂ. 1 લાખને પાર:
# શું રોકાણકારોએ અત્યારે સોનામાં રોકાણ કરવું જોઈએ?

**સોનું ફૂગાવા, ભાવવધારા અને કરન્સીના ઘટતા મૂલ્ય સામે રક્ષણ આપે છે.**

**પોર્ટફોલિયોના 5થી 10 ટકા જેટલી રકમ સોનામાં ઈન્વેસ્ટ કરવી જોઈએ.**

**સોનામાં રોકાણના વિવિધ વિકલ્પો સાથે અલગ-અલગ જોખમ સંકળાયેલા હોય છે.**

**બુલિયન, ડિજિટલ પ્લેટફોર્મ, ETF, ગોલ્ડ બોન્ડ જેવા અનેક માધ્યમથી ગોલ્ડમાં રોકાણ કરી શકાય છે.**

વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતામાં વધારો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે સોનાની કિંમતમાં અભૂતપૂર્વ તેજી જોવા મળી રહી છે. ભારતમાં એક જ વર્ષના ગાળામાં સોનાની કિંમતમાં 25 ટકાનો ધરખમ વધારો જોવા મળ્યો છે. જ્યારે પણ રોકાણના અન્ય માધ્યમોમાં મળતા વળતરમાં અનિશ્ચિતતા વર્તાય ત્યારે રોકાણકારોનો ઝુકાવ સોના તરફ વધે છે. હાલમાં યુ.એસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મિત્ર અને દુશ્મન દેશો પર ભારે ટેરિફ-આયાત ડ્યૂટી લાદી રહ્યા છે. તેને કારણે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. તેને કારણે અનેક દેશો પર ફુગાવા અને ભાવવધારાનું સંકટ તોળાઈ રહ્યું છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે પણ નોંધ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે યુ.એસ સહિત અનેક દેશોના અર્થતંત્ર પર વિપરીત અસર જોવા મળશે. નિષ્ણાંતોના મતે જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો આગામી સમયમાં સોનાના ભાવમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી શકે છે. આ લખાય છે ત્યારે ભારતમાં 10 ગ્રામ સોનાના ભાવ સર્વપ્રથમ વખત રૂ. 1 લાખથી ઉપર બોલાયા હતા. નિષ્ણાંતોના મતે આગામી સમયમાં પણ સોનાના ભાવમાં સ્થિર વધારો જોવા મળી શકે છે. આથી સોનામાં રોકાણ કરવા માંગતા રોકાણકારોએ કિંમતમાં જેવો ઘટાડો થાય ત્યારે રોકાણ કરવાની તક ઝડપી લેવી જોઈએ.

## સોનાના ભાવમાં કેમ વધારો થઈ રહ્યો છે?

સામાન્ય રીતે સોનાના ભાવ ત્યારે વધે છે જ્યારે રોકાણકારોને ઈન્વેસ્ટમેન્ટના અન્ય માધ્યમોમાં અનિશ્ચિતતા વર્તાતી હોય છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક દેશો સાથે ટ્રેડ વોર-ટેરિફ વૉર છેડી દીધુ હોવાથી વૈશ્વિક સ્તરે અર્થતંત્રમાં મોટા ઉતાર-ચડાવ જોવા મળી રહ્યા છે. પરિણામ સ્વરૂપે ગ્રાહકો અને રોકાણકારોનો વિશ્વાસ ડગી ગયો છે. IMFના-ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના અંદાજ મુજબ આ સંજોગોમાં વૈશ્વિક અર્થતંત્ર 3.3 ટકાના અંદાજ સામે 2.8 ટકાના દરે જ વિકસે તેવી સંભાવના છે. તેમાંય ખાસ કરીને યુ.એસમાં ફંડનો ગ્રોથ 2.7 ટકાના અંદાજ સામે ઘટીને 1.8 ટકા થઈ જવાની શક્યતા છે. યુ.એસ દ્વારા ભારે ટેરિફ લાદવામાં આવતા ચીનનો વિકાસ દર પણ ઘટવાનો અંદાજ છે.

## શું અત્યારે સોનામાં રોકાણ કરવું જોઈએ?

રોકાણકારો સોનાને સદાયથી સુરક્ષિત રોકાણ માનતા આવ્યા છે. તેમની દલીલ છે કે ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવવા માટે સોનું ઉત્તમ વિકલ્પ છે. સોનામાં રોકાણમાં જોખમ ઓછું છે. બીજું, સોનું એક એવી સંપત્તિ છે જેની કિંમત સમય જતા વધતી રહે છે. હાલમાં સોનાના ભાવમાં પણ ભારે વધઘટ જોવા મળી રહી છે. તમે સોનામાં રોકાણ કરતા હોવ તો તેમાં છેતરપિંડીનો ભોગ ન બનો તેની તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે.

## ભારતમાં સોનાનો ભાવમાં કેમ વધી રહ્યો છે?

ટ્રમ્પના ટ્રેડ વોર ઉપરાંત અન્ય અનેક કારણોસર ભારતમાં પણ સોનાનો ભાવ 10 ગ્રામના રૂ. 1 લાખને વટાવી ગયો છે. ડિસેમ્બર 2025 સુધીમાં રૂ.1.25 લાખને પાર કરી જાય તેવી સંભાવના છે. સોનાના ભારતમાં સોનાના ભાવ વધવાના મુખ્ય કારણો આ મુજબ છે:

**વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વચ્ચે સુરક્ષિત વિકલ્પની તલાશ:** હાલમાં વૈશ્વિક સ્તરે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના પગલે રોકાણકારો સોનાને સુરક્ષિત રોકાણનો વિકલ્પ માની રહ્યા છે. અનિશ્ચિતતાનું મુખ્ય કારણ યુ.એસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે આંકેલો ઓછો વિકાસદર છે.

**વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કો દ્વારા સોનાની ખરીદી:** ફૂગાવાની ચિંતા વધતા વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો તેમના ગોલ્ડ રિઝર્વમાં વધારો કરી રહી છે. ભવિષ્યમાં કરન્સીની અસ્થિરતા ઘટાડવાની વ્યૂહરચના અને ફૂગાવા સામે હેજિંગના ભાગરૂપે કેન્દ્રીય બેન્કો દ્વારા સોનાની ખરીદી કરવામાં આવી રહી છે. તેમાં ભારતીય રિઝર્વ બેન્ક પણ સ્થિર દરે સોનાની ખરીદી કરી રહી છે. વિશ્વબજારમાંથી જુદાં જુદાં દેશોની મધ્યસ્થ બેન્કોએ એટલે કે રિઝર્વ બેન્કોએ 2024-25ના વર્ષમાં અંદાજે 1045 ટન સોનાની ખરીદી કરી છે. આમ દરેક દેશ સોનાનો જથ્થો એકઠો કરી રહ્યા છે. આર્થિક અનિશ્ચિતતા સામે દેશના અર્થતંત્રને રક્ષણ આપવા હેજિંગ તરીકે સોનું ખરીદી રહ્યા છે. 2024-25માં સૌથી વધુ સોનું પોલેન્ડે ખરીદ્યું છે. પોલેન્ડે 2024-25માં 89.54 ટન સોનાની, તુર્કસ્તાને સોનાની 74.79 ટનની ખરીદી કરી છે. ભારત પણ આ ખરીદીમાં પાછળ નથી. ભારતની રિઝર્વ બેન્કે એટલે કે સરકારે પણ 2024-25માં 72.60 ટન સોનાની ખરીદી કરી છે. ભારતમાં વરસે દહાડે સોનાની વેપારીએ દ્વારા અંદાજે 750થી 800 ટનની આયાત કરવામાં આવે છે. તેમાંથી દાગીના બનાવીને મૂલ્યવૃદ્ધિ કરીને નિકાસ પણ કરવામાં આવે છે અને વિદેશી હુંડિયામણની આવક પણ કરવામાં આવે

# વિશ્વભરની મધ્યસ્થ બેન્કોની સોનાની જંગી ખરીદીથી સોનામાં તેજીની ચાલ

2025ના વર્ષમાં સોનાના ભાવ 35 ટકાના વધારા સાથે વિક્રમ સર્જક 3400 ડૉલરની સપાટીએ પહોંચી ગયા છે. વિશ્વભરના દેશોની મધ્યસ્થ બેન્ક્સ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારમાંથી સોનાની ખરીદી ચાલુ જ છે. 2024ના વર્ષમાં વિશ્વભરના દેશોએ મળીને આંતરરાષ્ટ્રીય બજારમાંથી કુલ 1086 ટન સોનાની ખરીદી કરી છે. 2025ના વર્ષમાં આ દેશો મળીને 1000 ટન સોનાની ખરીદી કરે તેવી સંભાવના છે. છેલ્લા ચાર વર્ષથી વિશ્વના જુદાં જુદાં દેશોની મધ્યસ્થ બેન્કો એટલે કે ભારતની રિઝર્વ બેન્ક જેવી દેશની મોટામાં મોટી બેન્કો આંતરરાષ્ટ્રીય બજારમાંથી મોટેપાયે સોનાની ખરીદી કરી રહી છે. દુનિયાભરના દેશો ડૉલરના વર્ચસ્વવાળી અસ્કયામતોને બદલે હવે સોનામાં રોકાણ કરી રહ્યા છે.

ભૌગોલિક તાણ અને આર્થિક મોરચે વધી રહેલી અનિશ્ચિતતાના માહોલમાં સોનાની ખરીદી વધી રહી છે. અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ચાલુ કરેલા ટેરિફ વૉરે સોનાના ભળભળતા આંતરરાષ્ટ્રીય બજારમાં ઘી હોમવાનું કામ કર્યું છે. આમ અત્યાર સુધીમાં મધ્યસ્થ બેન્કોની સોનાની ખરીદી આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં સતત જોવા મળી રહેલી તેજી માટે જવાબદાર છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં હંમેશા ટ્રોય અંશ એટલ કે 31.10 ગ્રામ સોનાના જ ભાવ જ બોલાય છે. જ્યારે ભારતના બજારમાં દસ ગ્રામ સોનાના ભાવ બોલાય છે. હવે સોનાની લગડીઓ ખરીદાય છે. પરંતુ દાગીનાની ખરીદી ઘટી રહી છે. સોનાના દાગીનાની ખરીદીમાં 2024ના વર્ષમાં 9 ટકાનો અને 2025ના વર્ષમાં 16 ટકાનો ઘટાડો આવ્યો છે.

નીતિઓની બાબતમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વડપણ હેઠળની અમેરિકી સરકારમાં જોવા મળી રહેલી અનિશ્ચિતતા તથા ફેડરલ રિઝર્વ બેન્કના પ્રમુખ જેરોમ પોવેલની તેમણે જાહેરમાં કરેલી ટીકાને કારણે તથા અમેરિકાના નબળા પડી રહેલા અર્થતંત્રને કારણે અમેરિકી ડૉલરમાંનો વિશ્વના દેશોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. તેથી જ વિશ્વભરના દેશોની મધ્યસ્થ બેન્કો સેફ હેવન ગણાતા સોનામાં રોકાણ કરવા ભણી આગળ વધી રહ્યા છે. માત્ર ડૉલર જ નહિ અમેરિકાની અન્ય અસ્ક્યામતોમાંના રોકાણ પણ વિશ્વના અન્ય દેશો ઘટાડી રહ્યા છે.

**2025ના વર્ષમાં વિશ્વના દેશો 1000 ટન સોનું ખરીદે તેવી ધારણા વચ્ચે ડિમાન્ડ સામે સપ્લાય ઘટી જવાની શક્યતા**

પરિણામે સોનાના ભાવ ઊંચે જશે તે નિશ્ચિત થઈ રહ્યું છે. વિશ્વના અન્ય દેશોના અર્થતંત્રોમાં પણ અનિશ્ચિતતા વધી રહી છે. ભૌગોલિક તાણ વધતા એટલ કે રશિયા યુક્રેન, ગાઝા પટ્ટીમાં યુદ્ધ સહિત દોઢ મહિના પૂર્વે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખેંચાયેલી તલવારો જેવી ઘટનાઓને પરિણામ વૈશ્વકિ સ્તરે આર્થિક અનિશ્ચિતતાઓ વધી રહી છે. અમેરિકા-ચીન વચ્ચેનું ટેરિફ વૉર વકરી રહ્યું છે. નાણાંકીય સ્થિરતા ખોરવાઈ રહી છે. અમેરિકાની સરકારનું ક્રેડિટ રેટિંગ નીચે ગયું છે. તેથી મંદીનો ગાળિયો મજબૂત બનવાનું જોખમ વધ્યું છે. આ સ્થિતિમાં સોનાની લેવાલી વધતી જ રહેવાની સંભાવના છે. પરિણામે સોનાના ભાવ નવી ઊંચાઈને આંબતા જ રહેશે. વ્યાજના દર નીચા રહે તો પણ સોનામાં વધુ લેવાલી થતાં સોનાના ભાવ ઊંચા જવાની સંભાવના જોવા મળી રહી છે. સોનાના ભાવ સતત વધી રહ્યા હોવાથી નાના રોકાણકારો એ પણ ગોલ્ડ ઈટીએફમાં રોકાણ વધારવા માંડ્યું છે, કારણ કે સોનાના સપ્લાય કરતાં ડિમાન્ડ વધી જ ગઈ છે. તેથી જ 2022માં જે સોનાના 1500 અમેરિકા ડૉલરના ભાવ હતા તેના આજે 3400 ડૉલર બોલાઈ રહ્યા છે. બે વર્ષ અને નવ માસમાં સોનાના ભાવમાં 135 ટકાની આસપાસનો વધારો જોવા મળ્યો છે. છેલ્લા બાર માસમાં સોનાના ભાવમાં 50 ટકાનો વધારો જોવા મળ્યો છે. છેલ્લા દસ વર્ષમાં સોનામાં રોકાણ કરનારાઓને 180 ટકા વળતર મળ્યું છે.



અમેરિકી ડૉલર નબળો પડી રહ્યો હોવાથી સોનાના ભાવમાં વધારો થતો જ રહેવાની ગણતરી મૂકવામાં આવી રહી છે. નિષ્ણાતોના મત મુજબ સોનાના ભાવ 2025ના અંત સુધીમાં 3700 ડૉલરના મથાળાને વળોટી જશે. તેમાંય અમેરિકામાં મંદીનો પ્રભાવ વધ્યો તો સોનાના ભાવ વધીને 3880 ડૉલરના મથાળાને વળોટી જશે. ગોલ્ડમાને મૂકેલા અંદાજ મુજબ 2025ના અંત સુધીમાં સોનાનો ભાવ 4500 ડૉલરને આંબી જશે. સોનું 4500 ડૉલરની સપાટીને પાર કરી જાય તો તેનામાં કરેલા રોકાણ પર 71.5 ટકાનું વળતર છૂટવાની સંભાવના છે. સોનાના ભાવ 3500 ડૉલરથી ઉપર પહોંચી ગયા ત્યારે જે.પી. મોર્ગને વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ 4000 ડૉલરનો થઈ જવાની આગાહી કરી છે. હેજ ફંડના મેનેજર જ્હોન પૉલ્સનનું કહેવું છે કે વિશ્વના દેશો વચ્ચેનો તણાવ વધતો રહેશે તો 2028 સુધીમાં સોનાનો ભાવ 5000 ડૉલરની સપાટી કૂદાવી જશે. સોનાના બજારના નિષ્ણાત ચાર્લી મોરિસ કહે છે કે 2030ની સાલ સુધીમાં સોનાના ભાવ વધીને 7000 ડૉલરને પાર કરી જશે. ફાઈનાન્શિયલ એજ્યુકેટર અને ખ્યાતનામ લેખક રોબર્ડ કિયોસાકી કહે છે કે ભવિષ્યમાં સોનાનો ભાવ ટ્રોય અંશ દીઠ 25000 ડૉલરની સપાટીએ પહોંચી જશે. વિશ્વમાં વધી રહેલી અશાંતિને પરિણામે સોનાના ભાવમાં આ વધારો જોવા મળશે.

વર્તમાન સંજોગોમાં 2025ના અંત સુધીમાં ભારતીય બજારમાં સોનાનો દસ ગ્રામદીઠ ભાવ રૂ. 1.15,000થી 1,20,000 સુધી પહોંચી જવાની ધારણા છે. આજે સોનાનો ભાવ રૂ. 99000થી રૂ. 1,02,000ની રેન્જમાં જોવા મળી રહ્યો છે. સોનામાં ઈન્વેસ્ટમેન્ટ કરવા ઈચ્છનારાઓ સોનું રૂ. 1,06,000ને વળોટી જાય તે પછી સોનાની ખરીદ કરવાનું ચાલુ કરી શકે છે.

છે. ભારતના સ્થાનિક બજારમાં પણ તેનું વેચાણ થાય છે. આ વર્ષ દરમિયાન ચીનની ખરીદી 44.17 મેટ્રિક ટનની રહી છે. 2023-24ના વર્ષની તુલનાએ ચીનની ખરીદીમાં બે ટકાનો વધારો જોવા મળ્યો છે. આ ચાર મોટા દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન, કઝાકસ્તાન, હંગેરી સહિતના દેશોએ સોનાની ખરીદી કરી છે. જુદાં જુદાં દેશોની સરકારની લેવાલીને કારણે પણ સોનાના ભાવમાં ઊછાળો આવી રહ્યો છે. આ નાણાં અત્યાર સુધી અમેરિકી ડૉલરની ખરીદી કરવા માટે વપરાતા હતા. હવે તે સોનાની ખરીદી માટે ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. જાહેર જનતાની માફક જુદાં જુદા દેશની સરકારો પણ માને છે કે સોનામાં કરવામાં આવેલું રોકાણ સલામત છે. ગમે ત્યારે નાણાંકીય જરૂરિયાત ઊભી થાય તો તેને રોકડામાં રૂપાંતરિત કરી શકાય છે. ભારતીય પ્રજા પણ આ જ માનસિકતા ધરાવે છે. જુદાં જુદાં દેશોની સરકારો લાંબા ગાળાની વ્યૂહાત્મક ગણતરી સાથે પણ સોનાની ખરીદી કરી રહ્યા છે. તેથી સોનાની ડિમાન્ડ વધી રહી છે.

રાજકીય અસ્થિરતાઃ હાલમાં વૈશ્વિક સ્તરે ઈઝરાયલ, ગાઝા, રશિયા અને યુક્રેન સહિત અનેક દેશો વચ્ચે સંઘર્ષ અને યુદ્ધ ચાલી રહ્યા છે. તેને કારણે રોકાણકારોની વ્યગ્રતામાં વધારો થયો છે. આથી ઘણા રોકાણકારો સોનામાં રોકાણ પસંદ કરી રહ્યા છે. તેને કારણે સોનાની માંગમાં વધારો થતા કિંમત ઊંચી જઈ રહી છે.

**રૂપિયાનું મૂલ્ય ઘટ્યુંઃ** ભારતમાં સોનાના ભાવમાં વધારાના મુખ્ય બે કારણ ડોલર સામે તૂટતો રૂપિયો અને તહેવારોમાં થતી ખરીદી છે. અખાત્રીજ અને લગ્ન સીઝન જેવા તહેવાર અને પ્રસંગમાં ભારતમાં સોનાની માંગ વધતા કિંમત ઊંચી જાય છે. બીજું, યુ.એસ ડોલર સામે રૂપિયો તૂટતા આયાત મોંઘી થઈ ગઈ છે. તેને કારણે પણ સોનાના ભાવ ઊંચા જઈ રહ્યા છે.

## હાલ સોનામાં રોકાણ કરવાના ફાયદા

**ફુગાવા સામે રક્ષણઃ** સોનું ફુગાવો વધે તે ગાળામાં ગ્રાહકોને તેમની ખરીદશક્તિ જાળવી રાખવામાં મદદરૂપ બને છે. જ્યારે દેશની કરન્સીનું મૂલ્ય ઘટે ત્યારે પણ સોનામાં કરેલું રોકાણ સારું વળતર આપે છે.

**પોર્ટફોલિયોમાં વૈવિધ્યઃ** શેરબજારમાં ભારે અનિશ્ચિતતા જોવા મળતી હોય ત્યારે સોનું સ્થિરતા આપે છે. તેમાં શેરબજારની સરખામણીએ ઓછું કરેક્શન જોવા મળે છે. તેથી તેમાં રોકાયેલી મૂડી વધુ સુરક્ષિત રહે છે. અત્યાર સુધી એવું જોવા મળ્યું છે કે શેર બજાર જ્યારે જ્યારે નીચે જાય ત્યારે ત્યારે સોનાના ભાવમાં વધારો જોવા મળે છે. આમ શેરબજાર અને સોનું બંને વિરુદ્ધ દિશામાં વધતા જોવા મળે છે.

**કપરા સમયમાં સારું પરફોર્મન્સઃ** સોનું રોકાણનું એક એવું સાધન છે જે વૈશ્વિક કે રાષ્ટ્રીય સ્તરે અસ્થિરતા હોય ત્યારે સારું પરફોર્મ કરે છે. યુદ્ધ કે અન્ય રાજકીય પરિબળોને કારણે જ્યારે શેરબજારમાં સંપત્તિનું ધોવાણ થાય છે ત્યારે સોનાના ભાવ વધે છે. ફુગાવાના સમયે કરન્સીનું મૂલ્ય ઘટે છે, પરંતુ સોનાની કિંમત વધે છે. મહામંદીથી માંડીને કોવિડ-19 મહામારી સુધીની અનેક ઘટનાઓ દરમિયાન સોનાના મૂલ્યમાં વધારો થતો હોવાનું જણાયું છે. આમ, સોનામાં ઈન્વેસ્ટમેન્ટ રોકાણકારની સંપત્તિનું ધોવાણ થતું અટકાવે છે.

## સોનામાં ક્યારે અને કેવી રીતે રોકાણ કરવાથી ફાયદો થાય?

સોનામાં રોકાણનો સમય નિશ્ચિત કરવો ખૂબ મુશ્કેલ છે. પરંતુ એક સાથે સોનું ખરીદી લેવાના બદલે સમયાંતરે થોડું થોડું સોનું ખરીદતા રહેવું વધારે લાભકારી છે. સોનામાં રોકાણ કરવા માટે રોકાણકારો પાસે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે.

**1. સિક્કા, લગડી અને ઘરેણાઃ** રોકાણકાર સિક્કા, લગડી કે ઘરેણાના સ્વરૂપે ફિઝિકલ ગોલ્ડ ખરીદી શકે છે. ભારત સરકાર દ્વારા અધિકૃત કરાયેલા સિક્કા અને લગડી રોકાણકારો માટે બહાર પાડવામાં આવે છે. રોકાણની દૃષ્ટિએ આવું સોનું શુદ્ધ હોવાથી વેચાણ વખતે પૂરેપૂરું વળતર રહે છે. બુલિયનની ખરીદી કરતી વખતે તેની ખરાઈ અને અધિકૃતતાની તપાસ કરવી ખૂબ જરૂરી બની જાય છે. લાગણીની દૃષ્ટિએ ફિઝિકલ ગોલ્ડનું મૂલ્ય વધારે હોય છે. તેનું નકારાત્મક પાસું એ છે કે તે ચોરાઈ કે ખોવાઈ જવાની બીક રહે છે. આથી તેને ઘરે કે બેન્ક લોકરમાં સાચવીને રાખવું પડે છે.

**2. ETF:** ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ એ રોકાણકારો માટે સુવિધાજનક અને તરલ વિકલ્પ છે. ETFમાં રોકાણકારો શેર્સની જેમ જે-તે દિવસે સોનાનો જે ભાવ ચાલતો હોય તે મુજબ રોકાણ કરીને સોનુ ખરીદી શકે છે. આ સોનાને શેરની જેમ સ્ટોક એક્સચેન્જ પર ખરીદી વેચી શકાય છે.

**3. સોવરેઈન ગોલ્ડ બોન્ડ (SGBs)**

SGBમાં સોનાના ભાવ પર એપ્રિસિયેશનની સાથે નિશ્ચિત વ્યાજ પણ મળે છે. જો મેચ્યોરિટી સુધી જાળવવામાં આવે તો તેનાથી ટેક્સની બચત પણ થઈ



## સોનાના ઘરેણામાં રોકાણ કરવું જોઈએ?

રોકાણની દૃષ્ટિએ સોનાના ઘરેણા કરતા બુલિયનમાં વધુ લાભ થાય છે. સોનાના ઘરેણાની કિંમત તેમાં કેટલા પ્રમાણમાં અને કેટલી શુદ્ધતાનું સોનું વપરાયું છે તેના પર છે. જેમ કે, 22 કેરેટની જ્વેલરીના ભાવ 18 કેરેટ કરતા વધારે હોય છે અને તેના પર સારું વળતર મળે છે. જો કે, સોનુ પોચું હોવાથી શુદ્ધ સોનામાંથી બનેલા ઘરેણા રોજબરોજ પહેરવા માટે ઉપયોગમાં લઈ શકાતા નથી. વળી, ઘરેણા વેચતી વખતે તેમાં ઘસારો બાદ થાય છે એટલે અપેક્ષા મુજબ વળતર મળતું નથી. હા, સોનાના ઘરેણા સામાજિક વર્તુળમાં તમારું કદ-સ્ટેટસ દર્શાવે છે અને તમને કપરા સમયમાં સુરક્ષાની હૂંફ અવશ્ય આપે છે. સોનાના ઘરેણાં કરતાં લગડીમાં કરેલું રોકાણ વધુ ફાયદાકારક છે. સોનાના દાગીના આજકાલ બહાર પહેરીને ફરવા સલામત ગણાતા નથી. તેમ જ સોનાના દાગીના લઈ રાખી મૂકવામાં આવે તો તેનો વપરાશ ઓછો થાય છે. તેમ જ તેના પરનો મજૂરી ખર્ચ મોંઘો પડે છે.

# સોનામાં રોકાણ સામેના જોખમ

**ચોરી કે ખોવાઈ જવાનું જોખમ:** સોનું ઘરે રાખવામાં તે ચોરી થવાનો કે ખોવાઈ જવાનો ભય રહે છે. આથી તેને બેન્ક લોકર જેવી સ્ટોરેજ ફેસિલિટીમાં રાખવામાં આવે તો તેના માટે તમારે રૂપિયા ચૂકવવા પડે છે. આ કિંમત સોનાની કિંમતના 0.5 ટકાથી 2 ટકા સુધીની હોઈ શકે છે. જો સોના પર ઈન્શ્યોરન્સ લો તો તેના પર પણ ચાર્જ લાગે છે.

**વેચવામાં મુશ્કેલી:** મોટા જથ્થામાં સોનું વેચવું સરળ નથી. લાખો રૂપિયાના શેર્સ કે ફંડ મોબાઈલ ફોન પર ક્લિકથી ખરીદી કે વેચી શકાય છે. પરંતુ તેટલી જ રકમનું સોનું વેચવામાં દિવસો લાગી જાય છે. આ ઉપરાંત તેને વેચાણ સ્થળ સુધી પહોંચાડવાનું જોખમ ખેડવું પડી શકે છે.

**વ્યાજ નથી મળતું:** તમે બુલિયનમાં રોકાણ કરો તો તેના પર તમને કોઈ વ્યાજ કે ડિવિડન્ડ મળતું નથી. સોનાની કિંમત વધે ત્યારે એપ્રિસિયેશન મળે છે. તેના પર કેપિટલ ગેઈન ટેક્સ કે અન્ય ચાર્જ લાગે તો તમારો નફો ઘટી શકે છે.

શકે છે. જો કે તેનું એક નકારાત્મક પાસું એ છે કે તેમાં સોનામાં રોકાણના અન્ય માધ્યમ જેવી તરલતા નથી.

**4. ડિજિટલ ગોલ્ડ:** સોનામાં સાવ નાની રકમથી રોકાણની શરૂઆત કરવા માંગતા રોકાણકારો માટે ડિજિટલ પ્લેટફોર્મ શ્રેષ્ઠ વિકલ્પ છે. અર્થાત્, તમે ઈચ્છો તો રૂ. 500 પણ સોનામાં ઈન્વેસ્ટ કરી શકો છો. તેમાં સોનુ સાચવવાની જફામાંથી છૂટકારો મળે છે અને ટ્રાન્ઝેક્શનમાં સરળતા રહે છે.

**5. મ્યુચ્યુઅલ ફંડ્સ:** ઘણા મ્યુચ્યુઅલ ફંડ્સ એવા હોય છે જે ડાઈવર્સિફિકેશન માટે એક હિસ્સો ગોલ્ડમાં રોકાણ કરતા હોય છે. આવા એક્ટિવલી મેનેજ્ડ ફંડનું પરફોર્મન્સ ગોલ્ડ ફંડ કરતા સારું હોય છે અને રિસ્ક-રિટર્ન રેશિયો પણ સારો હોય છે.

## તમારે આદર્શ રીતે સોનામાં કેટલું રોકાણ કરવું જોઈએ?

આદર્શ રીતે તમારા પોર્ટફોલિયોના 5થી 10 ટકા જેટલું ઈન્વેસ્ટમેન્ટ સોનામાં કરવું જોઈએ. સોનામાં એપ્રિસિયેશન જરૂર મળે છે પરંતુ નિયમિત આવક થતી નથી. આથી સોનાની સાથે સાથે ઈક્વિટી, ડેટ સહિતની અન્ય એસેટ્સમાં રોકાણ કરવું જરૂરી છે. રોકાણની દૃષ્ટિએ સોનું ખરીદનારા રોકાણકારોએ તેના પર લાગતા ટેક્સ અંગે વિચાર કરવો જોઈએ. જો ત્રણ વર્ષ પહેલા સોનું વેચવામાં આવે તો ઈન્કમ સ્લેબ પ્રમાણે ગેઈનની રકમ પર ટેક્સ લાગે છે. ત્રણ વર્ષ બાદ તેના પર 20 ટકા લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાગે છે. જો કે તેમાં ઈન્ડેક્સેશન બેનિફિટ મળે છે. સોવરેન ગોલ્ડ બોન્ડ પર આવક મુજબ ટેક્સ લાગે છે. જો મેચ્યોરિટી સુધી જાળવી રાખવામાં આવે તો તેના પર કોઈ કેપિટલ ગેઈન ટેક્સ લાગતો નથી. ગોલ્ડ ETF પર સોનાની લગડી કે સિક્કા ખરીદવા-વેચવા સમાન જ ટેક્સ લાગે છે.

## સોનામાં રોકાણનો શ્રેષ્ઠ વિકલ્પ કેવી રીતે પસંદ કરશો?

સોનું ખરીદતા પહેલા દરેક રોકાણકારે સોનામાં રોકાણ કરવા પાછળ તેમનો આશય અને અપેક્ષા શું છે તે અંગે સ્પષ્ટતા કેળવી લેવી જોઈએ. તેનાથી સોનાના કયા વિકલ્પમાં રોકાણ કરવાથી શ્રેષ્ઠ વળતર મળી શકે તે નક્કી કરી શકાય છે.

**જોખમ ઉઠાવવાની ક્ષમતા:** સોનામાં રોકાણના વિવિધ વિકલ્પો સાથે અલગ અલગ જોખમ સંકળાયેલા હોય છે. દાખલા તરીકે, ETF પર બજારના ચડાવ-ઉતારની અસર થાય છે. જ્યારે બુલિયન એક સામટું વેચવામાં મુશ્કેલી પડી શકે છે.

**સંગ્રહની વ્યવસ્થા:** ઘરમાં વધારે સોનું રાખવાથી ચોરી થવાનો ભય રહે છે. આથી તેને બેન્ક લોકર જેવી સુરક્ષિત જગ્યાએ સ્ટોર કરવું પડે છે.

**વાસ્તવિક કિંમત:** ભારતમાં બુલિયનની ખરીદી પર 3 ટકા GST લાગે છે. આ ઉપરાંત જ્વેલર્સ દ્વારા પણ તેના પર અમુક ચાર્જીસ લગાવવામાં આવે છે. રોકાણની દૃષ્ટિએ સોનું ખરીદનાર ઈન્વેસ્ટરે આ બધા ચાર્જીસ અને કર સાથે સોનાની વાસ્તવિક કિંમત કેટલી થાય છે તેનો ક્યાસ કાઢવો જરૂરી બની જાય છે.

## ભારતમાં છેલ્લા 25 વર્ષમાં સોનાનો સરેરાશ ભાવ

| વર્ષ સોનુ (24 કેરેટ) | ભારતમાં 10 ગ્રામ સોનાના ભાવ |
|---|---|
| 2025 (22 એપ્રિલ) | 1,02,170 |
| 2025 (1 માર્ચ) | 87,550 |
| 2025 (1 ફેબ્રુઆરી) | 85,300 |
| 2024 | 78,245 |
| 2023 | 63,203 |
| 2022 | 55,017 |
| 2021 | 48,099 |
| 2020 | 50,151 |
| 2019 | 39,108 |
| 2018 | 31,391 |
| 2017 | 29,156 |
| 2016 | 27,445 |
| 2015 | 24,931 |
| 2014 | 26,703 |
| 2013 | 28,422 |
| 2012 | 30,859 |
| 2011 | 27,329 |
| 2010 | 20,728 |
| 2009 | 16,686 |
| 2008 | 13,630 |
| 2007 | 10,598 |
| 2006 | 9,265 |
| 2005 | 7,638 |
| 2004 | 6,307 |
| 2003 | 5,600 |
| 2002 | 4,990 |
| 2001 | 4,300 |
| 2000 | 4,400 |

# ઊંચી ભાવ સપાટીએ સોનામાં નફો ઘરભેગો કરવા માટે આવનારી વેચવાલી ભાવ વધારા પર બ્રેક લગાવશે

છેલ્લા 15 મહિનામાં સોનામાં કરવામાં આવેલા રોકાણ પર 35 ટકા વતર મળ્યું છે. અત્યારે સોનું 3120 ડૉલરની સપાટીને વળોટી ગયું છે. તેમાં થોડું કરેક્શન(ઘટાડો) આવવાની સંભાવના જોવામાં આવી રહી છે. છતાંય આગામી બે મહિનાની વાત કરવામાં આવે તો સોનાના બજારમાં તેજીનો વક્કર જોવા મળી શકે છે. મધ્યમથી લાંબા ગાળામાં સોનામાં તેજીનો વક્કર જોવા મળી શકે છે. ફેબ્રુઆરી માસના અમેરિકાના ટ્રેડ ડેફિસિટના આંકડાંઓ

## ડૉલરની વધઘટ, ટ્રેઝરી બિલની યિલ્ડ પર પણ સોનાના બજારમાં તેજી કે મંદી જોવાશે તેનો મદાર

જાહેર કરવામાં આવ્યા છે. તેમાં 147.90 અબજ ડૉલરની વેપારી ખાધ દર્શાવવામાં આવી રહી છે. તેની અસર હેઠળ ફુગાવો પણ જોવા મળી શકે છે. તેમ જ અમેરિકામાં આર્થિક મંદીની અસર પણ જોવા મળી શકે છે. તેમ જ સ્ટેગ્ફ્લેશનની અસર પણ જોવા મળી શકે છે. સ્ટેગ્ફ્લેશન એક એવી આર્થિક સ્થિતિ છે જેમાં અર્થતંત્રના વિકાસની ગતિ ધીમી પડે છે. બેરોજગારી વધવા માંડે છે. તેની સાથે સાથે ફુગાવો પણ વધવા માંડે છે. બીજીતરફ વ્યાજના દરમાં પોણો ટકાથી એક ટકાનો ઘટાડો જોવા મળી શકે છે. તેથી પણ સોનામાં તેજી જોવા મળી શકે છે. મધ્યમથી લાંબા ગાળા માટે સોનામાં મજબૂત તેજી જોવા મળી શકે છે.

ભારતમાં કુલ સોનાની ડિમાન્ડમાંથી 70 ટકા ડિમાન્ડ જ્વેલરીમાં જ છે. જ્વેલરીની ડિમાન્ડમાં ઘટાડો જોવા મળી શકે છે. સોનાની 30 ટકા ડિમાન્ડ ઇન્વેસ્ટમેન્ટની છે. સોનાના ભાવ વધતા ડિમાન્ડમાં ઘટાડો જોવા મળશે. સોનાના માર્કેટમાં આ વલણ ડિસેમ્બર 2024માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળાથી જોવા મળી રહ્યું છે. ટૂંકમાં વાત કરીએ તો સોનાના ભાવ વધી જતાં જ્વેલરીની ડિમાન્ડમાં ઘટાડો જોવા મળશે. ભારતીય પરિવારો પોતાના બજેટને આધારે સોનામાં રોકાણ કરવું કે ન કરવું તેનો નિર્ણય લે છે. તેથી સોનાના વધતા ભાવ તેમની ડિમાન્ડમાં ઘટાડો કરશે તે નિશ્ચિત છે. જ્વેલરીના મેન્યુફેક્ચરિંગમાં પણ ઘટાડો જોવા મળશે.

ચાંદીની વાત કરીએ તો ઔદ્યોગિક મંદીને કારણે ચાંદીની ડિમાન્ડ પર અવળી અસર પડી શકે છે. ઔદ્યોગિક ડિમાન્ડ વધે તો જ ચાંદીના ભાવમાં ઊછાળો જોવા મળી શકે છે. ચાંદીના ટ્રોયઅંશના ભાવ 34થી 36 ડૉલરની આસપાસની સપાટીએ રહેવાની શક્યતા છે. તેથી ચાંદીના કિલોદીઠ ભાવ મધ્યમ ગાળામાં રૂ. 1.05 લાખથી 1.10 લાખની રેન્જમાં અથડાતી જોવા મળી શકે છે. ચાંદીમાં સપ્લાયની ઘટ છે. તેથી તેજી જોવા મળી શકે છે. ભારતીય રૂપિયાનું ડૉલર સામેનું અવમૂલ્યન થઈને રૂ. 89થી 90ની સપાટીએ જાય તો જ ચાંદીમાં તેજી જોવા મળી શકે છે. મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટીમાં વધારો થતાં ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. અત્યારે રૂપિયો ડેપ્રિશિયટ થાય તેવા નિર્દેશ મળતો નથી.

ભારતે રિન્યુએબલ એનર્જીના સેક્ટર માટે મોટી યોજનાઓ જાહેર કરી છે. ભારત સરકારને 109 અબજ ડૉલરના પ્લાનની જાહેરાત કરી છે. ભારતની જેમ જ રશિયા, ચીને પણ રિન્યુએબલ એનર્જીના સેક્ટરમાં મોટી યોજના જાહેરા કરી છે. અમેરિકાની સિલ્વર ઇન્સ્ટિટ્યૂટના અંદાજ મુજબ ભારતમાં નવથી બાર મહિનામાં ચાંદીની ડિમાન્ડમાં વધારો જોવા મળી શકે છે. અત્યારે માત્ર પ્રોજેક્ટની જાહેરાત થઈ છે. તેથી ટૂંકા કે મધ્યમ ગાળામાં તેમાં વધારો જોવા મળે તેવું જણાતું નથી.

સોના-ચાંદીના બજારની વધઘટના જોખમોની વાત કરવામાં આવે તો અત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે. ડૉલરની વધઘટ પર પણ તેનો મદાર રહેલો છે. ટ્રેઝરી બિલની યિલ્ડ ઘટી રહી છે તે પણ તેનું એક કારણ બની શકે છે. ટ્રેઝરી બિલની યિલ્ડ વધી હોત તો વાત અલગ હતી. બીજું, સોનામાં નફો ઘરભેગો કરવા માટે વર્તમાન ભાવ સપાટીએ વેચવાલી આવતા બજારને ઊંચું જતું અટકાવી સકે છે. ડૉલરમાં અને ટ્રેઝરી યિલ્ડમાં પણ ઘટાડો થાય તેવા નિર્દેશો મળી રહ્યા છે. યિલ્ડ ઘટતા સોનામાં ભાવ વધારો આવી શકે છે. રેટ કટ 2025ના વર્ષમાં 50 બેઝિસ પોઈન્ટથી 1 ટકા જેટલો ઘટાડો થવાનો નિર્દેશ મળી ચૂક્યો છે.





# જ્વેલરી એક્સપોર્ટર્સે ટેરિફ વધે તે પહેલા જ પચાસ કરોડ ડૉલરના દાગીનાની નિકાસ કરી લીધી

અમેરિકાએ ટેરિફ વૉર છેડીને દુનિયાના દરેક દેશને ચોંકાવી દેવાનું આયોજન કર્યું હતું. અમેરિકા તેના આયોજનને અમલમાં મૂકે તે પૂર્વે જ ભારતના જ્વેલરી એક્સપોર્ટર્સે 500 મિલિયન ડૉલરની નિકાસ કરી લીધી છે. આમ જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટર્સે ત્રણ મહિનાનો બિઝનેસ ટેરિફ વૉર છેડાય તે પૂર્વે જ કરી લઈને પાણી આવે તે પૂર્વે જ પાળ બાંધી લેવાનું શાણપણ દાખવ્યું છે. હવે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ આશા રાખી રહ્યું છે કે ભારત સરકાર અને અમેરિકાની સરકારની દ્વિપક્ષી સમજૂતી થાય અને ઊંચી ટેરિફની લમણાઝીંક વિના જ વેપાર નવેસરથી ચાલુ થઈ જાય. દ્વિપક્ષી કરાર થાય અને ભારતીય નિકાસકારોને ઓછી ડ્યૂટી અમેરિકામાં ભરવી પડે તો તેવા સંજોગોમાં તેમને મોટી રાહત મળી જશે.

હીરા ઘસીને સોનામાં જડીને બનાવેલા દાગીનાની નિકાસ કરવામાં દેશમાં અગ્રણી ગુજરાતની ચિંતા માત્ર અમેરિકાની ટેરિફને કારણે વધી છે તેના કરતાં વધારે ચિંતા તેમણે ચૂકવવાના થતાં બેન્કના દેવાની રકમ સમયસર ચૂકવી શકાશે કે નહિ તેની છે. તેથી જ જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના જાણકાર સૂત્રોનું કહેવું છે કે જ્વેલરીના નિકાસકારોએ નવું ટેરિફ અમલમાં આવે તે પહેલા પહેલા જ અમેરિકાના બજારમાં 50 કરોડ અમેરિકી ડૉલરના મૂલ્યના સોના-ચાંદીના દાગીનાની નિકાસ કરી દીધી છે. આ નિકાસ ભારતમાં થતાં એક મહિનાના ઉત્પાદનના કુલ મૂલ્ય જેટલી છે. તેથી જ જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગને ત્રણ મહિના સુધી શાંતિ થઈ ગઈ છે. 26મી માર્ચથી માંડીને બીજી એપ્રિલ સુધીમાં આ

### જેમ્સ એન્ડ જ્વેલરી પર ટેરિફની સંભવિત અસર અને બહાર નીકળવાનો વિકલ્પ

અમેરિકાની ટેરિફને કારણે ભારતના અને ગુજરાતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગની સોના-ચાંદીને હીરાના દાગીનાની નિકાસ ઘટી શકે છે

ભારતના નિકાસકારો પોતાના જ દેશમાં દાગીનાની ડિમાન્ડ વધારીને તેના થકી આવક કરવાનો આધાર રાખી શકે છે.

26 ટકાની ડ્યૂટીને કારણે ભારતના સોના-ચાંદી અને હીરાના દાગીના મોંઘા પડી શકે છે. ભારતના દાગીના સ્પર્ધાત્મકતા ગુમાવી શકે છે.

અમેરિકાના ગ્રાહકો ભારતીય કારીગરોના દાગીનાને બદલે થાઇલેન્ડ કે પોતાના દેશમાં બનેલા દાગીનાની ખરીદી કરવા તરફ વળી શકે છે.

લાંબા ગાળા માટે ભારતના નિકાસકારોએ વૈકલ્પિક દેશોમાં નિકાસ કરવા પર મદાર બાંધવો પડશે

ભારતના દાગીનાના નિકાસકારોએ સ્પર્ધાત્મક બનવા માટે તેમના માર્જિનમાં ટેરિફનો હિસ્સો સમાવી લઈને માર્જિનનો માર સહન કરવો પડી શકે છે.

ભારતના દાગીનાના નિકાસકારોએ યુરોપના દેશોમાં, મધ્યપૂર્વના દેશોમાં તથા સાઉથ ઇસ્ટ એશિયાના દેશોમાં નિકાસ કરવા પર ફોકસ કરવું પડી શકે છે.

દાગીના ઉદ્યોગ ઠપ થઈ જાય તો હીરાઘસુઓ અને દાગીના બનાવતા કારીગરોએ રોજીરોટી ગુમાવવી પડી શકે છે.

ભારતના નિકાસકારોએ બ્રાન્ડેડ અને ઊંચા મૂલ્યના ડિઝાઇનર દાગીનાની નિકાસ પર ફોકસ કરવું પડશે.

ટેરિફના પડકારની અસર ઓછી કરવા માટે અમેરિકા સાથેના રાજદ્વારી સંબંધોનો ઉપયોગ કરીને ભારત સરકાર ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરી શકે છે.



નિકાસ કરી દીધી હતી. તેમણે ભારતના કસ્ટમ્સ હાઉસને પણ તેમના ક્લિયરિંગની કામગીરી ઓફિસ અવર્સ પૂરા થાય તે પછી પણ ચાલુ રાખવા વિનંતી કરી હતી. ખાસ કરીને અમેરિકામાં નિકાસ કરવા માટેના કસ્ટમ્સ ક્લિયરન્સ વિભાગને ચાલુ રાખવા સમજાવ્યા હતા.

દાગીના પર દસ ટકા આયાત ડ્યૂટી લાદવામાં આવે તો પણ અમેરિકાના ગ્રાહકો તે આયાત ડ્યૂટીનો બોજ ખમી શકે તેમ જ નહોતા કે તે ચૂકવવા તૈયાર થયા ન હોત. તેમ થયું હોત તો જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગની નિકાસ પડી ભાંગવાની સંભાવના નિર્માણ થઈ હોત. બીજીતરફ હીરા ઘસવાનો અને પૉલિશ કરવાનો ઉદ્યોગ બહુ જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો હીરા ઉદ્યોગ માટે ટેરિફ પડ્યા પર પાટુ સમાન હતું. તેથી તેમની પાસેનો દાગીનાના સ્ટોક તેમણે અમેરિકા મોકલી આપ્યો હતો. અમેરિકાની સરકારે ટેરિફનો અમલ 90 દિવસ માટે મુલતવી રાખી દીધો હતો. આ 90 દિવસના ગાળામાં ભારત અને અમેરિકાની સરકાર દ્વિપક્ષી વેપારના કરાર કરી લેશે તેવી આશા રાખવામાં આવી રહી છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલનું કહેવું છે કે ભારતમાં ઘસીને તૈયાર કરવામાં આવેલા ડાયમંડ અને લેબ ગ્રોન ડાયમન્ડ વાળા દાગીનાની આયાત અમેરિકા કરે તો તેના પર ઝીરો ટકા ટેરિફ લાગુ પડે છે. આ જ હીરા કે લેબગ્રોન ડાયમંડ ભારતમાં એક્સપોર્ટ કરવામાં આવે તો તેના પર 5 ટકા ટેરિફ લાગુ પડે છે. આમ આ ઓછી આયાત ડ્યૂટીનો કિસ્સો છે. હીરા ન જડ્યા હોય અને સાદા સોનાના દાગીના હોય તો તેના પર અમેરિકાની સરકાર સાત ટકા આયાત ડ્યૂટી વસૂલે છે. તેની સામે ભારતે સરકારે 20 ટકા આયાત ડ્યૂટી લાદેલી છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે ભારત સરકારને જ્વેલરીની આયાત પરની 20 ટકા આયાત ડ્યૂટી હટાવી લેવા વિનંતી કરી હતી.

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે ભારત સરકારને અમેરિકામાંથી આયાત કરવામાં આવતા સોના, ચાંદી કે બુલિયન પર લેવામાં આવતી આયાત ડ્યૂટીમાં રાહત આપવા પણ રજૂઆત કરી છે. ભારત સરકાર ટ્રેડ ડેફિસિટને સમતોલ કરવા માટેની સૂચિત સંધીના ભાગરૂપે યુનાઈટેડ આરાબ અમિરાતથી આયાત કરવામાં આવતા સોના અને ચાંદી પર સીઈપીએ- કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ હેઠળ આ રાહત આપી જ રહી છે. આ જ રીતે અમેરિકામાંથી ભારતમાં આયાત કરવા પર લેવામાં આવતી આયાત ડ્યૂટી 6થી 10 ટકા કરી આપવાની રજૂઆત કરી હતી. આ પદ્ધતિને અપનાવીને ભારત ટેરિફમાં જોવા મળતી અસમતુલાને દૂર કરી શકે તેમ હોવાનું જણાવ્યું હતું. તેની સામે અમેરિકાની સરકાર ભારતમાંથી આયાત કરવામાં આવનારા દાગીનાઓ પર લાદેલી 26 ટકાની ટેરિફમાં સીધો દસ ટકાનો ઘટાડો કરી શકે છે. ભારતમાંથી અમેરિકામાં 11 અબજ ડૉલરના દાગીનાની નિકાસ થાય છે. છૂટક હીરાની આયાત પર 20 ટકા ટેરિફ લાગે તેમ છે. તેમ જ સોનાના દાગીનાની આયાત પર સાત ટકા ટેરિફ લાગે તેમ છે.

આ સ્થિતિમાં જ્વેલરીની એક્સપોર્ટ ખોરવાઈ જાય તો દાગીના બનાવનારા ઘણાં એક્સપોર્ટર્સને તેમની બેન્ક લોન ચૂકવવાના ફાંફા પડી જવાની સંભાવના છે. હીરા ઘસવાના અને પૉલિશ કરવાના કામ સાથે સંકળાયેલા સંખ્યાબંધ એકમોએ કર્મચારીઓના પગાર પર કાપ મૂકવાની નોબત આવી શકે છે. તેથી જે તે બેન્કોને તેમની લોનના નાણાં ચૂકવવા માટે થોડી વધુ મહેતલ આપવા પણ વિનંતી કરેલી જ છે. ટેરિફના વિવાદનો અંત ન આવે ત્યાં સુધી લોનના હપ્તાઓ લેવાનું અટકાવી દેવા પણ વિનંતી કરી છે.



**ભારતની જેમ્સ એન્ડ જ્વલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે અમેરિકાથી ભારતમાં આયાત કરવામાં આવતા સોના-ચાંદી અને દાગીના પરની આયાત ડ્યૂટી ઘટાડી આપવા વિનંતી કરી**

**યુનાઈટેડ આરબ અમિરાત સાથે થયેલી સંધી હેઠળ આપેલી છૂટ અમેરિકાને પણ આપવાની રજૂઆત કરી જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગને બચાવી લેવા જણાવ્યું**

**ભારત સરકાર ટેરિફ નહિ ઘટાડે તો નિકાસ ઘટી જતાં અનેક એક્સપોર્ટર્સને બેન્ક લોન ચૂકવવાના ફાંફા પડી જવાની દહેશત વ્યક્ત કરી**

# ગોલ્ડ લોન પર રિઝર્વ બેન્ક કેમ લગામ તાણવા માગે છે

ગોલ્ડ લોન લેનારાઓમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી સોના પર લેવામાં આવતી લોનની પ્રક્રિયાને વધુ પારદર્શક અને ચુસ્ત બનાવવા રિઝર્વ બેન્ક સક્રિય થઈ છે. લોન આપતી વખતે કઈ કઈ બાબતને ધ્યાનમાં લેવી તે અંગેનો મુસદ્દો-ડ્રાફ્ટ પ્રપોઝલ રિઝર્વ બેન્કે જાહેર કરી દીધો છે. આ અંગે બેન્કો, જાહેર જનતા, નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ અને ગોલ્ડ પર ધિરાણ આપનારા શાહુકારોના



**રજનિકાન્ત રાયચુરા,**
**DGM, રાજકોટ નાગરિક સહકારી બેન્ક**

**સોનાના ભાવમાં મોટી વધઘટ જોવા મળી રહી હોવાથી બુલેટ પેમેન્ટની વ્યવસ્થા હેઠળ સોનાના મૂલ્ય પર 65 ટકાથી વધુ લોન આપવી કઠિન બનશે**

**બુલેટ રિપેમેન્ટની ગોલ્ડ લોનની મર્યાદા પહેલા ચાર લાખની  હતી તે વધારીને હવે પાંચ લાખની કરવામાં આવી છે.**

અભિપ્રાય મંગાવ્યા છે. બારમી મે સુધીમાં દરેક સ્ટેક હોલ્ડરે અભિપ્રાય આપી દેવાના રહેશે. બીજીતરફ સોનાના ભાવમાં છેલ્લા બાર જ માસમાં 35 ટકાનો વધારો થયો છે. તેમ જ વાર્ષિક ધોરણે ગોલ્ડ લોનમાં 87 ટકાનો વધારો જોવા મળ્યો છે. 2024-25ના વર્ષમાં રૂ.1.91 લાખ કરોડની ગોલ્ડ લોન અપાઈ છે. તેની સામે ક્રેડિટ કાર્ડથી અપાતા ધિરાણમાં માત્ર 11 ટકાનો જ વધારો થયો છે.

રિઝર્વ બેન્કે મૂકેલા નવા મુસદ્દામાં કરેલી જોગવાઈ મુજબ ગોલ્ડ કે સિલ્વર સાથે જોડાયેલા એક્સચેન્જ ટ્રેડેડ મ્યુચ્યુઅલ ફંડ પર ધિરાણ આપી શકાશે નહિ. નવી આવક ઊભી કરવા માટે કે પછી નાણાંનો વપરાશ કરવા માટે કોન્કરન્ટ ગોલ્ડ લોન લઈ શકશે નહિ. લોન સામે ગેરેન્ટી તરીકે આપવામાં આવતા સોનાની ગુણવત્તા શંકાસ્પદ હોય તેવા કિસ્સાઓમાં તેના પર લોન આપવાની રહેશે નહિ.

લોન ટુ વેલ્યુનો રેશિયો 30 દિવસથી વધી જશે તો તેવા સંજોગોમાં ધિરાણ આપનાર સંસ્થાએ લોનની રકમના એક ટકા રકમ જેટલી પ્રોવિઝન કરવાની ફરજ પડશે. આ રકમ ત્રણ મહિના સુધી પ્રોવિઝનની રકમ તરીકે જાળવી રાખવી પડશે. તેની વધુ અસર નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની પર પડશે. બેન્કે તો માત્ર કન્ઝમ્પશન લોન પર જ લોન ટુ વેલ્યુનો રેશિયો જાળવવો પડશે. ગોલ્ડ લોન આપનારાઓની સ્ક્રૂટિનીમાં પણ વધારો થશે.

ગોલ્ડ લોન લેનારાઓ માટે સૌથી સરળ અને મોટી કોઈ વ્યવસ્થા કરી હોય તો તે બુલેટ રિપેમેન્ટની હોવાનું રાજકોટ નાગરિક સહકારી બેન્કના ડેપ્યુટી જનરલ મેનેજર રજનિકાન્ત રાયચુરાનું કહેવું છે. બુલેટ રિપેમેન્ટ માટેની ગોલ્ડ લોનની મર્યાદા પહેલા એક લાખની હતી, તે પછી બે લાખ અને ચાર



લાખની કરવામાં આવી હતી અને હવે પાંચ લાખની કરવામાં આવી છે. બુલેટ રિપેમેન્ટની વ્યવસ્થા હેઠળ લોન લીધા પછી બાર મહિના સુધી વ્યાજ કે મુદ્દલ બેમાંથી એક પણ રકમ જમા કરાવવાની આવશે નહિ. પરંતુ બાર મહિના પૂરા થયા પછી વ્યાજ સહિતની લોનની મુદ્દલ ચૂકવી આપવાની આવશે. તેનો ગોલ્ડ લેનારાઓને લાભ મળશે. બેન્કો અંદાજે 8થી 10 ટકા વ્યાજ વસૂલે છે. નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ અને ખાનગી કંપનીઓ 14થી 16 ટકા વ્યાજ વસૂલે છે. તેઓ પેનલ્ટી પણ મોટી વસૂલી રહ્યા છે.

બીજું, ગોલ્ડ લોન આપવા માટે સોનાનો ભાવ કયો નક્કી કરવો તે એક તકલીફ દાયક બાબત છે. ગોલ્ડનો ભાવ દિવસમાં કલાકે કલાકે બદલાય છે. તેથી બુલિયન એસોસિયેશનની વેબસાઈટ પર દર્શાવવામાં આવેલા છેલ્લા ત્રીસ દિવસના ભાવ નક્કી કરીને તેને આધારે ગોલ્ડના ભાવ નક્કી કરવાના રહેતા હતા. હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે કે રોજેરોજ જે ભાવ બુલિયન એસોસિયેશનના પોર્ટલ પર જોવા મળે તે ભાવ અને રોજેરોજ પબ્લિશ થતાં ભાવની ત્રીસ દિવસની સરેરાશને અંતે જે ઓછામાં ઓછો ભાવ આવે તેને ગોલ્ડ લોન આપવા માટે લાવવામાં આવેલા સોનાના ભાવ ગણવાનો રહેશે. પરિણામે સોનાના બજાર ભાવને આધારે તેને મળનારી ગોલ્ડ લોનની રકમ અંગે ગ્રાહકે રાત્રે અંદાજ બાંધ્યો હોય તે અંદાજમાં સવારે બજારની ઊથલપાથલને પરિણામે વધારો કે ઘટાડો થઈ શકે છે. આમ ખરેખર ગોલ્ડ લોન લેવા જાય તે વખતે ફેરફાર થઈ ગયો હોવાથી તેને મળનારી લોન વધી કે ઘટી શકે છે. ગોલ્ડ લોન લેનારને મળનારી લોન ઘટી જાય તો તેને પરિણામે તેના ગણિતો ખોરવાઈ જવાની સંભાવના વધી જાય છે.

## બિલ વિનાના સોના પર ધિરાણ આપવું કઠિન

ત્રીજું, સોનાની ઓનરશીપ એસ્ટાબ્લિશ-માલિકી પ્રસ્થાપિત કરવાની જોગવાઈને હવે વધુ ચુસ્ત કરી દેવામાં આવી છે. આ બાબત વિષમ સ્થિતિ નિર્માણ કરી શકે છે. મહિલા લગ્નમાં કરિયાવર તરીકે સોનુ લઈ આવે છે તેના બિલ બહુધા લાવતી જ નથી. તેથી બિલ વિનાના સોના પર ગોલ્ડ લોન આપવી કઠિન બની જશે. તેનોય માર્ગ રિઝર્વ બેન્કના મુસદ્દામાં કાઢવામાં આવ્યો છે. ગોલ્ડ લોન આપનારે ગોલ્ડ લોન લેવા આવનાર પાસે તે સોનું પોતાની માલિકીનું છે તેવું સોગંદનામુ લઈ લેવાનું રહેશે. છતાંય આ ડિક્લેરેશનની જેન્યુઈનનેસની ખરાઈ કરવાની જવાબદારી બેન્કો, એનબીએફસી અને શાહુકારોને માથે નાખી દેવામાં આવી છે. કંપની કે એનબીએફસી કે પછી બેન્ક તેની ખરાઈ કઈ રીતે કરી શકે છે તે

# ગોલ્ડ લોન ચૂકવ્યા પછી સાત દિવસમાં સોનું પરત ન કરે તો સંસ્થાને રોજનો રૂ.5000નો દંડ

ગોલ્ડ લોન લેનારાઓની તરફેણમાં પણ મજબૂત જોગવાઈ રિઝર્વ બેન્કે કરી છે. ગોલ્ડ લોન લેનાર વ્યક્તિ બાર મહિનામાં તેની સંપૂર્ણ લોન ચૂકવી દે તો તે પછી 7 દિવસના ગાળામાં તે વ્યક્તિનું સોનું પરત આપી દેવાનો નિયમ રિઝર્વ બેન્કે નવા મુસદ્દામાં દાખલ કર્યો છે. આ નિયમનું પાલન કરવામાં શાહુકાર કે ખાનગી ગોલ્ડ ફાઈનાન્સ કંપનીઓ કે પછી બેન્કો નિષ્ફળ જશે તો તેવા સંજોગોમાં તે સંસ્થાએ ગોલ્ડ લોન લેનારને એક દિવસના રૂ. 5000 લેખે જેટલા દિવસનો વિલંબ થાય તેટલી પેનલ્ટી ચૂકવવી પડશે. કસ્ટમરને ગોલ્ડ લોન આપનાર સંસ્થાએ સોનું લઈ જવા માટે લેટર લખ્યો હોય તો પણ તે સોનું લેવા ન આવે તો તેવા સંજોગોમાં ગોલ્ડ લોન આપનારને માથે રોજની રૂ. 5000ની પેનલ્ટી ચઢ્યા કરશે. આ સ્થિતિનો ગેરલાભ ઊઠાવીને કેટલાક લોન લેનારાઓ સોનું લેવા માટે વિલંબથી આવે તેવી સંભાવના રહેલી છે. આ રીતે ગોલ્ડ લોન આપનારાઓની હાલાકી વધારી શકે છે. પરિણામે કન્ઝ્યુમર ફોરમમાં કેસ થવાના કિસ્સાઓ વધી જશે. તેની સામે કંપનીઓએ પણ પોતાના વકીલ રોકીને કેસ ચલાવવાનો ખર્ચ કરવો પડશે. આમ બંને પક્ષે કાનૂની ખર્ચ થવાની અને કોર્ટ કેસ થવાની સંભાવનાઓ વધી જશે. છતાંય ભૂતકાળમાં સોનું પરત કરવામાં વિલંબ થતો હોવાની શક્યતાને કારણે આ જોગવાઈ દાખલ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.



# ગોલ્ડ લોનના નાણાંનો વપરાશ ક્યાં થાય છે તે જોવું પડશે

ગોલ્ડ લેનાર દ્વારા તે પૈસાનો શેમાં વપરાશ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ગોલ્ડ લોન લેવા માટેનો ઉદ્દેશ પણ લોન માટે અરજી કરનારાએ જણાવવો પડશે. તેનો રેકોર્ડ પણ રાખવાનો રહેશે. બેન્કર્સ અને ગોલ્ડ લોન આપનારાઓનું કહેવું છે કે ગોલ્ડ લોનના નાણાંનો એન્ડ યુઝ શું થાય છે તે મોનિટર કરવું સૌથી અઘરું છે. તેથી નિયમને નામે રિઝર્વ બેન્ક ગોલ્ડ લોન આપનારી બેન્કો, ખાનગી સંસ્થાઓ કે પછી એનબીએફસીને ભીંસમાં લઈ શકશે. લોન વહેલી પરત પણ કરી શકાશે. તેને માટે પેમેન્ટ કરી દેનારે વધુ ચૂકવી કરવની ન આવતી હોવાની બાબને ધ્યાનમાં લેવા માં આવશે.

**લોનના બાકીદારના સોનાની હરાજી કરતાં પૂર્વે બજાર મૂલ્ય નક્કી કરીને તેની અપસેટ વેલ્યુ બજાર મૂલ્યના 90 ટકા રાખવી ફરજિયાત કરી દેવામાં આવી હતી.**

**બુલિયન એસોસિયેશનના પોર્ટલ પર રોજ જોવા મળતા ભાવ અને રોજેરોજ પબ્લિશ થતાં ભાવની ત્રીસ દિવસની સરેરાશને અંતે જે ઓછામાં ઓછો ભાવ આવે તેને ગોલ્ડ લોન આપવા માટેના સોનાના ભાવ ગણવામાં આવશે**



**બુલેટ રિપેમેન્ટની ગોલ્ડ લોનની સિસ્ટમમાં સોનાના ભાવ ઘટી જાય તો 75 ટકાનો રેશિયો રાખવા અંગેના નિયમનું પાલન કરવું મુશ્કેલ બની જશે.**

**સોનાની લોન ચૂકવી દેનારને સાત દિવસમાં સોનું પરત ન કરવામાં આવે તો ગોલ્ડ ફાઈનાન્સ સંસ્થાને રોજના રૂ. 5000નો દંડ કરવામાં આવશે.**

**પહેલા બાકી રકમના પ્રમાણે રૂ. 5000 ઉપર ચઢાવીને બાકીદારના સોનાની હરાજી કરી દેવાતી હતી.**

મોટો સવાલ છે. આ જોગવાઈ જૂના મુસદ્દામાં હતી જ હતી. પરંતુ તેનો અમલ ચુસ્ત રીતે થતો નહોતો. આ વખતે તેનો અમલ વધુ ચુસ્ત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચુસ્ત અમલ થાય તો માલિકીની જેન્યુઈનનેસ પ્રસ્થાપિત કરવી અઘરી પડી જશે.

## ગોલ્ડના મૂલ્યના 65 ટકાથી વધુ ધિરાણ આપવું મુશ્કેલ

રિઝર્વ બેન્કના મુસદ્દામાં ગોલ્ડના મૂલ્યના 75 ટકાનું જ ધિરાણ આપવાની હતી અને છે. પરંતુ કેટલીક કંપનીઓ આ નિયમનું યોગ્ય પાલન કરતી નહોતી. રૂ. સાત લાખના મૂલ્યના સોના પર 5 લાખનું ધિરાણ આપી શકાય છે. હવે બુલેટ પેમેન્ટની લોનની વ્યવસ્થાની વાત કરીએ. વરસને અંતે તે વ્યક્તિએ 10 ટકા વ્યાજ સાથે રૂ. 5.50 લાખ ચૂકવવાના આવશે. આમ રૂ. 5.50 લાખનું લેણું 75 ટકાના બુલેટ પેમેન્ટની સિસ્ટમના રેશિયોમાં ફિટ બેસશે જ નહિ. આ ગાળામાં સોનાના ભાવ વધી જાય તો તેની સામે તકલીફ આવશે નહિ. પરંતુ સોનાના ભાવમાં ઘટાડો થઈ જાય તો લોન લેનાર પાસે માર્જિન મની મૂકાવવાની નોબત આવી શકે છે. આ સ્થિતિને કઈ રીતે પહોંચવું તે કઠિન છે. તેથી જ બેન્કો, નાણાં સંસ્થાઓ કે પછી શાહુકારો 75 ટકાને બદલે માત્ર 65 ટકા જ લોન આપશે. રિઝર્વ બેન્કે નક્કી કરેલા 75 ટકાના રેશિયો સામે ભાવની વધઘટને ધ્યાનમાં રાખી 65 ટકા જ લોન આપવામાં આવશે.

## કંપનીઓ ફંડની કોસ્ટ પ્રમાણે પોતાના વ્યાજદર નક્કી કરી શકશે

હા, ગોલ્ડ લોન આપતી દરેક સંસ્થાને તેના વ્યાજદર તેની કોસ્ટ બેનિફિટ પ્રમાણે રાખવાની છૂટ આપવામાં આવી છે. રિઝર્વ બેન્કે વ્યાજ માટે કોઈ જોગવાઈ કરી નથી. પરંતુ એનબીએફસી, બેન્ક અને ગોલ્ડ ફાઈનાન્સ કંપનીને લાગુ પડતા નિયમો એક સમાન કરી દેવામાં આવ્યા છે. એનબીએફસી અને ગોલ્ડ ફાઈનાન્સ કંપની વ્યાજના દર પણ ઊંચા લે છે અને તેના ઉપરાંત હિડન કોસ્ટ પણ લગાડે છે. કેટલાક શાહુકારો કે પ્રાઈવેટ ફાઈનાન્સર ફ્લેટરેટથી પણ ગોલ્ડ લોન આપે છે. બીજું હપ્તા ચૂકવવાની શરતે લોન લે અને વચ્ચે એકાદ હપ્તો ચૂકી જાય તો લોન લીધી તે દિવસથી જેટલા દિવસ વીતિ ગયા હોય ત્યાં સુધીના ગાળા માટે વધારાનું ચાર ટકા વ્યાજ માગી લે છે. આમ છ મહિના નિયમિત લોન ચૂકવ્યા બાદ સાતમે મહિને ડિફોલ્ટ થાય તો અગાઉના છ મહિનાના પૈસા ભરાયા હોય તો પણ ચાર ટકા વધારાનું વ્યાજ લઈ લેવામાં આવે છે. આ હિડન કોસ્ટની ગોલ્ડ લોન લેનારાઓને ખબર હોતી જ નથી. આ હિડન કોસ્ટનું ઉદાહરણ ગોલ્ડ લોનને બહુ જ મોંઘી બનાવી શકે છે. લોન એગ્રીમેન્ટની લાઈને લાઈન વાંચનારા બહુ જ ઓછા લોકો હોય છે. તેનો ગેરલાભ ખાનગી ફાઈનાન્સ કંપનીઓ ઊઠાવે છે. ગોલ્ડ લોન માટેના એગ્રીમેન્ટ તો દરેક સંસ્થા લોન લેનાર સાથે કરે જ છે.


PLATINUM JUBILEE
75
SINCE 1946
MANIAR
SINCE 1946
MANIAR®
You Name It We Shape It
Equipment to Empower
A Global Tomorrow
Liquid / Solid Waste Handling Equipment
Truck mounted Cranes
Hydraulic Aerial Work Platforms
Nr. Ajit Mills Complex, Maniar Trailer Road,
Rakhial, Ahmedabad - 380 023. Gujarat, India.
Mob : 9825012223 / 9909991010
Phone : +91-79-2291 1636 / 2291 0405 Fax : 079-2291 1373
Email : cleancity@gmail.com, mkt@maniar.com
Web : www.maniar.com
TÜV SÜD
ISO 9001 : 2015

Reliance
New Energy Ltd

# WE CARE

About creating a cleaner planet
for a secure future



# torrent GROUP

Focused on Healthcare, Power and Gas –
necessities without which modern life is unimaginable.



torrent PHARMA | torrent POWER | torrent GAS